COPIOUS NOTES ON

THE NEW ROYAL READERS, NO. 1.

Grammatical explanations, with pronunciations of all the words in Gujarati, as well as Gujarati meanings, together with a Gujarati translation of the whole book; giving the pupil every facility and all that is required to go smoothly through the text

ન્યુ રોયલ રીડર્સ, નં. ૧ ના મીનીંગ

જેમાં વિદ્યાર્થીઓને પુરેપુરી સવગતા મળે એવી રીતે નાગા બોલોનું અંગ્રેજી વ્યાકરણ ભેદ, ગુજરાતી ઉચ્ચાર, ગુજરાતી અર્થ, તેમજ ગુજરાતીમાં આખી બુકનો તરજુમો આપવામાં આવ્યો છે.

(Registered under Act XXV of 1867)

PUBLISHED & SOLD BY

NANABHAI BEJANJI KARANI,

Book Seller Publisher &c 33, Dhobi Talao, Bombay No. 2

નાનાભાઇ બેજનજી કરાણી

પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, નં. ૩૩, ધોબીતળાવ, મુંબઇ નં. ૨.

કીંમત ૧૨ આના

Printed by V. P. Pendharkar, at the Tutorial Press, 211A, Girgaon Back Road, Bombay No. 4 and Published by Nanabhai Bejanji Karani 33, Dhobi Talao, Bombay No 2.

A GUIDE

TO THE

NEW ROYAL READERS, No. I.

DOG SHAGGIE, (ડૉગ શૅગિ) શૅગિ કુતરો.

A, *ind. a.* (અ) એક.
Little, *a.* (લિટલ) નાની.
Girl, *s.* (ગર્લ) છોકરી.
Had, *v.* (હૅડ) પાસે હતો.
Dog, *s.* (ડૉગ) કુતરો.
Which, *pro.* (ઉવિચ) જે.
Of which, (ઑફ ઉવિચ) જેનો.
Was, *v.* (ઉવૉઝ) હતી.
She, *pro.* (શી) તેણી.
Very, *ad.* (વીરિ) ઘણી.
Fond, *a.* (ફૉન્ડ) શોખીન.
Called, *v.* (કૉલ્ડ) બોલાવતી.
Him, *pro.* (હિમ) તેને.
Gave, *v.* (ગેવ) આપ્યું.
That, *pro.* (ધૅટ) તે.
Name, *s.* (નેમ) નામ.
Because, *con.* (બિકૉઝ) કારણ કે.
He, *pro.* (હી) તે.
Rough, *a.* (રફ) ખબરાયલી.
Shaggy, *a.* (શૅગિ) ગુચ્છાદારવાળની.
Coat, *s.* (કોટ) ઉપરનીચામડીનું ઢાંકણુ.
Look, *s.* (લુક) નજર.
At a look, (ઍટ એ લુક) એકી નજરે.
Or, *con.* (ઑર) અથવા.
Word, *s.* (ઉવર્ડ) શબ્દ; બોલ.
From, *pre.* (ફ્રૉમ) થી; માંથી.
His, *pro.* (હિઝ) તેની.

Mistress, *s.* (મિસ્ટ્રેસ) શેઠાણી.
He, *pro* (હી) તે.
Ran, *v.* (રૅન) દોડી જતો હતો.
Do, *v.* (ડૂ) કરવું
Her, *pro.* (હર) તેણીનો.
Bidding, *s.* (બિડિંગ) હુકમ.
Never, *ad.* (નેવર) કદી નહીં.
Be, *v.* (બી) થવું.
He had never to be told, (હી હૅડ નેવર ટુ બી ટોલ્ડ) તેને કહેવું પડતું ન હતું.
Second, *a* (સેકન્ડ) બીજી.
Time, *s.* (ટાઇમ) વખત; વેળા.
Good, *a.* (ગુડ) ભલો.
And, *con.* (ઍન્ડ) અને.
Taught, *v.* (ટૉટ) શિખવ્યો.
Him, *pro.* (હિમ) તેને.
How, *ad.* (હાઉ) કેમ. [કરવું.
How to do, (હાઉ ટુ ડુ) કેમ
A great many, (એગ્રેટમૅનિ) ઘણાં.
Tricks, *s.* (ટ્રિક્સ) ચાળા; ખેલ.
Let tell, *v.* (લેટ ટેલ) કહેવા દેવો.
Me, *pro.* (મી) મને.
You, *pro.* (યૂ) તમને
Them, *pro.* (ધેમ) તેઓને.
One, *a.* (ઉવન) એક.
This, *pro.* (ધિસ) આ.

The, *de. a.* (ધી) તે.
Way, *s.* (ઉવે) રીત.
Used, *v.* (યુઝ્ડ) વાપરતી હતી.
Talk, *v.* (ટૉક) વાત કરવી.
When, *ad.* (ઉવ્હેન) જ્યારે.
Bit, *s.* (બિટ) ટુકડો ; કકડો.
Bread, *s.* (બ્રેડ) રોટલી ; પાંઉ.
Bun, *s.* (બન) મીઠી પુરી.
Give, *v.* (ગિવ) આપવું.
Now, *ad.* (નાઉ) હવે, હમણાં.
Sir, *s.* (સર) સાહેબ.
Stand, *v.* (સ્ટૅન્ડ) ઉભા રહો.
Look, *v.* (લુક) જુઓ.
At, *pre.* (ઍટ) તરફ.
Till, *ad.* (ટિલ) જ્યાં સુધી.
I, *pro.* (આઇ) હું.
Call out, *v.* (કૉલ આઉટ) બોલું.
Two, *a.* (ટુ) બે.
Three, *a.* (થ્રી) ત્રણ.
Want, *v.* (ઉવૉન્ટ) જોઇએ.
If, *con.* (ઇફ) જો; અગર.
Move, *v.* (મૂવ) હાલવું. [ના, હાલતો ના
Do not move, (ડૂ નૉટ મૂવ) ખસતો
Say, *v.* (સે) કહેવું, બોલવું.
Then, *ad.* (ધેન) ત્યારે.
Again, *ad.* (અગેન) ફરીથી; પાછો.
It will not do, (ઇટ ઉવિલ નૉટ ડુ) ચાલશે નહિ.
Jump, *v.* (જમ્પ) કુદવું.
For, *pre.* (ફૉર) માટે, સારૂં.

Quite, *ad.* (ક્વાઇટ) તદન.
Still, *a.* (સ્ટિલ) શાંત.
Moved, *v.* (મૂવ્ડ) હાલ્યો.
Heard, *v.* (હર્ડ) સાંભળ્યું.
Up, *ad.* (અપ) ઉપર.
Jumped, *v.* (જમ્પ્ડ) કુદયો.
Got, *v.* (ગૉટ) લીધો.
Girl's, *s.* (ગર્લ્સ) છોકરીના.
Hand, *s.* (હૅન્ડ) હાથ.
Boys, *s.* (બૉય્ઝ) છોકરા.
May learn, *v.* (મે લર્ન) શિખે.
Wait, *v.* (ઉવેટ) થોભવું.
As, *ad.* (ઍઝ) જેમ.
Did, *v.* (ડિડ) કીધું.
Things, *s.* (થિંગ્ઝ) ચીજો.
Are given, *v* (આર ગિવન) અપાય છે.
Learn, *v.* (લર્ન) શિખવું.
Father, *s.* (ફાધર) બાપ.
Mother, *s.* (મધર) મા.
Sister, *s.* (સિસ્ટર) બેહેન.
Brother, *s.* (બ્રધર) ભાઇ.
Aunt, *s.* (આન્ટ) કાકી, મામી, ફોઇ અથવા માસી.
Uncle, *s.* (અંકલ) કાકો, મામો, ફુવો અથવા માસો.
Son, *s.* (સન) દીકરો; છોકરો.
Daughter, *s.* (ડૉટર) દીકરી.
Child, *s.* (ચાઇલ્ડ) છોકરૂં; બચ્ચું.
Children, *s.* (ચીલ્ડ્રન) છોકરાં.

શૅગિ કુતરો

(૧) એક નાની છોકરી પાસે એક કુતરો હતો, જે તેણીને ઘણો ગમતો હતો. તેણી તેને શૅગિ નામથી બોલાવતી હતી. તે નામ તેણીએ તેને આપ્યું

હતું. કારણ કે તેની ઉપરની ચામડી ખબરાયલા ગુચ્છાદાર વાળની હતી. (૨) પોતાની શેઠાણીનાં એક શબ્દ કે ઇશારતથી તે તેણીનો હુકમ બજાવવા દોડતો હતો, તેને બીજી વખત કાંઇ કહેવું પડતું ન હતું. (૩) તે ઘણો સારો કુતરો હતો, અને તેણીએ તેને ઘણીએક રમુજો કેમ કરવી તે શિખવ્યું હતું. હું તમને તે માહેલી એક વિષે કહું છું. (૪) જ્યારે તેણી રોટલી કે પુરીનો એકાદ કકડો શૅગિને આપતી હતી ત્યારે આ પ્રમાણે તેની સાથે વાત કરતી હતી:- (૫) હવે જ્યાં સુધી હું એક, બે, ત્રણ બોલું ત્યાં સુધી સાહેબ (તમે) ઉભા થાઓ અને મારી તરફ જુઓ. જો આ પુરીનો કકડો તમને જોઇતો હોય તો હું એક બોલું, ત્યારે હાલતા ના. (૬) વળી પાછી જ્યારે હું બે કરી બોલું ત્યારે તે લેવા માટે કુદશો તો ચાલશે નહિ. હવે સ્થિર ઉભા રહો, અને મારી તરફ જુઓ: ભલા કુતરા ! ભલા કુતરા :–એક, બે, ત્રણ. (૭) પોતાની શેઠાણીને ત્રણ શબ્દ બોલતાં સાંભળે ત્યાં સુધી શૅગિ હાલતો હતો નહિ, ત્યાર પછી તે કુદતો અને તે નાની છોકરીના હાથમાંથી પુરીનો એક કકડો લેતો હતો. (૮) તે એક ભલો કુતરો હતો. જેમ શૅગિએ કર્યું તેમ પોતાને ચીજો આપવામાં આવે ત્યાંસુધી થોભવાને નાનાં છોકરા અને છોકરીઓએ શૅગિ ઉપરથી ધડો શિખવો.

THE TWO WHITE RABBITS.

(ધી ટૂ ઉવ્હાઇટ રૅબિટસ) બે સફેદ સસલાં

Henry, *s.* (હેન્રી) છોકરાનું નામ.
One, *a.* (ઉવન) એક.
Day, *s* (ડે) દિવસ; દહાડો.
Present, *s.* (પ્રેઝંટ) ભેટ.
White, *a.* (ઉવ્હાઉટ) સફેદ.
Rabbits, *s.* (રૅબિટસ) સસલાં.
Big, *a.* (બિગ) મોટો.
Other, *pro.* (અધર) બીજો.
Were put, *v.* (ઉવૅર પુટ) મુકવામાં આવ્યાં હતાં.
Small, *a.* (સ્મૅાલ) નાનું.
House, *s.* (હાઉસ) ઘર.
Made of, (મેડ ઑાફ) બનાવેલું.
Wood, *s.* (ઉડ) લાકડું.
Know, *v.* (નો) જાણો છો.
Rabbit-house, *s.* (રૅબિટ-હાઉસ) સસલાં રાખવાનું ઘર.
Hutch, *s.* (હચ) સસલાં રાખવાનો દાબડો અથવા ઘર.
Door, *s.* (ડૅાઅર) બારણું.
Left, *v.* (લેફ્ટ) રાખેલું.
Open, *a.* (ઓપન) ઉઘાડું.
Got out, *v.* (ગૅાટ આઉટ) બહાર નિકળી આવ્યાં
Both, *a.* (બોથ) બેઉ, બન્ને.
Garden, *s.* (ગાર્ડન) વાડી.

To look for, *v.* (ટુ લુક ફૉર) શોધવાને. [ચીજ.
Something, **s.** (સમથિંગ) કાંઇ
To eat, *v.* (ટુ ઇટ) ખાવાને.
Basket, **s.** (બાસ્કેટ) ટોપલી.
Full, *a.* (ફુલ) ભરેલી.
Fine, *a.* (ફાઇન) સુંદર.
Fresh, *a.* (ફ્રેશ) તાજાં.
Turnips, **s.** (ટર્નિપ્સ) શલગમ.
Carrots, **s.** (કૅરટસ) ગાજર.
Stood, *v.* (સ્ટૂડ) મુકેલાં હતાં.
A little way off, (એ લિટલ વે ઑફ) થોડે છેટે; દુર.
Began, *v.* (બિગૅન) શરૂ કીધું.
Green, *a.* (ગ્રીન) લીલાં.
Leaves, **s.** (લીવ્ઝ) પાંદડાં.
Here, *ad.* (હીઅર) અહીં.
Sits, *v.* (સિટસ) બેસે છે.
Hind, *a.* (હાઇન્ડ) પાછળા.
Feet, **s.** (ફીટ) પગો.
Reaches, *v.* (રીચીઝ) પુગે છે.
Top, **s.** (ટૉપ) મથાળું.
Pulled, *v.* (પૂલ્ડ) ખેંચી નાખ્યું.
Down, *ad.* (ડાઉન) નીચે.
Pulled down, *v.* (પુલ્ડ ડાઉન) ખેંચી નીચે નાખ્યાં.

Ground, **s.** (ગ્રાઉંડ) જમીન.
For, *con.* (ફૉર) કારણ કે.
Could not have reached, (કુડ નૉટ હૅવ રીચડ) પોહોંચી નહિ શકતે.
Way, **s.** (વે) રીત.
Helped, *v.* (હેલ્પ્ડ) મદદ કીધી.
Just, *ad.* (જસ્ટ) એજ પ્રમાણે.
What, *pro.* (વૉટ) જે, તે.
Boys, **s.** (બૉય્ઝ) છોકરાઓ.
Should do, *v.*(શુડ ડૂ)કરવું જોઇએ.
Meals, **s.** (મીલ્ઝ) ખાણું, ભોજન.
Their, *pro.* (ધેર) તેઓના.
First, *ad.* (ફર્સ્ટ) પહેલાં.
Head, **s.** (હેડ) માથું.
Hair, **s.** (હેર) વાળ.
Eyes, **s.** (આઇઝ) આંખ.
Ears, **s.** (ઇઅર્ઝ) કાન.
Mouth, **s.** (માઉથ) મોઢું.
Tongue, **s.** (ટંગ) જીભ.
Tooth, **s.** (ટૂથ) દાંત.
Teeth, **s.** (ટીથ) દાંતો.
Nose, **s.** (નોઝ) નાક.
Chin, **s.** (ચિન) હડપચી.

બે સફેદ સસલાં.

(૧) નાના હેરીને એક દિવસ બે સફેદ સસલાં ભેટ મળ્યાં. એક સસલું મોટું હતું અને બીજું નાનું હતું. (૨) તેમને લાકડાંનાં બનાવેલાં નાનાં ઘરમાં રાખવામાં આવ્યાં હતાં. સસલાનાં ઘરને શું કહે છે તે તમે જાણો છો ? તેને " હચ " એટલે સસલાં રાખવાનું ઘર કહે છે. (૩) એક દહાડે સસલાં

રાખવાના ઘરનું બારણું ઉઘાડું રહી ગયું હતું, અને સસલાં બહાર નિકળી પડ્યાં. તેઓ બેઉ કાંઇ ખાવાનું શોધવા બાગમા દોડ્યાં. (૪) થોડેક દુર સારાં તાજાં શલગમ અને ગાજરની ભરેલી એક મોટી ટોપલી પડેલી હતી. સસલાં તે ભણી દોડી ગયાં, અને સઘળા લીલાં પાંદડાં ખાવા લાગ્યાં. (૫) આ રહ્યાં, તેઓ ટોપલી આગળ છે! તમે તેમને જુઓ છો? મોટું સસલું પોતાના પાછળા પગપર બેસે છે, અને ટોપલીના મથાળાં સુધી પહોંચે છે. (૬) જુઓ તેણે એક શલગમ નીચે પાડ્યો છે, તે જમીન ઉપર છે, અને નાનાં સસલાંએ પાંદડાં માહેલું એક લીધું છે. (૭) ઠીક થયું કે મોટાં સસલાંએ આ શલગમ નીચે તોડી પાડ્યો, કારણ કે નાના સસલાંથી ટોપલીને મથાળે પ્હોંચી શકાતે નહિ. (૮) આ પ્રમાણે મોટાંએ નાનાં સસલાંને મદદ કરી. છોકરાઓ અને છોકરીઓએ ખાણું ખાતી વખત એજ પ્રમાણે કરવું જોઇએ. તેઓએ પહેલાં નાનાંને મદદ કરવી જોઇએ.

THE MERRY MICE.

(ધિ મેરિ માઇસ) આનંદી ઉંદરો.

Merry, *a.* (મેરિ) આનંદી; રંગિલા.
Mice, **s.** (માઇસ) ઉંદરો.
Stay, *v.* (સ્ટે) રહે છે.
Holes, **s.** (હોલ્ઝ) દરો.
Hide, *v.* (હાઇડ) સંતાઇ રહેછે.
Themselves, *pro.* (થેમસેલ્વ્ઝ) તેઓ પોતે.
By day, *ad.* (બાઇ ડે) દિવસે.
But, *con.* (બટ) પણ.
House, **s.** (હાઉસ) ઘર.
Still, *a.* (સ્ટિલ) શાંત.
At night, (ઍટ નાઇટ) રાત્રે.
Rogues. **s.** (રોગ્ઝ) લુચ્ચાઓ.
Come out, *v.* (કમ્ આઉટ) બહાર-આવે છે.
Play, *v.* (પ્લે) રમવું.
Climb, *v.* (કલાઇમ્બ) ચઢે છે.
Pantry, **s.** (પૅન્ટ્રિ) ખોરાકી ભરી રાખવાનો ઓરડો.
Shelf, **s.** (શેલ્ફ) અભરાઇ, છાજલી.
Pantry shelf, **s.** (પૅન્ટ્રિ શેલ્ફ) ખાવાનું ભરી મુકવાના ઓરડાની અભરાઇ.
Taste, *v.* (ટેસ્ટ) સ્વાદ લઇને ચાખેછે.
All, *a.* (ઑલ) સઘળું.
Please, *v.* (પ્લીઝ) મરજી થાય છે; [ગમે છે.
Drink, *v.* (ડ્રિંક) પીએ છે.
Milk, **s.** (મીલ્ક) દુધ.
That, *pro.* (ધૅટ) જે.
Is set. *v.* (ઇઝ સેટ) મુકેલું હોયછે.
That's set, (ધૅટસ સેટ) જે મુકેલું હોય છે.
Cream, **s.** (ક્રીમ) મલાઇ.
Nibble, *v.* (નિબ્લ) કરડી ખાય છે.
Bread, **s.** (બ્રેડ) રોટલી.
Cheese, **s.** (ચીઝ) પનીર.
Chance, *v.* (ચાન્સ) દૈવજોગે બનવું
Chance to hear, (ચાન્સ ટુ હીઅર) ભોગ જોગે સાંભળે.
To hear, *v.* (ટુ હીઅર) સાંભળવું.

Cat, s. (કૅટ) બિલાડી. [ખાની.
Feast, s. (ફીસ્ટ) ખાનીપીની, મેજ-
Soon, *ad*. (સૂન) જલદી.
Will soon be done, (ઉવિલ સૂન બી ડન) જલદી પુરૂં થશે.
Scamper, *v*. (સ્કૅમ્પર) ઉતાવળથી વેગે નાહાસી જાય છે.
As fast as, (ઍઝ ફાસ્ટ ઍઝ) જેટલી બને તેટલી ઝડપથી.
Neck, s. (નેક) ગરદન.
Throat, s. (થ્રોટ) ગળું; ઘાંટી.
Breast, s. (બ્રેસ્ટ) છાતી.
Shoulder, s. (શોલ્ડર) ખભું.
Back, s. (બૅક) પીઠ.
Chest, s. (ચેસ્ટ) છાતી.
Skin, s. (સ્કિન) ચામડી.
Bone, s. (બોન) હાડકું.
Nail, s. (નેલ) નખ.
Joint, s. (જૉઇન્ટ) સાંધો.

રંગિલા ઉંદરો.

(૧) રંગીલા ઉંદરો પોતાના દરોમાં રહે છે, અને દિવસે તેઓ પોતે સંતાઇ બેસે છે, પણ જ્યારે રાત્રે ઘર શાંત હોય છે, ત્યારે તે લુચ્ચાઓ રમવાને બહાર નિકળે છે. (૨) તેઓ ખોરાક ભરી મુકવાની ઓરડામાંની અભરાઇ ઉપર ચહડે છે, અને પોતાને જે સઘળું ભાવે તે ચાખે છે; મલાહી માટે જે દુધ મુકેલું હોય છે તે તેઓ પી જાય છે, અને રોટલો અને પનીર કરડી ખાય છે. (૩) પણ જો તેઓ ભોગજોગે બિલાડીનો અવાજ સાંભળે તો તેમની મેજબાનીનો અંત જલદી આવી જાય છે; તેઓ સંતાઇ જવાને પોતાથી બને તેટલી ઝડપથી વેગે નાહાસી જાય છે.

LILY AND HER PET LAMB.

(લિલિ ઍન્ડ હર પૅટ લૅમ્બ) લિલિ અને તેનું લાડકું મેંઢાનું બચ્ચું.

Lily, *s*. (લિલિ) લિલિ નામની છોકરી.
Has, *s*. (હૅઝ) પાસે છે.
Pet, *a*. (પેટ) માનીતું, લાડકું.
Lamb, s. (લૅમ્બ) મેંઢાનું બચ્ચું.
Which is all her own, જે સઘળું તેણીનું પોતાનુંજ છે.
Father, s. (ફાધર) બાપ.
Very, *ad*. (વેરિ) ઘણું.
Kind, *a*. (કાઇંડ માયાળુ. [જાયછે.
Goes out, *v*. (ગોઝ આઉટ) બહાર
Sure, *a*. (સ્યુઅર) ખચ્ચીત.
Follow, *v*. (ફૉલો) પછવાડે જવું.
Called, *v*. (કૉલ્ડ) બોલાવતી.
Knows, *v*. (નોઝ) જાણે છે.

Runs, *v.* (રન્ઝ) દોડે છે.
Race, *s.* (રેસ) સરત.
Comes, *v.* (કમ્ઝ) આવે છે.
School, *s.* (સ્કૂલ) નિશાળ.
From, *pre.* (ફ્રૉમ) માંથી.
Had been away, (હૅડ બીન અવે) બહાર ગઇ હતી.
Once, *ad.* (ઉવન્સ) એક વખત.
For, *pre.* (ફૉર) સુધી.
Some, *a.* (સમ) કેટલાંક.
Weeks, *s.* (ઉવીક્સ) અઠવાડિયાં.
While, *ad.* (ઉવ્હાઇલ) જ્યારે.
Put, *v.* (પુટ) મુકયું.
Field, *s.* (ફીલ્ડ) ખેતર.
Feed, *v.* (ફીડ) ચરવા.
Went, *v.* (ઉવેન્ટ) ગઇ.
Home, *s.* (હોમ) ઘર.
Again, *ad.* (અગેન) ફરીથી.
Almost, *ad.* (ઑલમોસ્ટ) ઘણીખરી.
First, *a.* (ફર્સ્ટ) પેહેલી.
Did, *v.* (ડિડ) કીધી.
Pet, *s.* (પેટ) લાડકવાયું પ્રાણી.
As, *ad.* (ઍઝ) તેથી.
Yard, *s.* (યાર્ડ) વાડો, ચોક.
Ran, *v.* (રૅન) દોડી ગઇ.
Ask, *v.* (આસ્ક) પુછવું.
At, *pre.* (ઍટ) ભણી, તરફ.
End, *s.* (ઍન્ડ) છેડો.
Said, *v.* (સેડ) કહ્યું.
Lane, *s.* (લેન) ગલી.
Was away, *v.* (ઉવૉઝ અવે) બહાર ગઇ હતી.

Knew, *v.* (ન્યૂ) ઓળખતું હતું.
Cried, *v.* (ક્રાઇડ) બુમ પાડી, બોલી.
Moment, *s.* (મોમેન્ટ) પળ.
Began, *v.* (બીગૅન) શરૂ કીધું.
Jump, *v.* (જમ્પ) કુદવું.
Grown, *v.* (ગ્રોન) વધેલું.
Bigger, *a.* (બિગર) વધારે મોટું.
Had forgotten, *v.* (હૅડ ફર્ગૉટન) ભુલી ગયલું હતું.
Reached, *v.* (રીચ્ડ) પોહોંચી, આગળ ગઇ.
Full of joy, (ફુલ ઑફ જૉય) ખુશી ભરેલું
Laid, *v.* (લેડ) મુકયું.
Shoulder, *s.* (શોલ્ડર) ખભું.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી.
At once, *ad.* (ઍટ ઉવન્સ) એકદમ.
Put, *v.* (પુટ) મુકયા.
Arms, *s.* (આર્મ્ઝ) હાથો.
Round, *pre.* (રાઉંડ) આસપાસ.
Neck, *s.* (નેક) ગરદન.
Picture, *s.* (પિકચર) ચિત્ર, છબી.
None, *pre.* (નન) કોઇ નહિ. [દે.
Would let go, *v.* (ઉડ લેટ ગો) જવા-
Near, *pre.* (નીઅર) નજદીક.
Better, *a.* (બેટર) વધારે સારી રીતે.
Afraid, *a.* (અફ્રેડ) બીહીતું, બીધેલું.
Arm, *s.* (આર્મ) હાથ.
Elbow, *s.* (ઍલ્બો) કોણી, કોપરીઉ.
Wrist, *s.* (રિસ્ટ) કાંડું, પોહોંચો.
Hand, *s.* (હૅન્ડ) હાથ.

Finger, s. (ફિંગર) આંગળું.
Thumb, s. (થમ્બ) હાથનો અંગુઠો.
Foot, s. (ફુટ) પગ.
Feet, s. (ફીટ) પગો.
Toe, s. (ટો) પગનો અંગુઠો.
Heel, s. (હીલ) એડી.

લીલી અને તેનું લાડકું મેંઢાનું બચ્ચું.

(૧) લિલિ પાસે એક લાડકું મેંઢાનું બચ્ચું છે જે સઘળું તેણીનું પોતાનુંજ છે, કારણ કે તેણીનાં બાપે તે તેણીને આપ્યું હતું. તેણી તેની ઊપર ઘણી માયાળુ છે; અને જ્યારે તેણી બ્હાર જાય છે, ત્યારે તે મેંઢાનું બચ્ચું બચ્ચીત તેણીની પુઠે જવાનું. (૨) તેણીએ તેને ડેઝિ નામ આપ્યું છે. તે મેંઢાનું બચ્ચું પોતાનું નામ ઓળખે છે, અને જ્યારે લિલિ "ડેઝિ ડેઝિ" કરી બોલાવે છે, ત્યારે તે મેંઢું તેણીની આગળ દોડી જાય છે. જ્યારે લિલિ નિશાળેથી ઘર આવે છે ત્યારે તેઓ ઘણીક સરત દોડે છે. (૩) એક વેળા લિલિ પોતાની મા સાથે કેટલાંક અઠવાડિયાં ઘરથી બહાર ગઈ હતી. જ્યારે તેણી બહાર રહી હતી, ત્યારે ડેઝિને કેટલાંક બીજા મેંઢાં સાથે ખેતરમાં ચરવાને મુક્યું હતું. (૪) જ્યારે લિલિ પાછી ઘરે આવી, ત્યારે ઘણું કરીને પેહેલ વેહેલી ચીજ જે તેણીએ કરી તે તેણીના લાડકાંને શોધવાનું હતું. વાડામાં તેણીએ ડેઝને દીઠું નહીં તેથી તેણી પોતાના બાપને તેણીનાં લાડકાં મેંઢાંના બચ્ચાંને માટે પુછવા દોડી ગઈ. (૫) તેણીના બાપે કહ્યું, "ડેઝિ ગલીને નાકે ખેતરમાં છે." તે મેંઢાનું બચ્ચું તેણીને ઓળખે છે કે નહિ તે જોવા માટે લિલિ ખેતરમાં દોડી. (૬) "ડેઝિ, ડેઝિ," તે નાની છોકરી બોલી; અને એક પળમાં પેલું મેંઢાનું બચ્ચું કુદવા અને તેણીની ભણી દોડવા લાગું. (૭) જ્યારે લિલિ બહાર ગઈ હતી ત્યારે તે ઘણું મોટું થયુ હતું, પણ તે પોતાની નાની શેઠાણીને ભુલી ગયું હતું નહિ. (૮) તે જલદીથી લિલિ આગળ ગયું, અને પૂર ખુશાલીમાં તેને પોતાનું માથું તેણીનાં ખભાં ઊપર મુક્યું, લિલિ પણ ડેઝિને જોઇને તેટલીજ ખુશી થઇ, અને ચિત્રમાં જુઓછો તેમ તેણીએ એકદમ પોતાના હાથ તેની ગરદન ઊપર મુકયા. (૯) ખેતરમાંના બીજાં મેંઢાં માહેલું કોઇ પણ લિલિને પોતાની નજદીક આવવા દેતું નહિ. તેઓ સઘળા તેણીની આગળથી દોડી જતાં; પણ ડેઝિ તેમનાં કરતાં વધારે સમજતું, અને બિહિતું ન હતું.

FAN AND HER PUPS.

(ફૅન ઍન્ડ હુર પપ્સ) ફૅન અને તેણીનાં કુરકુરીયાં

Harry s. (હૅરિ) છોકરાનું નામ.
Shouting, *part.* (શાઉટિંગ) બુમ પાડતો.
Lucy, s. (લુસિ) છોકરીનું નામ.
Brother, s. (બ્રધર) ભાઇ.
Call, *v.* (કૉલ) બોલાવવું.

Went, *v.* (૭વેન્ટ) ગયો.
Took, *v.* (ટૂક) લઇ ગયો.
Across, *pre.* (ઍક્રૉસ) આરપાર.
Stable, **s.** (સ્ટેબ્લ) તબેલો.
Lay, *v.* (લે) પડેલી હતી, સુતેલી હતી.
Straw, **s.** (સ્ટ્રૉ) સુકું ઘાસ.
Four, *a.* (ફોર) ચાર.
Pretty, *a.* (પ્રિટિ) સુંદર.
Black, *a.* (બ્લૅક) કાળા,
Pups, **s.** (પપ્સ) કુરકુરીયાં, કુતરીના બચ્ચાં.
Wanted, *v.* (૭વૉન્ટેડ) માગ્યું.
Take, *v.* (ટેક) લઇ જવું.
Play *v.* (પ્લે) રમવું [લગાડવો.
Touch, *v.* (ટચ) અડકવું, હાથ
Let her touch, (લેટ હર ટચ) અડકવા દે.
Wait, *v.* (૭વેટ) થોભ.
Few, *a.* (ફ્યૂ) થોડા.
Days, **s.** (ડેઝ) દિવસો.
Said, *v.* (સેડ) કહ્યું.
Will be, *v.* (૭વિલ બી) થશે.
Able, *a.* (એબ્લ) શક્તિવાન.
See, *v.* (સી) જોવું.
Blind, *a.* (બ્લાઇંડ) આંધળાં.
Now, *ad.* (નાઉ) હમણાં.
Nine, *a.* (નાઇન) નવ.
Are nine days old, (આર નાઇન ડેઝ ઓલ્ડ) નવ દિવસના થયલાં છે.
As soon as, (ઍઝ સૂન ઍઝ) જેવાંકે તરતજ.
Children, **s.** (ચિલ્ડ્રન) છોકરાં
Running, *part.* (રનિંગ) દોડતું.
Had been walking, (હૅડ બીન ૭વૉકિંગ) ચાલતું હતું.
Among, *pre.* (અમંગ) વચ્ચે, માં.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી.
Mother dog, **s.** (મધર ડૉગ) કુતરી.
Little one, **s.** (લિટલ ૭વન) નાનું બચ્ચું.
Did not like, (ડિડ નૉટ લાઇક) ગમતું ન હતું.
Out of her sight, (આઉટ ઑફ હર સાઇટ) પોતાની નજરથી દુર.
Placing, *part.* (પ્લેસીંગ) મુકીને.
To show, *v.* (ટુ શો) દેખાડવાને.
Every day, (એવરિ ડે) દરરોજ
Without, *pre.* (૭વિધાઉટ) વગર.
Man, **s.** (મૅન) માણસ.
Men, **s.** (મેન) માણસો.
Woman, **s.** (વુમન) સ્ત્રી.
Boy, **s.** (બૉય) છોકરો.
Baby, **s.** (બેબી) બચ્ચું, છોકરૂં.
Babies, **s.** (બેબિઝ) બચ્ચાં, નાનાં છોકરાં.
Cousin, **s.** (કઝિન) પિતરાઇ.
Friend, **s.** (ફ્રેન્ડ) દોસ્તદાર, મિત્ર.

ફૅન અને તેણીનાં કુરકુરિયાં.

(૧) "લુસિ! આવ અને જો ફૅન પાસે શું છે!" એમ બુમ પાડતો હરિ ઘરમાં દોડયો. (૨) પોતાના ભાઇને બોલાવતો સાંભળી લુસિ તેની પાસે

ગઇ. ત્યાર પછી તે તેણીને ચોકમાં થઇને તબેલામાં લઇ ગયો. ત્યાં ફ્રૅન ચાર સુંદર નાનાં કાળાં તથા સફેદ બચ્ચાં સાથ પડેલી હતી. (૩) લુસિએ તેમની સાથ રમવા તેમને ઘરમાં લઇ જવા માંગ્યું. પણ હૅરિએ તેઓમાંનાં એકને પણ તેણીને હાથ લગાડવા દીધો નહિ. (૪) તે બોલ્યો, " થોડા દિવસ થોભ, પછી તેઓ જોઈ શકશે." " શું તેઓ હમણાં આંધળાં છે ? " લુસિએ કહ્યું. સઘળાં કુતરાં નવ દિવસના થાય ત્યાં સુધી આંધળાં રહે છે. તેણીના ભાઇએ કહ્યું. (૫) જેવાં કુરકુરીયાં જોતાં થયાં તેવાંજ હૅરિ અને લુસિ ઘાસનાં પેંડા ઉપર તેઓને જોવાને તબેલા આગળ ગયાં. (૬) જ્યારે તે છોકરાં તબેલામાં ગયાં, ત્યારે તે નાની ચીજે માહેલી એકને પોતાની મા આગળ પાછી દોડી જતાં તેઓએ જોઇ. કુરકુરિઉં ઘાસના પેંડામાં અહીં તહિં ફરતું હતું. (૭) પેલી કુતરી પોતાનાં નાનાં બચ્ચાંને જોઇને ખુશી થઇ, કારણ કે બચ્ચાંને પોતાની નજરથી વેગલું રાખવા તેણીને ગમતું ન હતું. (૮) તેમને એક ટોપલીમાં મુકીને, લુસિ તેમને પોતાની માને દેખાડવા ઘરમાં લઈ ગઇ. (૯) જ્યાંસુધી તે નાનાં કુરકુરીયાં પોતાની મા વગર અહિં તહિં દોડવાને શક્તિવાન થયાં ત્યાં સુધી તે છોકરાં તેઓને જોવા માટે દરરોજ જતાં.

MY NAME. (માઇ નેમ) મારૂં નામ.

Piece, **s.** (પીસ) કકડો.
Garden, **s.** (ગાર્ડન) વાડી, બાગ.
Marked off, *v.* (માર્કેડ ઑફ) નિશાની કરવામાં આવી હતી.
Border, **s.** (બૉર્ડર) કીનારી, હદ, સીમાડો.
Put, *v.* (પુટ) કરી લીધી.
Round, *pre.* (રાઉંડ) ગોલ ફરતી, આસપાસ. [નામ.
George, **s.** (જ્યૉર્જ) છોકરાનું
Was told, *v.* (ઉવૅાઝ ટોલ્ડ) કહ્યું હતું.
Own, *pro.* (ઓન) પોતાની.
Little, *a.* (લિટલ) નાની.
How, *ad.* (હાઉ) કેમ, કેવી રીતે.
People, **s.** (પિપ્લ) લોકો.

Will know, *v.* (ઉવિલ નો) જાણશે.
Mine, *pro.* (માઇન) મારી.
Asked, *v.* (આસ્કડ) પુછ્યું.
Cannot write, *v.* (કૅન નૉટ રાઇટ) લખી શકતો નથી.
Name, **s.** (નેમ) નામ.
Your, *pro.* (યૉર) તમારૂં.
When, *ad.* (ઉવ્હેન) જ્યારે.
Plant, *v.* (પ્લૅન્ટ) રોપવું, વાવવું.
Seeds, **s.** (સીડસ) બીયાં.
Spring, **s.** (સ્પ્રિંગ) વસંત રૂતુ.
Will do, *v.* (ઉાવલ ડુ) કરીશ.
Came, *v.* (કેમ) આવી.
Got, *v.* (ગૉટ) મેળવ્યાં.
Some, *a.* (સમ) કેટલાક.
Showed, *v.* (શોડ) દેખાડ્યું.

Beds, *s.* (બીડ્ઝ) ક્યારા.
Sow, *v.* (સો) વાવવું, રોપવું.
Had been done, (હૅડ બીન ડન) કરવામાં આવ્યું હતું.
Said, *v.* (સેડ) કહ્યું.
Where, *ad.* (હ્વેહેર) ક્યાં.
Here, *ad.* (હીઅર) અહીંઆં.
Would write, (વુડ રાઇટ) લખશો
Taking, *part.* (ટેકિંગ) લઇને.
Stick, *s.* (સ્ટિક) લાકડી.
Making, *part.* (મેકિંગ) કરતાં.
Marks, *s.* (માર્કસ) નીશાનીઓ.
Ground, *s.* (ગ્રાઉંડ) જમીન.
These, *a.* (ધીઝ) આ.
Dropped, *v.* (ડ્રૉપ્ડ) નાંખ્યાં.
After, *ad.* (આફ્ટર) પછી.
Covering, *part.* (કવરિંગ) ઢાંકીને.
Covering them up, (કવરિંગ ધેમ અપ) તેમને (મટોડાંથી) ઢાંકીને.
Left, *v.* (લેફ્ટ) છોડી ગયો.
Grow, *v.* (ગ્રો) ઉગવા.
Left them grow (લેફ્ટ ધેમ ગ્રો) તેને ઉગવા સારૂ મુકી ગયો. [વાને.
To water, (ટુ વૉટર) પાણી સીપ-
Pull up, *v.* (પુલ અપ) ખેંચી કાઢવું
Weeds, *s.* (વીડ્ઝ) નકામા રોપા; ઘાસ બાસ, પાળો.
Could see, *v.* (કુડ સી) જોઇ શક્યો.
After, *ad.* (આફ્ટર) પછી.
Had been, *v*, (હૅડ બીન) ગયો હતો.
Ran, *v.* (રૅન) દોડ્યો.

Saying, *part.* (સેઇંગ) કહેતો.
Think, *v.* (થિંક) વિચાર કરવો.
Found, *v.* (ફાઉંડ) મળી.
So, *ad.* (સો) તેથી.
Nice, *a.* (નાઇસ) સુંદર, મજાના.
Green, *a.* (ગ્રીન) લીલાં.
Letters, *s* (લેટર્ઝ) હરફો, અક્ષરો.
Word, *s.* (વર્ડ) શબ્દ.
Mind, *s.* (માઇંડ) મન.
Like, *pre.* (લાઇક) માફક, મીસાલે.
Which, *pro.* (હ્વિચ) જે.
Seeds were sown, બી રોપ્યાં હતાં.
Day by day, (ડે બાઇ ડે) દિવસે દિવસ, રોજ રોજ.
Lessons, *s.* (લેસન્સ) પાઠ, ધડા.
Learned, *v.* (લર્ન્ડ) શિખ્યો.
Them, *pro.* (ધેમ) તેમને.
Some day, *ad.* (સમ ડે) કોઇ દહાડે
Help, *v.* (હેલ્પ) મદદ કરવી.
Work, *s.* (વર્ક) કામ.
Full, *a.* (ફુલ) ભરેલી.
Tea, *s.* (ટી) ચા.
Coffee, *s.* (કૉફી) કાફી, બુંદ.
Milk, *s.* (મિલ્ક) દુધ.
Cream, *s.* (ક્રીમ) મલાહી.
Butter, *s.* (બટર) માખણ.
Cheese, *s.* (ચીઝ) પનીર.
Salt, *s.* (સૉલ્ટ) મીઠું.
Mustard, *s.* (મસ્ટર્ડ) રાઇ.
Pepper, *s.* (પેપર) મરી.
Ginger, *s.* (જીંજર) આદુ.

મારૂં નામ.

(૧) વાડીના એક કકડાને નિશાણ કરવામાં આવી હતી, અને તેને ફરતી કિનારી કરી લીધી હતી, અને જીઑર્જને એવું કહેવામાં આવ્યું હતું કે તે તેને પોતાને માટે એક નાની વાડી કરવાની હતી. (૨) તેણે કહ્યું, "પણ લોકો કેમ જાણશે કે તે મારી છે? તે ઉપર મારૂં નામ હું લખી શકતો નથી." (૩) તેના બાપે કહ્યું, "તે ઉપર તારૂં નામ હું લખી શકીશ; અને વસંત રૂતુમાં જ્યારે આપણે બિયાં રોપશું ત્યારે હું એ પ્રમાણે કરીશ (લખીશ.)" (૪) વસંત રૂતુ આવી, અને તેનો બાપ થોડાં બિયાં લાવ્યો. પછી તેણે ક્યારો કેમ કરવા તથા તેમાં બિયાં કેમ વાવવાં તે જીઑર્જને દેખાડ્યું. (૫) જ્યારે આ થઈ રહ્યું ત્યારે જીઑર્જ બોલ્યો, "પણ મારૂં નામ, બાપા! મારૂં નામ ક્યાં છે? તમે કહ્યું હતું કે મારી વાડી ઉપર મારૂં નામ તમે લખશો." (૬) હાથમાં એક લાકડી લઈ તથા જમીન ઉપર કાંઇ નિસાણ કરતાં તેનો બાપ બોલ્યો, "હું તે અહિં વાવીશ. (લખીશ.)" (૭) એ નિશાણોની અંદર તેણે કાંઇ બિયાં નાખ્યાં, અને તેમને (મટોડાં) વડે ઢાંક્યાં. પછી તેમને ઉગવા માટે રહેવા દીધાં. (૮) પાણી સિંચવાને માટે તથા જેટલા નકામાં પાળા તેની નજરે પડતા તેટલા ઉખેડી નાખવા માટે તે દરરોજ પોતાની વાડી આગળ જતો હતો. (૯) પણ એક દિવસે, પોતાની વાડીમાં ગયા પછી, "મા, મા! મારી વાડીમાં મેં શું જોયું વારૂં?" એમ બોલતો તે ઘરમાં દોડતો ગયો. (૧૦) તેની મા બોલી કે હું કાંઇ જાણતી નથી. તેથી તેણે તેણીને કહ્યું કે, તે સુંદર લીલા અક્ષરવાળો જીઑર્જ બોલ હતો. (૧૧) પછી તેની માએ તેને કહ્યું કે, તેનું મન એક બાગની માફક છે કે જેમાં દરરોજ બિયાં રોપવામાં આવે છે. (૧૨) તેનાં પાઠ બિયાં હતાં જો તે (પાઠ) તે શિખે તો કોઇ દિવસ તેને પોતાનું કામ કરવાને તે મદદ કરે. જો તે નહિ શિખે તો તેનું મન જંગલી ઘાસથી ભરેલી વાડીનાં જેવું થાય.

GOOD NIGHT. (ગુડ નાઇટ) રાતની સલામ.

Little, *a.* (લિટલ) નાનું
Baby, *s.* (બેબિ) છોકરૂં
Lay, *v.* (લે) મુકો.
Your, *pro.* (યૉર) તમારૂં
Head, *s.* (હેડ) માથું.
Pretty, *a.* (પ્રેટિ) સુંદર.
Cradle-bed, *s.* (ક્રેડલ-બેડ) પાળણું.
Shut, *v.* (શટ) બંધ કરો.
Eyes, *s.* (આઇઝ) આંખો.
For, *con.* (ફૉર) કારણ કે.
Now, *ad.* (નાઉ) હવે.
Day, *s.* (ડે) દિવસ.

Light, s. (લાઇટ) અજવાળું.
Are gone away, v. (આર ગૉન અવે) જતાં રહ્યાં છે.
Clothes, s. (ક્લોથ્ઝ) કપડાં.
Are tucked, v. (આર ટકડ) ઘડી વાળવામાં આવ્યાં છે.
In tight, ad. (ઇન ટાઇટ) ચાંપીને.
Dear, a. (ડીઅર) પ્યારાં.
Yes, ad. (યસ) હા.
Darling, s. (ડારલિંગ) લાડકું, વાહાલું.
Well, a. (ઉવેલ) સારી રીતે.
Know, v. (નો) જાણું છું.
Bitter, a. (બિટર) સખત.
Wind, s. (ઉવિંડ) પવન.
Doth blow, v. (ડથ બ્લો) ફુંકે છે.
Winters, s. (ઉવિન્ટર્સ) શિઆળાના
Hail, s. (હેલ) કરાં.
Rain, s. (રેન) વરસાદ.
Patter, v. પૅટર) સડસડ પડે છે.
Window, s. (ઉવિંડો) બારીના.
Pane, s. (પેન) કાચનો તકતો.
Cannot come, v. (કૅનનૉટ કમ) આવી શકે નહીં.
Here, ad. (હીઅર) અહિંઆં.
Window, s. ઉવિંડો) બારી.
Shut fast, (શટ ફાસ્ટ) મજબુત ઢંકાયલી.
Till, ad. (ટિલ) જ્યાંસુધી.
Stormy, a. (સ્ટૉર્મિ) તોફાની.
Night, s. (નાઇટ) રાત.
Is past, v. (ઇઝ પાસ્ટ) જતી રહે.
Curtains, s. (કર્ટન્ઝ) મછરદાની, કુરતની.
Warm, a. (ઉવૉર્મ) ગરમ.
Are spread, v. (આર સ્પ્રેડ) પાંથરેલી છે, નાખેલી છે.
Round, ad. (રાઉંડ) સઘળી બાજુએ.
About, ad. (અબાઉટ) આસપાસ.
Morning, s. (મૉર્નિંગ) સહવાર.
Shineth, v. (શાઇનેથ) પ્રકાશે છે.
Bright, ad. (બ્રાઇટ) ચળકાટથી.
Bread, s. (બ્રેડ) રોટલી.
Biscuit, s. (બિસ્કીટ) બીસકોટ.
Loaf, s. (લોફ) રોટલો, પાંઉ.
Cake, s. (કેક) કેક.
Pie, s. (પાઇ) સમોસો.
Pudding, s. (પુડિંગ) પુડિંગ, મલીદો.
Meal, s. (મિલ) ભોજન.
Flour, s. (ફ્લાઉર) આટો.
Sugar, s. (શુગર) ખાંડ.
Treacle, s. (ટ્રીકલ) ગોળ.

રાતની સલામ.

(૧) નાનાં બચ્ચાં, તારાં સુંદર પાળણાંનાં બિછાણાંમાં તારૂં માથું મુક; તારી આંખ બંધ કર, કારણ કે હવે દિવસ અને અજવાળું જતાં રહ્યાં છે. સઘળા કપડાં ચાંપીને ઘડી કરી મુકયા છે, બ્હાલાં બચ્ચાં, રાતની સલામ. (૨) હા, મારાં લાડકવાયાં, હું સારીપેઠે જાણું છું કે સખત પવન કેવી રીતે ફુકે છે;

અને શિઆળાનાં ફરાં અને વરસાદ બારીના કાચના તકતાં ઉપર સડસડ પડે છે; પણ તેઓ અહિંઆં મારા નાનાં વ્હાલા બચ્ચાં આગળ આવી શકતા નથી. (૩) કારણ કે તોફાની રાત પુરી થાય ત્યાં સુધી બારી મજબુત બંધ કરેલી છે; અને તારાં પાલણાનાં બિછાનાની આસપાસ ગરમ કુરતની નાખેલી છે; તેથી ચકચકીત રીતે પ્રકાશતી સહવાર પડે ત્યાંસુધી નાનાં પ્યારાં બચ્ચાં તને રાતની સલામ.

COUNT TEN. (કાઉન્ટ ટેન) દસ ગણો.

Fred, s. (ફ્રેડ) છોકરાનું નામ.
Had got, *v*. (હૅડ ગૉટ) મળી હતી.
New, *a*. (ન્યુ) નવી.
Spade, s. (સ્પેડ) કોદાળી, પાવડો.
From, *pre*. (ફ્રૉમ) પાસેથી.
Aunt, s. (આન્ટ) કાકી.
Sent, *v*. (સેન્ટ) મોકલી.
Small, *a*. (સ્મૉલ) નાની.
Box, s. (બૉકસ) દાબડી.
Seeds, s. (સીડઝ) બીયાં.
As soon as, (ઍઝ સૂન ઍઝ) જેવો.
Went, *v*. (ઉવેન્ટ) ગયો.
Out, *ad*. (આઉટ) બહાર.
Dig, *v*. (ડિગ) ખોદવું.
Own, *pro*. (ઓન) પોતાનો.
Bit, s. (બિટ) કકડો.
Ground, s. (ગ્રાઉંડ) જમીન.
Back, s. (બૅક) પાછળો ભાગ.
House, s. (હાઉસ) ઘર.
Dug, *v*. (ડગ) ખોદયું.
Stood, *v*. (સ્ટૂડ) ઉભી રહી.
Near, *pre*. (નીઅર) નજદીક, પાસે.
Talked, *v*. (ટૉકડ) વાતચીત કીધી.
Held, *v*. (હેલ્ડ) પકડયો હતો.

Hand, s. (હૅન્ડ) હાથ.
As, *ad*. (ઍઝ) જેવી.
By, *pre*. (બાઇ) પાસે.
As Jane stood by Fred, જેવી જેન ફ્રેડની પાસે ઉભી રહી.
Let, *v*. (લેટ) દીધું.
Fall, *v*. (ફૉલ) પડવા.
Lid, s. (લિડ) ઢાંકણું.
Came off, *v*. (કેમ ઑફ) ઉઘડી ગયું.
All, *a*, (ઑલ) સઘળાં.
Fell out, *v*. (ફેલ આઉટ) વેરાઇગયાં.
Poor, *a*. (પૂઅર) ગરીબ.
Good, *a*. (ગૂડ) સારી, ભલી.
Kind, *a*. (કાઇંડ) માયાળુ.
Much, *ad*. (મચ) ઘણી.
Was vexed, *v*. (ઉવૉઝ વેક્સ્ડ) ચિરડાઇ ગઇ હતી.
Said, *v*. (સેડ) કહ્યું.
Speak, *v*. (સ્પીક) બોલવું.
O, *inter*. (ઓ) અરે.
Cried, *v*. (ક્રાઇડ) બોલી.
Why, *ad*. (ઉવ્હાય) શા માટે, કેમ.
Wished, *v*. (ઉવિશ્ડ) ઇચ્છયું, ચાહ્યું.
Wait, *v*. (ઉવેટ) થોભવું.

Could count, *v.* (કુડ કાઉંટ) ગણી શકયો.
Ten, *a.* (ટેન) દસ.
What do you mean, ઉવૉટ ડુ યુ મીન) તું શું કહેવા માગે છે ?
Once, *ad.* (ઉવન્સ) એક વખત.
Told, *v.* (ટાલ્ડ) કહ્યું. [ગાડી.
Before, *ad.* (બીફ્રાર) અગાઉં, અ-
If, *con.* (ઈફ) અગર, જો.
Ever, *ad.* (એવર) કદીબી.
Spoke, *v.* (સ્પોક) બોલ્યો.
Felt, *v.* (ફેલ્ટ) જણાયો.
Angry, *a.* (ઍંગ્રિ) ગુસ્સે.
Often, *ad.* (ઑફન) વારંવાર.
Hasty, *a.* (હેસ્ટિ) ઉતાવળો.
Want, *v.* (ઉવૉન્ટ) માગું છું.
Correct, *v.* (કરેક્ટ) સુધારવા.
Myself, *pro.* (માઇસેલ્ફ) મને પોતાને.
How, *ad.* (હાઉ) કેવો.
Very, *ad.* (વેરિ) ઘણીજ.
Careless, *a.* (કેરલેસ) બેદરકાર.
See, *v.* (સી) જુઓ.
Have picked, *v.* (હૅવ પિક્ડ) વીણી લીધાં છે, ચુંટી લીધાં છે.
Again, *ad.* (અગેન) ફરીથી.
Here, *ad.* (હીઅર) અહિઆં.
Here they are, (હીઅર ધે આર) આ રહ્યાં તે.
Were put, *v.* (ઉવેર પુટ) નાખવામાં આવ્યાં હતાં.
Watch, *v.* (ઉવૉચ) તપાસવું.
Grow up, *v.* (ગ્રો અપ) વધવું, ઉગવું.
Atlast, *ad.* (ઍટલાસ્ટ) છેલ્લે સરવાળે.
Lot, *s.* (લૅાટ) જથ્થો.
Small, *a.* (સ્મૅાલ) નાનાં.
Green, *a.* (ગ્રીન) લીલાં. [ડાઓ.-
Blades, *s.* (બ્લેડ્ઝ) તણખલાં, પાંદ-
Peeped, *v.* (પીપ્ડ) ઉગી નિકલ્યાં.
Above, *pre.* (અબવ) ઉપર.
Soon, *ad.* (સૂન) જલદીથી.
Pretty, *a.* (પ્રીટિ) સુંદર.
Flowers, *s.* (ફ્લાવર્ઝ) ફુલો.
Great, *a.* (ગ્રેટ) મોટી.
Joy, *s.* (જૉય) ખુશી.
Children, *s.* (ચિલ્ડ્રન) બચ્ચાંઓ.
Wool, *s.* (ઉલ) ઉન.
Cotton, *s.* (કૅાટન) રૂ.
Flax, *s.* (ફ્લૅક્સ) સણ.
Silk, *s.* (સિલ્ક) રેશમ.
Satin, *s.* (સૅટિન) સાટીન.
Muslin, *s.* (મઝલિન) મલમલ.
Linen, *s.* (લિનન) સણનું કપડું.
Flannel, *s.* (ફ્લૅનલ) ફલાલીન.
Cloth, *s.* (કલૅાથ) કપડું.
Leather, *s.* (લેધર) ચામડું.

દસ ગણો.

(૧) ફ્રેડને તેની કાકી તરફથી એક નવી કોડાળી મળી હતી. તેણીએ એક દહાડે તેની ઉપર બિયાંની એક નાની દાબડી સાથ તે મોકલી હતી. (૨) જેવા

તે (કોદાળી) તેને મળી તેવોજ તે ઘરના પાછળા ભાગ ઉપરની પોતાની જમીનનો કકડો તે વડે ખોદવા બહાર ગયો. (૩) જેન તેની સાથ ગઇ; અને તે ખોદતો હતો ત્યારે તેણી તેની નજદીક ઉભી રહી તેની સાથ વાત કરવા લાગી. તેણીએ બિયાંની દાબડી પોતાના હાથમાં ઝાલી હતી. (૪) ફ્રેડની પાસે જેન ઉભી રહી, અને વાત કરતી હતી એવામાં તેણીથી બિયાંની દાબડી જમીન ઉપર પડી ગઇ. દાબડીનું ઢાંકણું ઉઘડી ગયું, અને સઘળાં બિયાં બહાર નિકળીને વેરાઇ ગયાં. (૫) બિચારી જેન એક ભલી, માયાળુ છોકરી હતી. તેણી ઘણી ચિરડાઇ ગઇ. અને તે ફ્રેડને કહ્યું. પણ ફ્રેડ તેણીની સાથ બોલ્યો નહિ. (૬) "અરે ફ્રેડ" તેણી બોલી, "તું મારી સાથ કેમ બોલતો નથી? ફ્રેડે કહ્યું કે "જ્યાંસુધી હું દસ ગણી રહું ત્યાંસુધી થોભવાને મેં ઇચ્છયું." (૭) "દસ ગણું!" જેન બોલી, "તું શું કહેવા માગે છે? દસ ગણવાની ઇચ્છા તેં શા માટે કરી?" "અરે" ફ્રેડ બોલ્યો, "જો કદી પણ હું ગુસ્સે થાઉં તો કાંઇ બોલું તે પહેલાં દસ ગણવાને કાકીએ મને એક વેળા કહ્યું હતું. જેન, હું જાણું છું કે હું વારંવાર તારી સાથ ઉતાવળમાં આકળો બનું છું, અને હું પોતાને સુધારવા માગું છું." (૮) "અરે ફ્રેડ, તું કેવો ભલો છે! બિયાંની દાબડી નાખી દેવામાં હું ઘણી બેદરકાર રહી; પણ જો મેં સઘળાં બિયાં પાછાં વિણી લીધાં છે. આ રહ્યાં તે." (૯) બિયાં જમીનમાં નાખવામાં આવ્યાં અને દરરોજ ફ્રેડ અને જેન તેમને ઉગતાં તપાસવાને આવતાં હતાં. આખરે ઝીણા લીલાં તણખલાંનો જથ્થો જમીન ઉપર જરા જરા ઉગતો બહાર દેખાવા લાગો. તેઓ જલદીથી સુંદર ફુલો સહિત મોટાં થયાં, તે જોઇ છોકરાંઓને ઘણી ખુશાલી ઉત્પન્ન થઇ. (૧૦) એક ઉતાવળો શબ્દ બોલો તે પેહેલાં દસ ગણજો, અને હજી તમે ગુસ્સે રહ્યા તો ફરી ગણજો.

A RACE WITH ROVER.

(એ રેસ ઉવિથ રોવર) રોવર કુતરા સાથે સરત.

Now, *ad.* (નાઉ) હવે.
Fair, *a.* (ફેર) રાસ્ત, વાજબી.
Play, *s.* (પ્લે) રમત.
Arthur, *s.* (આર્થર) છોકરાનું નામ.
Let us have fair play, આપણે વાજબી રમત રમીએ.
Are going to run, (આર ગોઇંગ ટુ રન) દોડવાના છીએ.

Race, *s.* (રેસ) સરત.
Must start *v.* (મસ્ટ સ્ટાર્ટ) નિકળવું જોઇએ.
Both, *pro.* (બોથ) બેઉ જન.
Together, *ad.* (ટુગેધર) સાથે.
Gate, *s.* (ગેટ) દરવાજો. [ફળનું ઝાડ.
Apple tree, *s.* (ઍપલ-ટ્રી) શેબ.
Yonder, *ad.* (યોન્ડર) પેલી ગમનું.
End *s.* (એન્ડ) છેડો.

Garden, *s.* (ગાર્ડન) વાડી, બાગ.
Looked up, *v.* (લુકડ અપ) જોયું.
Young, *a.* (યંગ) નાનો, જુવાન.
Master's, *s.* (માસ્ટર્સ) શેઠનો.
Face, *s.* (ફેસ) ચેહેરો, મોહ.
As much as to say, (ઍઝ મચ ઍઝ ટુ સે) એવું કેહેવા માગતો હોયકે.
Are saying, (આર સેઇંગ) કહો છો.
Ready, *a.* (રેડિ) તૈયાર.
Shall be (શૅલ બી) થઇશ.
For, *con.* (ફૉર) કારણ કે.
Had learned, (હૅડ લર્નડ) શિખ્યો હતો.
About, *pre.* (ઍબાઉટ) સારૂં, વાસ્તે.
Starting, *part.* (સ્ટાર્ટિંગ) ઉપડવું.
Away, *ad.* (અવે) ચાલો.
Cried, *v.* (ક્રાઇડ) બુમ પાડી.
Clapping, *part.* (ક્લૅપિંગ) તાલી પાડીને.
Dash along, *v.* (ડૅશ અલૉંગ) આગળ ધશે છે.
How fast, *ad.* (હાઉ ફાસ્ટ) કેવી ઝડપથી.
What, *a.* (ઉવૉટ) કેવી.
Pity, *s.* (પિટિ) દયા, અફસોસની વાત.
Cheer, *s.* (ચીઅર) શાબાસીના પોકાર.
Think, *v.* (થિંક) ધારો છો.
Will win, *v.* (ઉવિલ ઉવિન) જીતશે.
Picture, *s.* (પિક્ચર) છબી; ચિત્ર.
Will keep, *v.* (ઉવિલ કીપ) રહેશે.
So, *ad.* (સો) એમજ.
Can run, *v.* (કૅન રન) દોડી શકે છે.
As fast as Arthur, (ઍઝ ફાસ્ટ ઍઝ આર્થર) આર્થરના જેટલો ઝડપથી.

Keep, *v.* (કીપ) રેહેવું.
His, *pro.* (હિઝ) તેની.
Eye, *s.* (આઇ) નજર.
Too, *ad.* (ટૂ) વળી.
Was over, *v.* (ઉવૉઝ ઓવર) પુરી થઇ છે.
Have beat, *v* (હૅવ બીટ) હરાવ્યો
Must try, *v.* (મસ્ટ ટ્રાઇ) કોશેશ કરવી જોઇએ.
Again, *ad.* (અગેન) ફરીથી.
Always, *ad.* (ઑલ્વેઝ) હમેશાં.
Won, *v.* (ઉવન) જીત્યો.
Every, *a.* (એવરિ) દરેક.
Thing, *s.* (થિંગ) ચીજ.
Whatever, *pro.* (ઉવૉટએવર) જેજે.
Well, *ad.* (ઉવેલ) સારી પેઠે.
Hat, *s.* (હૅટ) ટોપી.
Bonnet, *s.* (બૉનિટ) અગ્રેજ ઓરતો પેહેરે છે તે ટોપી.
Apron, *s.* (એપ્રન) કારીગરો કામ કરતી વેળા પોતાના આંગ ઉપર બાંધે છે તે લુગડું.
Pinafore, *s.* (પિનેફોર) બાધરો.
Shirt, *s.* (શર્ટ) પેહેરણ.
Shawl, *s.* (શૉલ) શાલ.
Coat, *s.* (કોટ) દગલો.
Jacket, *s.* (જૅકિટ) બદીઆન, બંડી.
Shoe, *s.* (શૂ) જોડો, અર્ધો પગન બુટ.
Stocking, *s.* (સ્ટૉકિંગ) મોજાં.

રોવર કુતરા સાથે સરત.

(૧) "હવે, રોવર," આર્થરે કહ્યું, "ચાલો આપણે વાજબી રમત રમીયે. આપણે સરત દોડવાના છીએ અને આપણે બનેએ ભેગા નિકળવું જોઇએ. તે સરત દરવાજા આગળથી તે વાડીને નાકે પેલી તરફ સેબફળનાં ઝાડ સુધી થશે." (૨) રોવરે પોતાના નાના શેઠના મોહો તરફ જોયું, જાણે એવું કેહેવા માંગતો હોય કે, "તમે શું કહો છો તે હું જાણું છું, અને જ્યારે તમે તૈયાર થાઓ ત્યારે હું પણ થઇશ." (૩) કારણ કે આ સરત તેઓ સાથે દોડ્યા તે કાંઇ પેહેલી ન હતી, અને તેથી ઉપડવા વિશે રોવર સઘળું શિખ્યો હતો. (૪) "એક, બે, ત્રણ, અને ચાલો." આર્થર બોલતી વેળા પોતાના હાથના તાબડા પાડતો બોલ્યો, અને તેઓ બાગની સડક ઉપર દોડ્યા. (૫) તેઓ છલંગ મારતા આગળ દોડે છે ત્યારે તમે તેમની તરફ જુઓ! તેઓ કેવા ઝડપથી દોડે છે! કેવી અફસોસની વાત છે કે તેમને શાબાસી આપવાને ત્યાં નાના છોકર મળે નહીં! તેઓ માંહેલો કોણ સરત જીતશે વારૂ? (૬) ચિત્રમાં રોવર આગળ છે, અને તે તેજ પ્રમાણે રહેશે; કારણ કે તે આર્થરના જેટલી ઝડપથી દોડી શકે છે તથા તેની ઉપર પોતાની નજર પણ રાખી શકે છે. (૭) જ્યારે સરત પુરી થઇ ત્યારે આર્થરે કહ્યું, "ભલા કુતરા, તેં મને હમણા હરાવ્યો છે; પણ મારે પાછી કોશેશ કરવી જોઇએ." તેણે પાછી કોશેશ તો કીધી, પણ રોવર હમેશાં સરત જીતતો હતો. (૮) છોકરાઓએ શિખવું જોઇએ કે તેઓ દરેક ચીજ કરી શકે નહિ. પણ જે કાંઇ તેઓ કરે તે સારી પેઠે કરવાને તેઓએ કોશેશ કરવી જોઇએ.

THE LITTLE GROCER.

(ધી લિટલ ગ્રોસર) નાનો ગાંધી.

To play, *v.* (ટૂ પ્લે) રમવાને.
Keeping, *part.* (કીપિંગ) રાખીને.
Grocer's, *s.* (ગ્રોસર્સ) ગાંધીની.
Shop, *s.* (શૉપ) દુકાન.
Will keep, *v.* (ઉવિલ કીપ) રાખીશ.
To buy, *v.* (ટૂ બાઇ) ખરીદ કરવાને.
Sell, *v.* (સેલ) વેચું છું.
House, *s.* (હાઉસ) ઘર.
Chair, *s.* (ચેર) ખુરસી.
Began, *v.* (બીગૅન) શરૂ કીધું.
At once, *ad.* (ઍટ ઉવન્સ) એકદમ.
Laid in, *v.* (લેડ ઇન) મુક્યું.
Stock, *s.* (સ્ટૉક) જથ્થો.
Goods, *s.* (ગુડ્ઝ) માલ.
Sand, *s.* (સૅન્ડ) રેતી.

Was used, *v.* (ઉવૉઝ યુઝ્ડ) વાપરવામાં આવી હતી.
For, *pre.* (ફૉર) બદલે, વાસ્તે.
Coffee, *s.* (કૉફી) બુંદ.
Dry, *a.* (ડ્રાઇ) સુકાં.
Leaves, *s.* (લીવ્ઝ) પાંદડાં.
Tea, *s.* (ટી) ચા.
Stones, *s.* (સ્ટોન્ઝ) પથરા.
Lump, *s.* (લમ્પ) ગાંગડો, કકડો.
Sugar, *s.* (શુગર) શાકર, ખાંડ.
Bits, *s.* (બિટ્સ) કકડા.
Sticks, *s.* (સ્ટિક્સ) લાકડીઓ.
Rolls, *s.* (રોલ્સ) લોંદા.
Butter, *s.* (બટર) માખણ.
They had, (ધે હૅડ) તેઓ પાસે હતા.
Toy scales, *s.* (ટૉય સ્કેલ્ઝ) રમવાનું ત્રાજુ.
Weigh, *v.* (ઉવે) તોલવું.
Ready, *a.* (રેડિ) તૈયાર.
Walked, *v.* (ઉવૉકડ) ચાલી ગઇ.
Other, *a.* (અધર) બીજો.
Back, *ad.* (બૅક) પાછી.
Asked for, *v.* (આસ્કડ ફૉર) માંગ્યું.
Ounce, *s.* (આંઉંસ) અર્ધ ટાંક; આંઉંસ; અઢી રૂપીઆ જેટલું વજન.
Best, *a.* (બેસ્ટ) સૌથી સરસ.
Black, *a.* (બ્લૅક) કાળી.
Do not sell, (ડુ નૉટ સેલ) વેચતી નથી.
Less, *a.* (લેસ) ઓછી.
Than, *con.* (ધૅન) કરતાં.
Four, *a.* (ફોર) ચાર.
At a time, *ad.* (ઍટ એ ટાઇમ) એકકી વખતે.

Will cost, *v.* (ઉવિલ કૉસ્ટ) કિમ્મત પડશે.
Pence, *s.* (પેન્સ) પેન્સ.
Half a pound, (હાફ એ પાઉંડ) અરધો રતલ.
Fresh, *a.* (ફ્રેશ) તાજું.
Paid, *v.* (પેડ) પૈસા આપ્યા.
Out of, *pre.* (આઉટ ઑફ) માંથી.
Bag, *s.* (બૅગ) કોથલી.
Pretty, *a.* (પ્રિટિ) સુંદર.
Shells, *s.* (શેલ્સ) છીપ.
Called, *v.* (કૉલ્ડ) કેહેતી.
Money, *s.* (મનિ) પૈસા.
Had spent, *v.* (હૅડ સ્પેન્ટ) ખરચ્યા હતા.
Kept, *v.* (કેપ્ટ) રાખી.
Her, *pro.* (હર) પોતાની.
Things, *s.* (થિંગ્ઝ) ચીજો.
Had bought, *v.* (હૅડ બૉટ) ખરીદ કીધી હતી.
Needle, *s.* (નીડલ) સોય.
Thread, *s.* (થ્રેડ) દોરો.
String, *s.* (સ્ટ્રિંગ) દોરી.
Button, *s.* (બટન) બુટામ, બટન, બોરિયું.
Eye, *s.* (આઇ) બોરિયું પરોવવાનું નાકું; આંખ.
Hook, *s.* (હૂક) આંકડો.
Braid, *s.* (બ્રેડ) ગુંથેલી દોરી.
Fringe, *s.* (ફ્રિંજ) ઝાલર, કોર.
Thimble, *s.* (થિમ્બલ) અંગોઠી.
Scissors, *s.* (સીઝર્સ) કાતર.

નાનો ગાંધી.

(૧) તાઇનિ અને પૉલી ગાંધીની દુકાન રાખવાની રમત રમવાને બાગમાં ગયાં. "હું દુકાન રાખીશ," તાઇનિ બોલી, "અને તું જે કાંઇ હું વેચું તે ખરીદવાને આવજે." (૨) પૉલિ ખુરશી માટે ઘર તરફ દોડી અને તેઓ રમવા લાગ્યાં. તાઇનિએ પોતાની નાની દુકાન માટે માલનો જથ્થો એકદમ મુક્યો. (૩) બુંદને બદલે રેતી, ચાહને બદલે સુકાં પાંદડાં, શાકરના ગાંગડાને બદલે નાના પથ્થર, અને માખણના લોંદાને બદલે લાકડીના ટુકડા વાપરવામાં આવ્યા. પોતાનો માલ જોખવાને તેઓ પાસે રમકડાંનું ત્રાજું હતું. (૪) જ્યારે સઘળું તૈયાર થયું ત્યારે, પૉલી બાગના બીજા છેડા ભણી ચાલી ગઇ. પછી તેણી પાછી આવી અને એક આંઉંસ સૌથી ઉંચી કાળી ચાહ માંગી. (૫) "નહિ," તાઇનિ બોલી, "એકકી વખત ચાર આંઉંસ કરતાં ઓછી હું વેચતી નથી, અને તેની કિમ્મત ચાર પેન્સ બેસશે." (૬) જેથી પૉલીએ ચાર આંઉંસ સૌથી ઉંચી કાળી ચાહ, ચાર આંઉંસ બુંદ, અર્ધો રતલ તાજું માખણ, અને એક રતલ શાકર માંગી. (૭) ત્યાર પછી તેણીએ એ (ચીજો) માટે સુંદર નાની શીપવાલી (શીપથી ભરેલી) એક કોથળીમાંથી પૈસા કાઢી આપ્યા, જે શીપને તે પોતાના પૈસા કહેતી હતી. (૮) જ્યારે પૉલિ પોતાના સઘળા પૈસા ખરચી રહી ત્યારે જે જીણસો પોતે ખરીદ કરેલી હતી તેની તેણીએ એક દુકાન કાઢી અને તાઇનિ ખરીદ કરવા આવી.

SKIPPING.

(સ્કિપિંગ) કુદવા વિષે.

Look, *v.* (લુક) જુઓ.
How, *ad.* (હાઉ) કેવી રીતે.
Can skip, *v.* (કૅન સ્કિપ) છલંગ મારી શકું છું.
Mary, *s.* (મેરિ) છોકરીનું નામ.
Took up, *v.* (ટૂક અપ) લીધું.
Skipping rope, *s.* (સ્કિપિંગ રોપ) કુદવાનું દોરડું.
Rope, *s.* (રોપ) દોરડું.
Ran out, *v.* (રૅન આઉટ) દોડી.
Yard, *s.* (યાર્ડ) આંગણું, ચોક.
Mother, *s.* (મધર) મા.
Left, *v.* (લૅફ્ટ) છોડી દીધું.
Work, *s.* (ઉવર્ક) કામ.
Stood, *v.* (સ્ટૂડ) ઉભી રહી.
Open, *a.* (ઓપન) ખુલ્લા.
Door, *s.* (ડૉર) બારણું દરવાજો.
Watched, *v.* (ઉવૅાચ્ડ) જોતી હતી.
Little, *a.* (લિટલ) નાની.
Skip, *v.* (સ્કિપ) કુદવું.
Counted, *v.* (કાઉંટેડ) ગણ્યા.
Took, *v.* (ટૂક) લીધું.

Step, *s.* (સ્ટેપ) પગલું.
After, *ad.* (આફ્ટર) પછી.
Twenty, *a.* (ટ્વેન્ટિ) વીસ.
Then, *ad.* (ધેન) ત્યાર પછી.
Cheeks, *s.* (ચીક્સ) ગાલો.
Glow, *s.* (ગ્લો) ચળકતો રંગ, લાલી.
Made, *v.* (મેડ) કીધા. [કરવી જોઇએ.
Must try, *v.* (મસ્ટ ટ્રાઇ) કોશેશ
Again, *ad.* (અગેન) ફરીથી.
Twice, *a.* (ટ્વાઇસ) બેવડા.
Like, *pre.* (લાઇક) માફક.
More, *a.* (મોર) વધારે.
Until, *ad.* (અન્ટિલ) જ્યાં સુધી.
Also, *ad.* (ઑલસો.) વળી.
Do know, *v.* (ડૂ નો) જાણો છો.
How many, (હાઉ મૅનિ) કેટલા.
Twice twenty (ટ્વાઇસ ટ્વેન્ટિ) બે વખત વીસ.
Only, *ad.* (ઓન્લિ) માત્ર.
Tables, *s.* (ટેબલ્ઝ) આંક. [સુધી.
As far as, *ad.* (ઍઝ ફાર ઍઝ)
Seven times, (સેવન ટાઇમ્સ) એક સાતું સાત.
Got, *v.* (ગૉટ) મળ્યું.

Learn, *v.* (લર્ન) શિખવું.
Lesson, *s.* (લેસન) પાઠ.
Too, *ad.* (ટૂ) ઘણો.
Hard, *a.* (હાર્ડ) કઠણ.
Sure, *a.* (સ્યુઅર) ખાતરી ભરેલી.
Another, *s.* (અનઅધર) કોઇ બીજા.
Has done, *v.* (હૅઝ ડન) કીધું છે.
Did try, *v.* (ડિડ ટ્રાઇ) કોશેશ કીધી.
That, *a.* (ધૅટ) તે. [સરવાળે.
At last, *ad.* (ઍટ લાસ્ટ) છેલ્લે
Without, *pre.* (ઉવિધાઉટ) વગર.
Mistake, *s.* (મિસ્ટેક) ભૂલ.
Always, *ad.* (ઑલઉવેઝ) હંમેશ.
Tried, *v.* (ટ્રાઇડ) કોશેશ કીધી.
House, *s.* (હાઉસ) ઘર.
Cottage, *s.* (કૉટેજ) ઝુંપડું.
School, *s.* (સ્કૂલ) નિશાળ.
Church, *s.* (ચર્ચ) દેવળ.
Farm, *s.* (ફાર્મ) ખેતર.
Stable, *s.* (સ્ટેબલ) તબેલો.
Mill, *s.* (મિલ) ઘંટી; કારખાનું.
Shop, *s.* (શૉપ) દુકાન.
Street, *s.* (સ્ટ્રીટ) મોહોલ્લો.
Square, *s.* (સ્કવેર) ચોક, ચોરસ.

કુદવા વિશે.

(૧) મેરિ પોતાનું કુદવાનું દોરડું ઉપાડી લેઇ ચોકમાં દોડી જતાં બોલી, “ જુઓ, હું કેવી કુદી શકું છું !” (૨) તેણીની માએ પોતાનું કામ છોડી દીધું અને ઉંબાડાં બારણાં આગલ ઉભી, અને તેની નાની છોકરી કુદવા લાગી ત્યારે તેણીની તરફ જોતી હતી. (૩) એકેક પગલાં ઉપાડતી વેળાએ મેરિ “ એક, બે, ત્રણ, ચાર, પાંચ, ૭, ” ગણી ગઇ, આખરે તેણીએ વીસ સુધી ગણ્યા.

(૪) ત્યાર પછી તેણી પોતાની મા આગળ દોડી ગઇ, તેણીના ગાલ લાલ થઇ આવ્યા હતા, અને બોલી "મા! મા! મેં વીસ કીધા છે!" (૫) "તારે ફરીથી કોશેશ કરવી જોઇએ, અને બેવડા વીસ કરવા જોઇએ. જ્યારે હું તારી માફક નાની છોકરી હતી, ત્યારે હું એટલા અને વધારે કરી શકતી હતી." તેણીની માએ કહ્યું. (૬) મેરિ બોલી, "તમે કરી શકતાં હતાં? ત્યારે તો હું કરીશ," અને જ્યાં સુધી તેણીબી બેવડા વીસ ગણી શકી ત્યાં સુધી કોશેશ કરવાને તેણી દોડી ગઇ. (૭) બેવડા વીસ તે કેટલા થયા તે તમે જાણો છો? મેરિ જાણતી ન હતી. તેણીને માત્ર બાર છંગ સુધી આંક આવડતા હતા. (૮) જ્યારે તેણીએ 'એક સાતું સાત' ભણવા માંડ્યું, ત્યારે તેણીએ કહ્યું કે એ તો અતિશય અઘરૂં છે, ને મારાથી થાય નહિ. (૯) "ફરીથી તજવીજ કર," તેણીની માએ કહ્યું "જ્યારે હું નાની છોકરી હતી ત્યારે સઘળા આંક હું જાણતી હતી; અને તું કોશેશ કરે તો મારી ખાતરી છે કે તુંને આવડશે, જે બીજા કોઇએ કરયું છે તે તું કરી શકે." (૧૦) મેરિએ કોશેશ કીધી. જલદીથી તે પાઠ તેણીને આવડયો, અને આખરે જ્યાં સુધી "એક દુ" થી "બારબારાં" સુધી વગર ચુકે ભણી શકી ત્યાં સુધી એક પછી એક (આંક) તે બોલી ગઇ. (૧૧) તે પછી પોતાની મા નાની હતી ત્યારે જે દરેક ચીજ તેણીએ કરી હતી તે કરવાને મેરિ હંમેશાં કોશેશ કરતી હતી.

THE THREE KITTENS. (ધી થ્રી કિટન્સ).

બિલાડીનાં ત્રણ બચ્ચાં.

Kittens, *s.* (કિટન્સ) બિલાડીના બચ્ચાં.
Little, *a.* (લિટલ) નાનાં.
All, *a.* (ઑલ) સઘળાં.
Hearth-rug, *s.* (હાર્થ-રગ) ચુહુલા આગળનો કાથાના દોરડાંનો ગાલીચો.
Fast, *ad.* (ફાસ્ટ) મજબુત, પૂર.
Asleep, *a.* (ઍસ્લીપ) ઉંઘાયલા.
Fast asleep, *a.* (ફાસ્ટ ઍસ્લીપ) ભર ઉંઘમાં.
Old, *a.* (ઓલ્ડ) બુઢી.
Mother, *s.* (મધર) મા.
Snug, *a.* (સ્નગ) સુખદાયક.
As can be, (ઍઝ કૅન બી) જેમ હોઇ શકે તેમ.
Right, *a.* (રાઇટ) બરાબર.
In the midst of, (ઇન ધી મિડસ્ટ ઑફ) વચમાં.
Midst, *s.* (મિડસ્ટ) વચોવચ.
Her, *pro.* (હર) તેણીનાં.
Children, *s.* (ચિલ્ડ્રન) બચ્ચાં.
Three, *a.* (થ્રી) ત્રણ.
Shining, *a.* (શાઇનિંગ) ચળકતી.
Black, *a.* (બ્લૅક) કાળી.
Long, *a.* (લૉંગ) લાંબો.
Gray, *a.* (ગ્રે) કાબરચીત્રું ભુરારંગનું.

Stripe, *s.* (સ્ટ્રાઇપ) પટો.
Top, *s.* (ટૉપ) મથાળું.
Back, *s.* (બૅક) પીઠ.
White, *a.* (ઉવ્હાઇટ) સફેદ.
Ear, *s.* (ઇઅર) કાન.
Toe, *s.* (ટો) અંગુઠો. (પગનો)
Looks, *v.* (લુક્સ) દેખાય છે.
Like, *pre.* (લાઇક) માફક.
Round, *a.* (રાઉંડ) ગોળ.
Ball, *s.* (બૉલ) દડો.
Snow, *s.* (સ્નો) બરફ.
Dear, *a.* (ડીઅર) પ્યારી, વ્હાલી.
Is covered *v.* (ઇઝ કવર્ડ) ઢંકાયલી છે.
Dots, *s.* (ડૉટસ) મિંડા, ટીપકી.
Fur, *s.* (ફર) રૂવાંવાળી.
Coat, *s.* (કોટ) ચામડી.
Spots, *s.* (સ્પૉટસ) ડાઘા.
Yellow, *a.* (યલો) પીળી.
Merry, *a.* (મેરિ) આનંદી; ખુશ.
Blue, *a.* (બ્લૂ) આસમાની રંગનું.
Bright, *a.* (બ્રાઇટ) ચળકતી.
Pretty, *a.* (પ્રેટિ) સુંદર
Wide awake, *a.* (ઉવાઇડ અવેક) પૂરેપૂરાં જાગૃત, તદન જાગતાં.
Tied, *part.* (ટાઇડ) બાંધેલું.
Fast, *ad.* (ફાસ્ટ) મજબુત.
Thread, *s.* (થ્રેડ) દોરો.
Made, *part.* (મેડ) બનાવેલું.
Leather, *s.* (લેધર) ચામડું.
Red, *a.* (રેડ) રાતું.
Rolls away, *v.* (રોલ્ઝ અવે) ગબડે છે.
Run, *v.* (રન) દોડે છે.
While, *ad.* (ઉવ્હાઇલ) જ્યારે.
Mamma, *s.* (મમા) મા.
Sits by, *v.* (સિટસ બાઇ) પાસે બેસે છે.
Laughs, *v.* (લાફ્સ) હસે છે.
Fun, *a.* (ફન) રમુજ.

બિલાડીનાં ત્રણ બચ્ચાં.

(૧) સ્નો ફ્લેક, સ્પૉટિ અને નાનો બો-પીપ એ સર્વ સગડી આગળના કાઠાનાં ગાલીચા ઉપર ભર ઉંઘમાં પડેલાં છે. (૨) ઘરડી મા પુસિ પોતાનાં ત્રણ બચ્ચાંની બરાબર વચમાં બને એટલી સગવડથી બેઠી છે. (૩) ઘરડી મા પુસિ પોતાની પીઠનાં ઉપલા ભાગ ઉપર લાંબા ભૂરા રંગના પટા સહિત ચકચકિત અને કાળી (દેખાય) છે. (૪) સ્નો ફ્લેક પોતાના કાનથી તે પગના અંગોઠા સુધી સફેદ રંગની છે અને તે બરફના ગોળ દડાની માફક દેખાય છે. (૫) વ્હાલું નાનું સ્પૉટિ (કાળા) મિંડાંથી ભરેલું છે તેની સફેદ રૂવાંની ચામડી ઉપર નાનાં કાળાં ધાભાં છે. (૬) નાનો બો-પીપ પીળો અને સફેદ છે. તેની આંખો ખુશ દેખાવની આસમાની રંગની, અને ચળકતી છે. (૭) બો-પીપ, સ્પૉટિ અને સુંદર સ્નો ફ્લેક સઘળાં સગડી આગળના કાઠાના દોરડાંનાં ગાલીચા ઉપર તદન જાગતાં પડ્યાં છે. (૮) બો-પીપની પાસે એક દોરાથી

મજબુત બાંધેલો દડો છે. તે દડો ચામડાનો બનાવેલો પીળો અને રાતો છે. (૯) દડો ગબડે છે, અને પેલાં ત્રણે બચ્ચાં દોડે છે, જ્યારે તેમની મા બેસે છે અને રમત જોઇ હસે છે.

A GAME WITH PUSS.

(એ ગેમ ઉવિથ પુસ) બિલાડી સાથ રમત.

Game, *s.* (ગેમ) રમત, ગમત.
Come, *v.* (કમ) આવ.
Have, *v.* (હૅવ) લે; મેળવ [કર.
Have a game, (હૅવ એ ગેમ) ગમત
Puss, *s.* (પુસ) બિલાડી.
Said, *v.* (સેડ) કહ્યું.
Sister, *s.* (સિસ્ટર) બહેન.
As, *ad.* (ઍઝ) જેવો.
Spoke, *v.* (સ્પોક) બોલ્યો.
Tied, *v.* (ટાઇડ) બાંધ્યો.
Piece, *s.* (પીસ) કકડો.
String, *s.* (સ્ટ્રિંગ) દોરી.
Tassel, *s.* (ટૅસલ) ફુમતું, ઝુમખો.
Held, *v.* (હેલ્ડ) પકડ્યો.
Hand, *s.* (હૅન્ડ) હાથ.
Then, *ad.* (ધેન) ત્યારે.
Went, *v.* (ઉવેન્ટ) ગયાં.
Together, *ad.* (ટૂગેધર) સાથે.
They, *pro.* (ધે) તેઓ.
Look for, *v.* (લુક ફૉર) શોધવું.
Found, *v.* (ફાઉંડ) મળી આવી.
Half, *a.* (હાફ) અર્ધી.
Asleep, *a.* (ઍસ્લીપ) ઉંઘેલી.
Foot-stool, *s.* (ફુટ-સ્ટૂલ) પગ મુકવાનું નાનું આસણીઉં અથવા પાટલો.
Parlour, *s.* (પાર્લર) ઓરડો.
Quietly, *ad.* (કુવાએટલિ) ગુપચુપ.
Placed, *v.* (પ્લેસ્ડ) મુકી.
Near, *pre.* (નીઅર) નજદીક.
Spot, *s.* (સ્પૉટ) જગા.
Where, *ad.* (ઉવ્હેર) જ્યાં.
Lay, *v.* (લે) પડેલી હતી.
Began, *v.* (બીગૅન) શરૂ કીધું.
Draw, *v.* (ડ્રૉ) ખેંચવું.
Slowly, *ad.* (સ્લોલિ) ધીમેથી.
Past her, (પાસ્ટ હર) તેની પાસેથી.
As soon as, (ઍઝ સુન ઍઝ) જેવી.
Move, *v.* (મૂવ) ચાલવું.
Opened, *v.* (ઓપન્ડ) ઉઘાડી.
Fixed, *v.* (ફીક્સ્ડ) ટાંકી.
Them, *pro.* (ધેમ) તેમને.
Half, *a.* (હાફ) અર્ધી.
Arose, *v.* (અરોઝ) ઉઠી.
To watch, *v.* (ટૂ ઉવૉચ) તપાસવાને, જોવાને.
See, *v.* (સી) જુઓ છો.
Picture, *s.* (પિક્ચર) ચિત્ર.
At last, *ad.* (ઍટ લાસ્ટ) છેલ્લે સરવાળે.
Gave, *v.* (ગેવ) આપ્યો. [એકાએક.
Sudden, *a.* (સડન) ઓચીંતો,

Pull, s. (પુલ) આચકો.
To Mary's delight, (ટૂ મેરિઝ ડીલાઇટ) મેરીની ખુશાલી સાથ.
Sprang, v. (સ્પ્રૅંગ) કુદી.
At, pre. (ઍટ) તરફ. [કુદે.
Would spring, v. (ઉડ સ્પ્રિંગ)
Mouse, s. (માઉસ) ઉંદર.
Too, ad. (ટૂ) ઘણીજ. [ઉતાવળી.
Quick, a. (ક્વિક) ઝડપવાળી,
Had been watching, a. (હૅડ બીન ઉવૅાચીંગ) તપાસ કરતો હતો.
Another, a. (અનધર) એક બીજો.
Kept, v. (કેપ્ટ) રાખ્યું.
Out of, pre. (આઉટ ઑફ) માંથી.
Paws, s. (પૉઝ) પંજા.
Fun, s. (ફન) મજાક, રમુજ.
Round and round, pre. (રાઉંડ ઍન્ડ રાઉંડ) ગોળ, આસપાસ.
Room, s. (રૂમ) ઓરડો.
After, ad. (આફ્ટર) પછી.
Made, v. (મેડ) કીધો, માર્યો.

Spring, s. (સ્પ્રિંગ) કુદકો.
Snatched, v. (સ્નૅચ્ડ) છીણવી લીધું.
Made off, v. (મેડ ઑફ) નાશી ગઇ.
Oh, inter. (ઓ) અરે.
What, ad. (ઉવૅાટ) કેવી.
Race, s. (રેસ) સરત.
Sofa, s. (સોફા) કોચ.
Table, s. (ટેબ્લ) મેજ. [પડી.
Jumped up, v. (જમ્પ્ડ અપ) કુદી
Chair, s. (ચેર) ખુરશી.
Caught, v. (કૉટ) પકડ્યું.
Again, ad. (અગેન) ફરીથી.
Beef, s. (બીફ) ગાયનું માંસ.
Mutton, s. (મટન) બકરાનું માંસ
Pork, s. (પોર્ક) ડુક્કરનું માંસ.
Bacon, s.(બેકન) ડુક્કરનું માંસ આથેલું.
Veal, s. (વીલ) વાછરડાનું માંસ.
Lamb, s. (લૅમ્બ) ઘેટું, મેઢાંનું બચ્ચું.
Lard, s. (લાર્ડ) ડુક્કરની ચરબી.
Suet, s. (સુઍટ) જાનવરની ચરબી.
Flesh, s. (ફ્લેશ) માંસ.
Meat, s. (મીટ) માંસ.

બિલાડી સાથ રમત.

(૧) ઉવિલીએ પોતાની બેહેન મેરીને કહ્યું, "ચાલ આવ અને બિલાડી સાથ રમત કર." એમ બોલતાં જે ફુમતું તેણે પોતાના હાથમાં ધર્યું હતું તેની સાથ દોરીનો એક કકડો બાંધ્યો. (૨) ત્યાર પછી તેઓ સાથે બિલાડીને શોધવા ગયાં. તેઓએ તેણીને ઓરડામાંના પગ મુકવાના નાનાં પાટલા ઉપર અરધી ઉંઘમાં પડેલી જોઇ. (૩) જે જગાએ બિલાડી સુતી હતી તે જગા આગળ ઉવિલીએ આસ્તે રહી પેલું ફુમતું મુક્યું, પછી તેણે તેણીની પાસેથી ધીમેથી તે ખેંચવાં માંડ્યું. (૪) જેવું તે હાલવા માંડ્યું એટલે બિલાડીએ

પોતાની આંખ ઉંઘાડી અને તે (ફુમતાં) ની ઉપર ટાંકી, ત્યાર પછી જેમ તમે ચિત્રમાં જુઓ છો તેમ, તે તપાસવાને તેણી અરધી ઉઠી. (૫) છેલ્લે સરવાળે ઉવિલીએ દોરી એકાએક ખેંચી. પછી મેરિની ખુશાલીમાં, જેમ એક ઉંદર ઉપર તરાપ મારે તેમ, પેલી બિલાડીએ પગ ટેકવાના પાટલા ઉપરથી ફુમતાં ઉપર કુદકો માર્યો. (૬) ઉવિલીએ એટલી તો ઝડપ કરી કે તે તેણી ઝુટાવી શકી નહિ. આની તે રાહ જોતો હતો, અને તેથી પેલી દોરીને એક બીજો આંચકો મારીને તેણે તેણીના પંજામાં તે ફુમતું જવા દીધું નહિ, અને તે દૂર દોડી ગયો. (૭) પછી રમુજ શરૂ થઈ, અને છોકરાંઓ પોતાની પુઠે બિલાડી સહિત ઓરડામાં ગોળને ગોળ દોડયાં કીધાં. આખરે બિલાડીએ ફુમતાં ઉપર એક ઓચિંતો કુદકો માર્યો, તે ફુમતું ઉવિલીના હાથમાંથી ઝુટાવી લીધું, અને તે લઈને નહાસી ગઈ. (૮) અરે, કેવી સરત તેણીની પાછળ તેઓ દોડયાં હતાં! તેણી કૉચની નીચે દોડી ગઈ, ત્યાર પછી મેજની નીચે, પણ આખરે તેણી તે (ફુમતાં) સહિત એક ખુરસી ઉપર કુદી બેઠી, અને ઉવિલીએ તે પાછું પકડી લીધું.

THE KETTLE AND ITS FRIENDS.

(ધી કેટલ ઍન્ડ ઇટસ ફ્રેન્ડઝ) કિટલી અને તેના સોબતીઓ.

Kettle, *s.* (કેટલ) કિટલી.
Am, *v.* (ઍમ) છું.
Have seen, *v.* (હૅવ સીન) જોઇ છે.
Often, *ad.* (ઑફ્ન) વારંવાર, વારે ઘડીએ.
Me, *pro.* (મી) મને.
At work, (ઍટ ઉવર્ક) કામ કરતાં.
Boiling, *part.* (બૉઇલિંગ) ઉકાળતાં.
Water, *s.* (ઊવૅાટર) પાણી.
For, *pre.* (ફૉર) માટે, કાજે.
Your, *pro.* (યૉર) તમારા.
Breakfast, *s.* (બ્રેકફાસ્ટ) સહવારનું ખાણું; નાસ્તો.
Dinner, *s.* (ડિનર) બપોરનું ખાણું.
Or, *con.* (ઑર) અથવા.
Tea, *s.* (ટી) ચા.
See, *v.* (સી) જુઓ છો.
Do know, *v.* (ડૂ નો) જાણો છો.
Of what, (ઑફ ઉવૅાટ) શાની.
Am made, *v.* (ઍમ મેડ) બનેલી છું
Will tell, *v.* (ઉવિલ ટેલ) કહીશ.
Iron, *s.* (આયર્ન) લોઢું.
Because, *con.* (બીકૉઝ) કારણ કે.
Can bear, *v.* (કૅન બૅર) ખમી શકે છે.
Great, *a.* (ગ્રેટ) ઘણા.
Heat, *s.* (હીટ) ગરમી, તાપ.

Here, *ad.* (હીઅર) અહિંઆં.
Friend, *s.* (ફ્રેન્ડ) દોસ્ત, સોબતી.
Coffee pot, *s.* (કૉફી પૉટ) કાફી બનાવવાનું વાસણ; કાવાદાની.
No, *ad.* (નો) નહિ.
Then, *ad.* (ધેન) ત્યારે.
Tin, *s.* (ટિન) કલાઇ ચોપડેલું લોઢાનું પાટલું પતરૂં.
Sits, *v.* (સિટસ) બેસે છે.
Beside, *pre.* (બીસાઇડ) પાસે, નજદીક.
Hob, *s.* (હૉબ) ચુલાનો અહોલો.
Pour, *v.* (પૉર) રેડું છું.
Hot, *a.* (હૉટ) ગરમ.
Enough, *ad.* (ઇનફ) પુરતું.
To scald, *v.* (ટૂ સ્કૉલ્ડ) દાઝવાને, બાળી નાખવાને.
Could feel, *v.* (કુડ ફીલ) લાગી શકે.
Only, *ad.* (ઓન્લિ) માત્ર.
Now, *ad.* (નાઉ) હવે.
Family, *s.* (ફૅમિલિ) કુટુંબ.
Without, *pre.* (ઉવિધાઉટ) વગર.
Them, *pro.* (ધેમ) તેમને.
Should be, *v.* (શુડ બી) થાઉં.
So much, (સો મચ) એટલી બધી.
Use, *s.* (યુસ) ખપ, કામ.
As, *ad.* (ઍઝ) જેવી.
In the middle, (ઇન ધી મિડલ) વચમાં.
Tea pot, *s.* (ટી પૉટ) ચા બનાવવાનું વાસણ, ચાદાની.

All, *a.* (ઑલ) સઘળાં.
Around, *pre.* (અરાઉંડ) આસપાસ.
Cups, *s.* (કપ્સ) પ્યાલાં.
Saucers, *s.* (સૉસર્ઝ) રકાબી. [માફક.
Just like, (જસ્ટ લાઇક) બરોબર,
Hen, *s.* (હેન) મરઘી. [બચ્ચાં.
Chickens, *s.* (ચિકન્સ) મરઘીનાં
Two, *a.* (ટૂ) બે.
Greatest, *a.* (ગ્રેટેસ્ટ) સૌથી મોટાં.
Mother, *s.* (મધર) મા.
Does fill, *v.* (ડઝ ફિલ) ભરે છે.
But, *con.* (બટ) પણ.
Gets to work, (ગેટસ ટૂ ઉવર્ક) કામ કરાવે છે.
Have not to do, (હૅવ નૉટ ટૂ ડૂ) કરવાનું હોતું નથી.
Clay, *s.* (કલે) મટોડી. [જોઇએ.
Must bid, *v.* (મસ્ટ બિડ) કહેવી
Good afternoon, (ગૂડ આફ્ટરનૂન) બપોર પછીની સલામ.
Five, *a.* (ફાઇવ) પાંચ.
Pen, *s.* (પેન) કલમ, લેખણ.
Ink, *s.* (ઇંક) સાહી.
Paper, *s.* (પેપર) કાગજ.
Pencil, *s.* (પેન્સિલ) સીસાપેન, સુખડપેન.
Slate, *s.* (સ્લેટ) પથ્થર પાટી.
Book, *s.* (બૂક) ચોપડી.
Desk, *s.* (ડેસ્ક) મેજ.
Form, *s.* (ફૉર્મ) બાંક, બાજટ.
Chalk, *s.* (ચૉક) ચાક, સફેદો.
Board, *s.* (બોર્ડ) પાટીઉ.

કિટલી અને તેના સોબતીઓ.

(૧) હું એક કિટલી છું. તમારા નાસ્તા, બપોરના ખાણા અથવા ચાને વાસ્તે પાણી ઉકાળવા કામે લાગેલી તમે મને વારંવાર દીઠી છે. (૨) તમે મને વારંવાર જુઓ છો, પણ હું શાની બનેલી છું તે તમે જાણો છો? હું તમને કહીશ. હું લોઢાંની બનેલી છું, કારણ કે લોઢું ઘણી ગરમી ખમી શકે છે. (૩) અહીં મારો સોબતી કારીનું વાસણ છે. તે શાનો બનેલો છે તે તમે જાણો છો? નહિ! ત્યારે હું તમને કહીશ. મારો સોબતી કારીનું વાસણ લોઢાંનાં કલાઇ લગાડેલાં પાતળાં પતરાંનો બનેલો છે. (૪) તે ચુલાના અહોલા ઉપર મારી પાસે બેસે છે. જો તેને લાગવાની શક્તિ હોય તો તે દાઝી જાય એટલું ગરમ પાણી વારંવાર હું તેમાં નામું છું. (૫) હવે તમે મારા સોબતીઓના કુટુંબને જોશો. તેઓના વગર હું છું એટલી ઉપયોગી થાઉં નહિ. (૬) તેઓ આ રહ્યાં. એક મરઘી અને તેણીનાં પીલાંની માફક વચોવચમાં તમો ચાદાની જુઓ છો, અને તેની આસપાસ સઘળી ગમથી ફરતાં પ્યાલાં અને રકાબીઓ છે. કારીનું વાસણ અને ચાદાની મારા બે સૌથી મોટા શોબતી છે. તમારી મા વારંવાર મને ભરતી નથી, પણ તેણી એક કે બીજાને મારી સાથ કામ કરવાને લે છે. (૭) જેટલું મારા બે મિત્રને પ્યાલાં ને રકાબી સાથ કામ પડે છે, તેટલું કામ મને પડતું નથી. પણ હું તેમને વારંવાર જોઉં છું. અને જાણું છું કે તેઓ શાના બનેલાં છે. પ્યાલાં અને રકાબીઓ માટીનાં બનેલાં છે. (૮) હવે મારે તમને પાછલા પહોરની સલામ કરવી જોઇએ, કારણ કે પાંચ વાગ્યા છે, અને મારે ચા માટે પાણી ઉકાળવું પડશે.

EDITH'S BIRD BASKETS.

(એડિથ્સ બર્ડ બાસ્કેટ્સ) એડિથની પક્ષીની ટોપલીઓ.

Cold, *a.* (કોલ્ડ) ઠંડો.
Winter, *a.* (વિન્ટર) શિયાળાનો.
Day, *s.* (ડે) દહાડો.
Some, *a.* (સમ) કેટલાંક.
Hungry, *a.* (હંગ્રિ) ભુખ્યાં.
Birds, *s.* (બર્ડ્ઝ) પક્ષીઓ.
Came, *v.* (કેમ) આવ્યાં.
Hopping, *part.* (હૉપિંગ) કુદતાં.
Near, *pre.* (નીઅર) નજદીક.
Window, *s.* (વિન્ડો) બારી.
Little, *a.* (લિટલ) નાની.
Girl, *s.* (ગર્લ) છોકરી.
Called, *part.* (કૉલ્ડ) નામે, કહેવાતી.
Saw, *v.* (સૉ) દીઠું, જોયું.
Opened, *v.* (ઓપંડ) ખોલી, ઉઘાડી.

Threw out, *v.* (થ્રીઉ આઉટ) બહાર નાખ્યાં, ફેંક્યાં.
Crumbs, *s.* (ક્રમ્બ્ઝ) ટુકડા, કકડા, ભુકો.
Bread, *s.* (બ્રેડ) રોટલી.
Flew, *v.* (ફ્લ્યૂ) ઊડી ગયાં.
Soon, *ad.* (સૂન) તરતજ.
Ate, *v.* (એટ) ખાઇ ગયાં.
Next, *a.* (નેક્સ્ટ) બીજે.
Bought, *v.* (બૉટ) ખરીદ કીધાં.
Small, *a.* (સ્મૉલ) નાની.
Gave, *v.* (ગેવ) આપી.
Tiny, *a.* (ટાઇનિ) ઘણી નાની.
Each, *a.* (ઇચ) દરેક.
Bigger, *a.* (બિગર) વધારે મોટું.
Than, *con.* (ધૅન) કરતાં.
Helped, *v.* (હેલ્પ્ડ) મદદ કીધી.
To fill, *v.* (ટૂ ફિલ) ભરવાને.
Seeds, *s.* (સીડ્સ) બીઆં.
Went, *v.* (ઉવેન્ટ) ગઇ.
Hang, *v.* (હૅંગ) લટકાવવું, ટાંગવું.
Branches, *s.* (બ્રૅન્ચીઝ) ડાંખળીઓ.
Tree, *s.* (ટ્રી) ઝાડ.
It was not long, (ઇટ ઉવૉઝ નૉટ લૉંગ) લાંબો વખત નહિ થયો.
Until, *ad.* (અન્ટિલ) જ્યાં સુધી.
Out of, *pre.* (આઉટ ઑફ) માંથી.
While; *ad.* (ઉહ્વાઇલ) જ્યારે.
Stood, *v.* (સ્ટૂડ) ઊભી રહી.
Watching, *part.* (ઉવૉચિંગ) તપાસતી.
Filled, *v.* (ફિલ્ડ) ભરી.
Every day, (એવરિ ડે) દરરોજ.
Through, *pre.* (થ્રુ) માં; સુધી.
Grew, *v.* (ગ્રીઉ) થયાં.
So, *ad.* (સો) એટલાં તો.
Tame, *a.* (ટેમ) હળી ગયલાં.
Would fly, *v.* (ઉડ ફ્લાઇ) ઊડતાં.
Down, *ad.* (ડાઉન) નીચે.
Hop, *v.* (હૉપ) કુદવું.
About, *pre.* (અબાઉટ) આસપાસ.
Feet, *s.* (ફીટ) પગો.
Fear, *s.* (ફીઅર) ધાસ્તી.
Spring, *s.* (સ્પ્રિંગ) વસંત ઋતુ.
Flew away, *v.* (ફ્લ્યૂ અવે) ઊડી ગયાં.
Snow, *s.* (સ્નો) બરફ.
Was off the ground, (ઉવૉઝ ઑફ ધી ગ્રાઉંડ) જમીન પરથી નીકળી ગયું હતું.
Little, *a.* (લિટલ) નાનાં.
Creatures, *s.* (ક્રીચર્ઝ) પ્રાણીઓ.
Could find, *v.* (કુડ ફાઇંડ) મળી શક્યો.
Now, *ad.* (નાઉ) હવે.
Plenty, *s.* (પ્લેન્ટિ) પુષ્કળ, ઘણો.
Food, *s.* (ફૂડ) ખોરાક.
For, *pre.* (ફૉર) માટે, કાજે.
Themselves, *pro.* (ધેમસેલ્વ્ઝ) તેમને પોતાને.
Woods, *s.* (ઉડ્ઝ) જંગલો.
Fields, *s.* (ફીલ્ડ્સ) ખેતરો.
Very, *ad.* (વેરિ) ઘણી.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી.
Had been able, (હૅડ બીન એબલ) શક્તિવાન થઇ હતી.

Long, *a.* (લૉંગ) લાંબો.
Cold, *a.* (કોલ્ડ) ઠંડો.
Took, *v.* (ટૂક) ઉતારી લીધી.
Down, *ad.* (ડાઊન) નીચે.
Took down, *v.* (ટૂક ડાઊન) નીચે ઊતારી લીધી.
Put, *v.* (પુટ) મુકી.
Put them away, તેમને ઊંચી મુકી.
Till, *ad.* (ટિલ) જ્યાંસુધી.
Again, *ad.* (અગેન) ફરીથી.

Dish, *s.* (ડિશ) ઊંડી રકાબી.
Plate, *s.* (પ્લેટ) રકાબી.
Knife, *s.* (નાઇફ) છરી.
Knives, *s.* (નાઇવ્ઝ) છરીઓ.
Fork, *s.* (ફૉર્ક) કાંટો.
Spoon, *s.* (સ્પૂન) ચમચો.
Bowl, *s.* (બોલ) મોટું પ્યાલું, વાતકો.
Basin, *s.* (બેસિન) વાસણ.
Cup, *s.* (કપ) પ્યાલું.
Saucer, *s.* (સૉસર) રકાબી.

એડિથની પક્ષીની ટોપલીઓ.

(૧) શિયાળાના એક થંડા દિવસે કેટલાંક ભુખ્યાં પક્ષીઓ બારીની આગળ કુદતાં કુદતાં આવ્યાં, અને એક નાની છોકરી જેને એડિથ કરી કહેતાં હતાં તેણીએ તેમને જોયાં. (૨) તેણીની માએ બારી ઉઘાડી અને રોટલીના કેટલાક કકડા બહાર નાંખ્યાં. તે ભુખ્યાં પક્ષીઓ તેની આગળ ઉડી આવ્યાં, અને જલદીથી તે સઘળાં ખાઇ ગયાં. (૩) બીજે દહાડે એડિથની માએ ત્રણ નાની ટોપલીઓ ખરીદી અને તે તેણીને આપી. તે ટોપલીઓ ઘણી નાની હતી, દરેક નાનાં પ્યાલાં કરતાં વધારે મોટી ન હતી. (૪) એડિથે તે ટોપલીઓ બિયાં અને રોટલીના કકડાથી ભરવાને મદદ કીધી. ત્યાર પછી તેણી પોતાની માને બારીની આગળનાં એક ઝાડની ડાળી ઉપર તેઓને ટાંગતી જોવાને ગઇ. (૫) ઘણો વખત ગયો નહિ એટલાંમાં તે પક્ષીઓ આવ્યાં અને તે ટોપલીમાંથી ખાઇ ગયાં, કે જે વેળા એડિથ બારી આગળ તેમને જોતી ઉભી રહી. (૬) એડિથ દરરોજ તે ટોપલીઓ ભરતી હતી અને તે પક્ષીઓ આખો શિયાળો તે ઝાડ આગળ આવતાં હતાં. તેઓ એટલાં તો હળી ગયાં હતાં કે તેઓ ઝાડ ઉપરથી નીચે ઉડી આવતાં અને બીક વગર તેણીના પગની આસપાસ કુદતાં હતાં. (૭) આખરે વસંતરુતુ આવી, અને પક્ષીઓ ઉડી ગયાં. જમીન ઉપરથી બરફ જતું રહ્યું હતું, અને તે નાનાં પ્રાણીઓને જંગલો અને ખેતરમાં પોતાને માટે પુષ્કળ ખોરાક હવે મળી શકયો. (૮) લાંબા થંડા શિયાળામાં પક્ષીઓને મદદ કરવાને એડિથ શક્તિવાન થઇ તેથી તેણી ઘણી ખુશી થઇ હતી. (૯) તેણીએ ઝાડ ઉપરથી પેલી ત્રણ નાની ટોપલીઓ નીચે ઉતારી લીધી અને શિયાળો પાછો આવતાં સુધી તેમને ઉંચે મુકી રાખી.

MY TAME OWL.

(માઇ ટેમ આઉલ) મારો પાળેલો ઘુવડ.

Once, *ad.* (ઊવન્સ) એક વખત.
I had, (આઇ હૅડ) મારી પાસે હતું
White, *a.* (ઊવ્હાઇટ) સફેદ.
Tame, *a.* (ટેમ) પાળેલો.
Loved; *v.* (લવ્ડ) ચાહતું હતું.
To be, *v.* (ટૂ બી) હોવાને, થવાને.
To be with me, મારી સાથે રહેવાને
Home, *s.* (હોમ) ઘર, રહેઠાણ.
Not, *ad.* (નૉટ) નહિ.
Far, *ad.* (ફાર) દુર.
House, *s.* (હાઊસ) ઘર.
To pay a visit, (ટુ પે એ વિઝિટ) મુલાકાત લેવાને, મળવાને.
Does love, *v.* (ડઝ લવ) ચાહે છે.
Sun, *s.* (સન) સુરજ, સૂર્ય; આફતાબ
Can see, *v.* (કૅન સી) જોઇ શકે છે.
Best, *ad.* (બેસ્ટ) સૌથી સારી રીતે.
Dusk, *s.* (ડસ્ક) જરા અંધારૂં.
But, *con.* (બટ) પણ.
So, *ad.* (સો) એટલું તો.
Fond, *a.* (ફૉન્ડ) ચહાતું.
Was so fond of me, મને એટલું તો ચહાતું હતું. [વેળાએ.
Day time, *s.* (ડે ટાઇમ) દિવસની
Such, *a.* (સચ) એવી.
Fun, *s.* (ફન) રમુજ, ગમત.
Leave, *v.* (લીવ) છોડવું.
Path, *s.* (પાથ) રસ્તો.
Hop, *v.* (હૉપ) કુદતો કુદતો આવતો.

Did not look, *v.* (ડિડ નૉટ લુક) જોયું નહિ.
Right, *s.* (રાઇટ) જમણી બાજુ.
Left, *s.* (લેફ્ટ) ડાબી બાજુ.
Straight on, (સ્ટ્રેટ ઑન) સીધું, પાધરૂં, આગળ.
Used to give, *v.* (યૂઝડ ટુ ગિવ) આપતો હતો.
Bits, *s.* (બિટસ) કકડા, ટુકડા.
Meat, *s.* (મીટ) માંસ.
Liked, *v.* (લાઇકડ) પસંદ કરતો.
Very much, (વેરિ મચ) ઘણું.
After, *ad.* (આફટર) પછી.
Dinner, *s.* (ડિનર) ખાણું, ભોજન
Hopping, *part.* (હૉપિંગ) કુદતું.
Perch, *v.* (પર્ચ) બેસવું.
Desk, *s.* (ડેસ્ક) મેજ, ઢળતી ટેબલ.
Where, *ad.* (ઉવ્હેર) જ્યાં.
Had been writing. (હૅડ બીન રાઇટિંગ) લખતો હતો.
Would take, *v.* (ઉડ ટેક) લેતો.
Pen, *s.* (પેન) લેખણ.
Claw, *s.* (કલૉ) પંજા.
Peep in, *v.* (પીપ ઇન) ડોકીયાં કરીને જોવું.
Ink, *s.* (ઇંક) સાહી.
As if, *con.* (ઍઝ ઇફ) જાણે કે.
Too, *ad.* (ટુ) વળી. [ચહાતો.
Would like to write, લખવા

Would sit, *v.* (ઉડ સીટ) બેસતો.
There, *ad.* (ધેર) ત્યાં.
Top, *s.* (ટૉપ) મથાળું. [મારવા.
Wink, *v.* (ઉવિંક) આંખના પલકારા
Great, *a.* (ગ્રેટ) ઘણી.
Looked, *v.* (લુકડ) દેખાતો હતો.
So, *ad.* (સો) એટલો.
Very, *ad.* (વેરિ) ઘણુંજ.
Wise, *a.* (ઉવાઇઝ) ડાહયો.
Much, *ad.* (મચ) ઘણોજ.
Wiser, *a.* (ઉવાઇઝર) વધારે ડાહયો.
Than, *con.* (ધેન) કરતાં.
Really, *ad.* (રીઅલિ) ખરેખર.
After a while, (આફટર એ ઉવ્હાઇલ) થોડો વખત પછી.
Out, *ad.* (આઉટ) બહાર.
Lawn, *s.* (લૉન) મેદાન.
Would turn, *v.* (ઉડ ટર્ન) ફરતો
Good bye, *s.* (ગુડ બાઇ) સલામ.
This, *a.* (ધિસ) આ.
Time, *s.* (ટાઇમ) વખત. [હંમેશા.
Always, *ad.* (ઑલઉવેઝ) સદા,
Had, *v.* (હૅડ) હતું, પડતું.
To laugh, *v.* (ટુ લાફ) હસવું.
Saw, *v.* (સૉ) દીઠું.
Chair, *s.* (ચેઅર) ખુરસી.
Table, *s.* (ટેબલ) મેજ, ટેબલ.
Sofa, *s.* (સોફા) કૅાચ.
Stool, *s.* (સ્ટુલ) સ્ટુલ, નાનો બાજઠ, ઇસ્તાન.
Clock, *s.* (કલૅાક) મોટું ઘડીયાળ.
Watch, *s.* (ઉવૅાચ) નાનું ઘડીયાળ, ગજવામાં મુકવાનું ઘડીયાળ.
Glass, *s.* (ગ્લાસ) કાચ.
Picture, *s.* (પિકચર) છબી, ચિત્ર.
Piano, *s.* (પિઆનો) પિઆનો, એક જાતનું વાજીંત્ર. [રંજી.
Carpet, *s.* (કારપેટ) ગાલીચો, સેત-

મારો પાળેલો ઘુવડ.

(૧) એક વખત મારી પાસે એક ઘુવડ, એક સફેદ ઘુવડ હતો. તે ઘણો હળી ગયલો હતો, અને મારી સાથ રહેવાને ચાહતો હતો. એક ઝાડ જે મારા ઘરથી દુર ન હતું તેમાં તેનું ઘર હતું. અને દરરોજ મને મુલાકાત આપવા તે આવતો હતો. (૨) ઘુવડને સુર્ય ગમતો નથી. કારણ કે અંધારામાં તે ઘણું સરસ જોઇ શકે છે, પણ મારો ઘુવડ એટલો તો મને ચહાતો હતો કે તે મને દીવસની વખતે મળવા આવતો હતો. (૩) પોતાનું ઝાડ છોડીને મારાં ઘર તરફને રસ્તે કુદતો કુદતો આવતો તે જોવાની કેવી ગમત લાગતી હતી! (૪) તે જમણી કે ડાબી કોરે જોતો નહિં. પણ મારી આગળ આવી પુગે ત્યાં સુધી સીધો કુદયા કરતો. હું તેને માસના ટુકડા આપતો અને તે તેને ઘણું પસંદ પડતું હતું. (૫) પોતાના બપોરના ભોજન પછી તે કુદતો કુદતો આવતો અને મારી ઢળતી ટેબલ ઉપર જ્યાં હું લખતો હોઉં ત્યાં કુદી બેસતો. તે પોતાના પંજામાં કલમ

પકડતો અને જાણે કે તે લખવાને ચહાતો હોય તેમ સાહી તરફ ડોકયાં કરી જોતો. (૬) ત્યાર પછી તે ત્યાં મેજના મથાળાં ઉપર બેસતો, અને મારી તરફ ફરીફરીથી આંખના પલકારા મારતો–પલકારા, પલકારા, પલકારાજ મારતો ! (૭) તે ઘુવડને બેસીને પલકારા મારતો જોવાને ઘણી ગમત પડતી હતી. તે ઘણું ડહાપણ દેખાડતો–ખરેખર તે હતો તેનાં કરતાં તે ઘણોજ ડાહ્યો દેખાતો હતો. (૮) થોડા વખત પછી, તે મેજ ઉપરથી નીચે કુદી પડતો, અને બહાર મેદાનમાં જતો. ત્યાર પછી તે ફરતો અને ફરીથી મને આંખના પલકારા મારતો, જાણે કે એવું કહેવા માંગતો હોય કે "આ વખતે તો સાહેબજી." (૯) આ સઘળો વખત તે એટલો તો ડાહ્યો જણાતો કે મને હમેશાં હસવું આવતું હતું, અને જે દરેક જન તેને જોતું તેથી હસતું હતું.

PLAYING AT HORSES.

(પ્લેઇંગ ઍટ હૉર્સીસ) ઘોડા દાવ રમવા વિષે.

School, s. (સ્કૂલ) નિશાળ.
Is over, (ઇઝ ઓવર) છુટે છે.
Lessons, s. (લેસન્સ) ધડા, પાઠો.
Are done, v. (આર ડન) પુરાં થયાંછે.
Scamper, s. (સ્કૅમ્પર) ઉતાવળથી નાહાસી જવું તે, ઉતાવળી દોડ.
Harry, s. (હૅરિ) છોકરાનું નામ.
Sam, s. (સૅમ) છોકરાનું નામ.
Children, s. (ચિલ્ડ્રન) છોકરાંઓ.
Run, v. (રન) દોડે છે.
Horses, s. (હૉર્સીસ) ઘોડા.
I'll be, (આઇલ બી) હું થઇશ.
Man, s. (મૅન) હાંકનાર માણસ.
So, ad. (સો) એમ.
Said, v. (સેડ) કહ્યું.
Freddy, (ફ્રેડિ) છોકરાનું નામ.
Youngest, s. (યંગેસ્ટ) સૌથી નાનો.
All, a. (ઑલ) સર્વ, સઘળાઓ.
At once, (ઍટ ઉવન્સ) એકદમ.
Call, s. (કૉલ) તેડું.
Cord, s. (કૉર્ડ) દોરી.
Rein, s. (રેન) લગામ.
Whip, s. (ઉવ્હિપ) ચાબુક.
Had he, (હૅડ હી) તેની પાસે હતો.
Galloped, v. (ગૅલપ્ડ) જોરથી કુદતાં કુદતાં દોડયાં.
When, ad. (ઉવ્હેન) જ્યારે.
Gee, s. (ગી) રમતનો એક બોલ.
Cried, a. (ક્રાઇડ) બુમ પાડી.
Work, s. (ઉવર્ક) કામ.
Think, v.(થિંક) વિચારે છે; ધારેછે
Often, ad. (ઑફન) વારંવાર.
Go, v. (ગો) જાય છે.
Tree, s. (ટ્રી) ઝાડ.
Lane, s. (લેન) ગલી.
Right, ad. (રાઇટ) સીધો, પાધરો.
Through, pre. (થ્રુ) માંથી.
Garden, s. (ગાર્ડન) વાડી, બાગ.
Home, s. (હોમ) ઘર.

ઘોડા દાવ રમવા વિષે.

(૧) જ્યારે નિશાળ છુટે છે અને પાઠ પુરા થાય છે, ત્યારે છોકરાં ઉતાવળથી દુર નાહાશી જવા માટે દોડે છે. "હૅરિ અને સૅમ, અને મેરિ અને ફૅન તમે ઘોડા થજો અને હું હાંકનાર થઇશ." (૨) તેઓ માંહેલાં સર્વથી નાના ફ્રેડિએ એ પ્રમાણે કહ્યું; તેના તેડવાથી સઘળા છોકરાં એકદમ દોડી ગયાં. તેની પાસે લગામ સારૂં દોરી હતી, પણ ચાબુક નહિ હતો; જ્યારે તેણે "ગી!" કરી બુમ પાડી ત્યારે તેઓ જોરથી કુદતાં કુદતાં દોડયાં. (૩) જ્યારે કામ સઘળું પુરૂં થાય છે, ત્યારે ઘોડા દાવ રમવું એ છોકરાંને સૌથી સરસ રમત લાગે છે; વારંવાર તેઓ પાધરા વાડીમાં થઇને ગલીમાંના ઝાડ આગળ જાય છે, અને ઘર તરફ પાછાં આવે છે.

THE LITTLE BOATMAN.

(થી લિટલ બોટમૅન)—નાનો હોડીવાળો.

Boatman, *s.* (બોટમૅન) હોડીવાળો.
Here, *ad.* (હીઅર) અહીંઆં.
Is rowing, *v.* (ઇઝ રોઇંગ) હંકારેછે.
Sister, *s.* (સિસ્ટર) બહેન.
Her, *pro.* (હર) તેણીનો. [નામ.
Annie, *s.* (ઍની) એક છોકરીનું
Across, *pre.* (ઍક્રૉસ) પેલે પાર.
Pond, *s.* (પૉન્ડ) તળાવ.
Feel, *v.* (ફીલ) લાગે છે.
Were making, (ઉવેર મેકિંગ) કરતાં હતાં.
Real, *a.* (રીઅલ) ખરેખરી.
Yoyage, *s.* (વૉયેજ) દરયાઇ સફર.
Fond, *a.* (ફૉન્ડ) શોખીન.
Boating, *s.* (બોટિંગ) મછવામાં ફરવાનો. [પોતાની.
His own, *pro.* (હિઝ ઓન) તેની
Though, *con.* (ધો) જોકે.
Only, *ad.* (ઑન્લિ) માત્ર.

Fellow, *s.* (ફૅલો) માણસ.
Row, *v.* (રો) હલેસા મારવા.
Nicely, *ad.* (નાઇસ્લિ) સુંદર રીતે.
Belongs, *v.* (બીલૉંગ્ઝ) લગતો છે.
Lives, *v.* (લીવ્ઝ) રહે છે.
Who, *pro.* (હૂ) જે.
Cottage, *s.* (કૉટેજ) ઝુપડી.
By the side, (બાઇ ધી સાઇડ) બાજુમાં, પાસે.
Often, *ad.* (ઑફ્ન) વારંવાર.
Sail, *s.* (સેલ) સેહેલ, પ્રવાસ.
Before, *ad.* (બીફોર) અગાઉ.
Could use, *v.* (કુડ યુઝ) વાપરી શકે.
Oar, *s.* (ઓર) હલેસું. [મેળે.
Himself, *pro.* (હિમસેલ્ફ) પોતાની
Then, *ad.* (ધેન) ત્યારે.
Tried, *v.* (ટ્રાઇડ) કોશેશ કીધી.
Small, *a.* (સ્મૉલ) નાનાં.

Got on, *v.* (ગૉટ ઑન) આગળ ચાલ્યો. [સારી રીતે.
Very well, (વેરિ ઉવેલ) ઘણુંજ
Could take, *v.* (કુડ ટેક) લઇ શક્યો.
Each, *a.* (ઇચ) દરેકે.
Hand, *s.* (હૅન્ડ) હાથ.
Move, *v.* (મૂવ) ચલાવે.
By himself, (બાઇ હિમસેલ્ફ) એકલો.
Felt, *v.* (ફેલ્ટ) લાગ્યો.
Like, *pre.* (લાઇક) માફક.
Let me tell, (લેટ મી ટેલ) મને કહેવા દો. [જાય છે.
Are going, *v.* (આર ગોઇંગ.)
Say, *v.* (સે) કહે છે.
That, *con.* (ધૅટ) કે.
China, *s.* (ચાઇના) ચીન દેશ.
Mother, *s.* (મધર) મા.
Tells, *v.* (ટેલ્સ) કહે છે.
Stories, *s.* (સ્ટોરિઝ) વાર્તા.
About, *pre.* (અબાઉટ) વિષે.
Far off, *ad.* (ફાર ઑફ) દુરની.
Lands, *s.* (લૅન્ડઝ) જમીન, દેશો.
Over, *pre.* (ઓવર) ઉપરના.
Sea, *s.* (સી) સમુદ્ર, દરિઓ.
Where, *ad.* (ઉવ્હેર) જ્યાં.
Tea, *s.* (ટી) ચા.
Sugar, *s.* (શુગર) ખાંડ.
Grow, *v.* (ગ્રો) ઉગે છે, થાય છે.
So, *ad.* (સો) જેથી કરીને.
Got into, *v.* (ગૉટ ઇન્ટુ) ગયાં, ઉતરયાં.

Let us play, (લેટ અસ પ્લે) ચાલો આપણે રમીએ.
Bring, *v.* (બ્રિંગ) લાવવું.
Agreed, *v.* (ઍગ્રીડ) કબુલ થયો.
Now, *ad.* (નાઉ) હવે.
Are on their way, (આર ઑન ધેર ઉવે) જવાના રસ્તા ઉપર છે, જાય છે.
Other, *a.* (અધર) બીજી.
Get, *v.* (ગેટ) જઇ પુગે છે.
When they get there, જ્યારે તેઓ ત્યાં જશે.
Will call, *v.* (ઉવિલ કૉલ) કહેશે.
Will pick, *v.* (ઉવિલ પિક) ઉચકી લેશે.
Some, *a.* (સમ) કેટલાંક.
Leaves, *s.* (લિવ્ઝ) પાંદડાં.
What, *a.* (ઉવૉટ) કેવી.
Fun, *s.* (ફન) રમત, રમુજ.
Day, *s.* (ડે) દીવસ, દહાડો.
Another, *a.* (અનધર) એક બીજો.
Arabia, *s.* (અરેબ્યા) અર્બસ્તાનનો મુલક. [કોઇ વખત.
Sometimes, *ad.* (સમટાઇમ્ઝ)
Take, *v.* (ટેક) લે છે.
Trot, *s.* (ટ્રૉટ) કુતરાનું નામ.
Has to sit, (હૅઝ ટુ સિટ) બેસવું પડે છે. [સ્થીર.
Very still, (વેરિ સ્ટિલ) ઘણુંજ
For fear of, (ફૉર ફીઅર ઑફ) ધાસ્તીને લીધે. [ઉંધી વાળવાની.
Upsetting, *part.* (અપસેટિંગ)

Door, s. (ડૉર) બારણું.	Stairs, s. (સ્ટેર્ઝ) દાદર.
Floor, s. (ફ્લોર) પાટીઆંની જમીન.	Shelf, s. (શેલ્ફ) અભરાઇ.
Roof, s. (રૂફ) છાપરૂં.	Shelves, s. (શેલ્વ્ઝ) અભરાઇઓ.
Wall, s. (ઉવૉલ) દીવાલ, ભીંત.	Window, s. (ઉવિંડો) બારી.
Steps, s. (સ્ટેપ્સ) પગથીઆં.	Shutters, s. (શટર્ઝ) બારીનાં ફડકાં.

નાનો હોડીવાળો.

(૧) અહીં એક નાનો હોડીવાલો છે. તે પોતાની બહેન ઍની અને તેણીના કુતરાને તળાવની પેલી પાર હલ્લેસાં મારી હંકારી લઇ જાય છે. છોકરાંઓ જાણે ખરેખરી સફર કરતાં હોય એમ તેઓને લાગે છે. (૨) ઉવિલીને હોડી ચલાવવાનો બહુ શોખ છે, તેની પાસે એક હોડી તેની પોતાની હોય એવું તે ઘણું ઇચ્છે છે. જોકે તે માત્ર એક નાનો છોકરો છે તોપણ તે ઘણી સારી રીતે હલ્લેસાં મારી શકે છે. (૩) તે મછવો તે હોડીવાલાનો છે, જે તળાવની બાજુએ એક નાના સફેદ ઝુંપડામાં રહેછે, ઉવિલીને હલ્લેસું મારતાં આવડ્યું તેની અગાઉ તો ઉવિલી વારંવાર તેની સાથ મછવામાં ફરવા જતો હતો. (૪) ત્યાર પછી તેણે એક હલ્લેસાંથી ચલાવવાને કોશેશ કીધી, અને હલ્લેસાં ઘણાં નાનાં હતાં તેથી ઘણી સારી રીતે ચલાવી શકયો, પણ જ્યારે દરેક હાથમાં અકેકું હલ્લેસું પકડી શકયો, અને પોતે એકલો મછવો ચલાવી શકયો, ત્યારે તે એક ખરેખરો હોડીવાલો હોય તેમ તેણે લાગ્યું. (૫) હવે ઍની અને ઉવિલી પોતાનાં મછવામાં બેસી ક્યાં જાય છે, તે મને તમને કહેવા દો. તેઓ કહેછે કે તેઓ ચીન દેશની સફર કરે છે! (૬) દરીયા ઉપરના દુરના દેશો જ્યાં ચા, ખાંડ અને ળુંદ થાય છે, તે વિષે તેમની મા તેઓ આગળ વારંવાર વારતા કહે છે. (૭) એ રીતે જ્યારે તેઓ મછવામાં બેઠાં ત્યારે ઍની બોલી, "ચાલો આપણે આપણાં દેશમાં થોડીક ચા લઇ આવવા સમુદ્ર ઉપરથી ચીનની સફર કરવાનો દાવ રમીએ." (૮) ઉવિલી કબુલ થયો, અને હવે તેઓ તળાવની બીજી બાજુએ જવાને રસ્તે છે, જ્યારે ત્યાં તેઓ જઇ પુગશે, ત્યારે તેને તેઓ ચીન કહેશે, અને ઍની કેટલાંક પાંદડાં ઉંચકી લેશે અને તેને ચાહ કહેશે. (૯) હોડીથી કેટલી બધી ગમત તેઓને મળે છે. એક દહાડે ચા માટે ચીન તરફ અને બીજે દહાડે ળુંદ માટે અરબસ્તાન તરફ, અને પછી ખાંડ માટે અમેરિકા તરફ જવાની રમત રમે છે. (૧૦) કોઇ વખત તેઓ પોતાના કુતરા ટ્રૉટને પોતાની સાથે લે છે, પણ હોડી ઉંધી વળવાની ધાસ્તીને લીધે તેને ઘણું સ્થીર બેસી રહેવું પડે છે.

THE DOLL'S HOUSE.

(ધી ડૉલ્સ હાઉસ) ઢીંગલીનું ઘર.

Have got, *v.* (હૅવ ગૉટ) મળી છે.
Such, *a.* (સચ) એવી.
Pretty, *a.* (પ્રીટિ) સુંદર, સારી.
Present, s. (પ્રેઝંટ) બક્ષેસ.
Friend, s. (ફ્રેન્ડ) દોસ્ત, સહી.
Had come, *v.* (હૅડ કમ) આવી હતી.
To spend, *v.* (ટુ સ્પેન્ડ) ગુજારવા.
Afternoon, s. (આફ્ટર નૂન) પાછલો પહોર.
What, *inter. pro.* (હ્વૉટ) શું.
Do think, *v.* (ડૂ થિંક) ધારો છો.
House, s. (હાઉસ) ઘર.
Beauty, s. (બ્યુટિ) ખુબસુરતી.
Look, *v.* (લૂક) જુઓ.
This, *pro.* (ધિસ) આ.
Parlour, s. (પાર્લર) ઓરડો.
What, *a.* (હ્વૉટ) કેવી.
Fire place, *s.* (ફાયર પ્લેસ) ચુલો.
It has, (ઇટ હૅઝ) તેને છે.
Fender, s. (ફેન્ડર) એક વાસણ જે અંગારને જમીનપર ગબડતાં અટકાવે છે.
Poker, s. (પોકર) સીક, સલીયો.
Tongs, s. (ટૉંગ્સ) ચીપીઓ.
Shelf, s. (શેલ્ફ) અભરાઇ.
Clock, s. (ક્લૉક) ઘડિઆલ.
In the middle, (ઇન ધી મિડલ) વચમાં.
Room, s. (રૂમ) ઓરડો.
Round, *a.* (રાઉન્ડ) ગોળ.
Six, *a.* (સિક્સ) છ.
Chairs, s. (ચેઅર્ઝ) ખુરસીઓ.
Sofa, s. (સોફા) કૅાચ.
Carpet, s. (કારપેટ) ગાલીચો.
Fit, *a.* (ફિટ) લાયક.
Queen, s. (ક્વીન) રાણી.
Where, *ad.* (હ્વેહેર) જ્યાં.
Doll, s. (ડૉલ) ઢીંગલી.
Might have, *v.* (માઇટ હૅવ) હોય.
Party, s. (પાર્ટિ) મેજબાની.
Funny, *a.* (ફનિ) રમુજી, ઢોંગી.
Again, *ad.* (અગેન) ફરીથી.
Bring, *v.* (બ્રિંગ) લાવવું.
Every thing, (એવરિ થિંગ) દરેક ચીજ.
Turned, *v.* (ટર્ન્ડ) ફર્યાં.
Next, *a.* (નેક્સ્ટ) બીજા.
Bed-room, s. (બેડરૂમ) સુવાને ઓરડો.
Side, s. (સાઇડ) બાજુ.
Bed, *s.* (બેડ) બિછાણું.
Pillows, s. (પિલોઝ) તકીઆ.

Sheets, s. (શીટસ) ચાદર. [કામળ.
Blankets, s. (બ્લૅંકેટસ) ધાબળી,
Top, s. (ટૉપ) મથાળું.
Drawers, s. (ડ્રૉઅર્ઝ) ખાના.
Looking-glass, (લુકીંગગ્લાસ) મોહું જોવાની આરસી. [ખુશી થઈ.
Was pleased, v. (ઉવૉઝ પ્લીઝડ)
Play things, s. (પ્લે થિંગ્ઝ) રમતની ચીજો, રમકડાં.
Fine, a. (ફાઇન) સુંદર.
They had a fine time, તેઓને સારો વખત મળ્યો.
In putting the doll to bed, ઢીંગલીને સુવાડવાને.

Putting, *part.* (પુટિંગ) મુકતાં.
Its own, (ઇટસ ઓન) તેના પોતાના.
Sand, s. (સૅન્ડ) રેતી.
Stone, s. (સ્ટોન) પથ્થર.
Clay, s. (કલે) માટી.
Brick, s. (બ્રિક) ઈંટ.
Wood, s. (ઉડ) લાકડું.
Lime, s. (લાઇમ) ચુનો.
Nail, s. (નેલ) ખીલો.
Screw, s. (સ્ક્રૂ) ઇસકોરું.
Putty, s. (પટિ) લાંબી. (કાચ જડવાની.) [ખલ.
Mortar, s. (મૉર્ટર) ખરચી ચુનો,

ઢીંગલીનું ઘર.

(૧) લુસિએ પોતાની સહી મેરિ કે જે તેણીની સાથ પાછલો પહોર ગુજારવાને આવી હતી તેને કહ્યું. "અરે, મને જેન કાકી તરફથી કેવી સુંદર ભેટ મળી છે." (૨) તે ભેટ તમે શું ધારો છો ? ઢીંગલીનું ઘર ! અરે, કેવી સરસ વસ્તુ ! આવો અને જુઓ ! આ રહ્યું તે–જુઓ ! (૩) આ ઓરડો છે. જુઓની તેમાં ચુલો કેવો સુંદર છે ! સીક અને ચીપીઆ સાથ અંગાર ધરવાનું વાસણ છે, અને અભરાઇ ઉપર એક નાનું વાગતું ઘડીઆળ છે. (૪) અહીં ઓરડાની વચોવચમાં એક સુંદર નાની ગોલ મેજ છે. વળી ત્યાં છ ખુરસીઓ, કાચ, અને ગાલીચો છે. શું તે એક રાણીને બરનું નથી. (૫) અહીં તે ઢીંગલી ઉજાણી ચલાવી શકે, અને પોતાની સહીઓનો મેલાપ કરી શકે. ઢીંગલીનાં ઘરમાં ઢીંગલીની ટોલી કેવી રમુજી દેખાય ! (૬) "જ્યારે તું મને ફરીથી મળવા આવે, ત્યારે તું તારી ઢીંગલી લેતી આવશે ?" મેરિએ કહ્યું કે હા હું તેમ કરીશ; અને તે ઓરડામાની દરેક ચીજ જોઇ રહ્યા પછી તેઓ બીજા ઓરડામાં જોવા ફર્યા. (૭) "સુવાનો ઓરડો આ બાજુએ છે," લુસિએ કહ્યું. "અહીં તકીઆ, ચાદર, અને ધાબળી સાથનું બિછાણું છે. તાણવાના ખનાના મથાળા ઉપર મોહડું જોવાની એક સુંદર આરસી છે." (૮) પોતાની સહીની રમવાની ચીજોથી મેરિ ઘણી ખુશી થઇ હતી, ઢીંગલીને તેના પોતાના ઘરમાં સુવાડવાને તેઓને સારો વખત મળ્યો.

WHAT RAIN IS FOR.

(ઉવૉટ રેન ઇઝ ફૉર) વરસાદ શા માટે છે.

Charley, s. (ચાર્લી) છોકરાનું નામ.
Run, *v.* (રન) દોડ.
As, *ad.* (ઍઝ) જેવા.
Rain, s. (રેન) વરસાદ.
Drops, s. (ડ્રૉપ્સ) છાંટા.
Rain-drops, s. (રેનડ્રૉપ્સ) વરસાદના
  છાંટા.
Began, *v.* (બિગૅન) શરૂ થયા.
Fall, *v.* (ફૉલ) પડવું.
Thick, *a.* (થિક) જાડા.
Fast, *a.* (ફાસ્ટ) જલદીથી, ઝડપથી.
All, *a.* (ઑલ) સઘળા.
Hedge, s. (હેજ) વાડ, ઝાડી.
Crept, *v.* (ક્રેપ્ટ) ભરાતાં ગયાં.
Under, *pre.* (અન્ડર) નીચે.
Bush, s. (બૂશ) ઝાડી.
Held, *v.* (હેલ્ડ) ધર્યો, કાઢયો.
Out, *ad.* (આઉટ) બહાર. [કાઢયો.
Held out, *v.* (હેલ્ડ આઉટ) બહાર
To catch, s. (ટુ કૅચ) પકડવાને,
  ઝીલવાને.
Do not like, (ડુ નૉટ લાઇક) પસંદ
  કરતી નથી. [જોયા.
Watched, *v.* (ઉવૉચ્ડ) તપાસ્યા,
Big, *a.* (બિગ) મોટા.
Fall, *v.* (ફૉલ) પડતા.
Trees, s. (ટ્રીઝ) ઝાડ.
Flowers, s. (ફ્લાઉવર્ઝ) ફૂલો.
Garden, s. (ગાર્ડન) વાડી.

Do know, *v.* (ડુ નો) જાણો છો.
Sister, s. (સિસ્ટર) બહેન.
Shower, s. (શાવર) વરસાદનું ઝાપડું.
Will do, *v.* (ઉવિલ ડુ) કરશે.
Good, s. (ગૂડ) સારૂં, ફાયદો.
So, *ad.* (સો) જેથી કરી.
Glad, *a.* (ગ્લૅડ) ખુશી.
Asked, *v.* (આસ્કડ) પુછયું.
Did think, *v.* (ડિડ થિંક) વિચાર્યું.
Could make, *v.* (કુડ મેક)કરી શકે.
Any one, s. (ઍનિ ઉવન) હરકોઇ.
Never, *ad.* (નેવર) કદી નહિ.
Like, *v.* (લાઇક) ચાહો છો.
Apples, *s.* (ઍપ્લ્ઝ) શેબફળો.
Pears, s. (પેર્ઝ) પેરો.
Plums, s. (પ્લમ્ઝ) આલુ.
Everybody, s. (એવરિ બડિ)
  દરેક જણ.
What have they to do, તેઓને
  શું કામ છે. [કામ.
Something, s. (સમથિંગ) કંઇ
Makes grow, *v.* (મેકસ ગ્રો)ઉગાડે.
How, *ad.* (હાઉ) કેમ, કેવા.
Fresh, *a.* (ફ્રેશ) તાજાં.
How fresh, (હાઉ ફ્રેશ) કેવાં તાજાં.
After, *ad.* (આફ્ટર) પછી.
Sweetly, *ad.* (સ્વીટલિ) મીઠાં,
  મધુર રીતે. [આવે છે.
Smell, *v.* (સ્મેલ) પમરે છે, વાસ

Would die, *v.* (વુડ ડાઇ) કરમાઇ જતે.
Though, *con.* (ધો) જોકે.
Often, *ad.* (ઑફ્‌ન) વારંવાર.
Found, *v.* (ફાઉંડ) જાણુતી, માલમ પડયું.
Kept, *v.* (કેપ્ટ) રાખતી, અટકાવતી.
Playing, *part.* (પ્લેઇંગ) રમતાં.
Yet, *con.* (યટ) તોપણ.
Grumbled, *v.* (ગ્રમ્બ્લ્ડ)બડબડ કરતી
About, *pre.* (અબાઉટ) વિશે.
Say, *v.* (સે) કહે છે.
Pitter patter, (પિટર પૅટર) સડસડ.
Pit pat, (પિટ પૅટ) ટપ ટપ.
Will tell, *v.* (વિલ ટેલ) કહીશ.
Won't let, (વોન્ટ લેટ) નહિ દઇશું.
To-day, *ad.* (ટૂ-ડે) આજે.
Fill, *v.* (ફિલ) ભરીએ છીએ.
Gutters, s. (ગટર્ઝ) ગટરો.
Roll, *v.* (રોલ) ગબડીએ છીએ.
Window-pane, (s.વિંડો પેન) બારીના કાચનો તકતો.
Dance, *v.* (ડૅન્સ) નાચિએ છીયે.
Wall, s. (વૉલ) ભીંત. [કાઢો.
Put out, *v.* (પુટ આઉટ) બહાર
Nose, s. (નોઝ) નાક. [કુદીએ.
Jump upon, *v.*(જમ્પ અપૉન) કુદીએ
Too, *ad.* (ટૂ) વળી.
Fall, *v.* (ફૉલ) પડીએ છીએ.
Nice, *a.* (નાઇસ) સુંદર.
New, *a.* (ન્યૂ) નવા.

Frock, s. (ફ્રૉક) ઝભો, અંગરખો.
Wet, *v.* (વેટ) ભીંજવીએ છીએ.
Through and through, બધેથી તમામ.
Naughty, *a.* (નૉટિ) ખરાબ, દાંડ.
Cross, *a.* (ક્રૉસ) વાંકો, આડો.
Ugly, *a.* (અગ્લિ) બદચેહેરેનો, અદસીકલનો.
Don't stay, (ડોન્ટ સ્ટે) રહેતાં નથી.
Must be, *v.* (મસ્ટ બી) થવું જોઇએ.
Scold, *v.* (સ્કોલ્ડ) ઠપકો આપવો.
God, s. (ગૉડ) ખોદા, ઇશ્વર.
Sends, *v.* (સેન્ડઝ) મોકલે છે.
Clouds, s. (ક્લાઉડ્ઝ) વાદળાં.
To make grow, *v.* (ટૂ મેક ગ્રો) ઉગાડવાને. [કાલે.
To-morrow, *ad.*(ટૂમૉરો) આવતી
Sun, s. (સન)સુરજ, સૂર્ય. [ળકે છે.
Shines out, *v.* (શાઇન્ઝ આઉટ)ચ-
Blossoms, s. (બ્લૉસમ્ઝ) મોહોરો.
Sweet, *a.* (સ્વીટ) સુગંધી.
Love, *v.* (લવ) ચાહે છે.
Oak, s. (ઓક) ઓક નામનું ઝાડ.
Fir, s. (ફર) ફર નામનું ઝાડ.
Ash, s. (ઍશ) એક જાતનું ઝાડ.
Elm, s. (એલ્મ) એક જાતનું ઝાડ.
Birch, s. (બર્ચ) એક જાતનું ઝાડ.
Beech, s. (બીચ)એક જાતનું ઝાડ.
Branch, s. (બ્રૅન્ચ) ડાંખળી, શાખા.
Trunk, s. (ટ્રંક) થડ.
Root, s. (રૂટ) મુળીઆં.
Bough, s. (બાઉ) ડાળી, ડાખળી.

વરસાદ શું કામનો છે.

(૧) જેવાં વરસાદનાં ટીપાં ઘટ અને ઘણી ઝડપથી પડવાં લાગ્યાં તેવીજ મેરીએ શાર્લિ અને ઍનીને કહ્યું, "નહાસો! નહાસો!," તેઓ સઘળાં ઝાડી આગળ દોડી ગયાં અને એક ઘીચ ઝાડી હેઠળ ભરાઇ ગયાં. નાના શાર્લિએ વરસાદનાં ટીપાં ઝીલવા પોતાનો હાથ લાંબો કર્યો. (૨) બાગમાંનાં ઝાડ અને ફુલો ઉપર મોટાં ટીપાં પડતાં જેવાં ઍનીએ જોયાં તેવીજ તે બોલી, "હું વરસાદને ચાહતી નથી." (૩) તેણીની બેહેન મેરી બોલી, "પણ વરસાદ શા માટે વરસે છે તે તું જાણે છે? આ ઝાપટું ફાયદો કરશે તેથી તે જોઇ મને ખુશી ઉપજે છે." (૪) ઍનીએ પુછ્યું, "વરસાદ જોવાને ખુશી? હું ધારતી નથી કે વરસાદ કોઇને ખુશી કરે. મને વરસાદ કદીબી ગમ્યો નથી." (૫) તેણીની બહેને કહ્યું, "હું ધારૂં છું કે તમને શેબફળ, પેર અને આલુ, અને સુંદર ફુલો ગમે છે." તેણીએ કહ્યું, "અરે હા, દરેક જણને તે ગમે છે. પણ વરસાદ સાથ તેમને શું કામ છે?" (૬) તેણીની બહેને કહ્યું, "વરસાદને તેમની સાથ કાંઇ સંબંધ છે. તે ઝાડો અને ફુલો ઉગાડે છે." (૭) જુઓ, તેઓ વરસાદના ઝાપટાં પછી કેવાં તાજાં થયા છે; અને ફુલો કેવો મીઠો વાસ આપે છે! જો વરસાદ આપણને નહિ મળતે તો, તેઓ સર્વ કરમાઇ જતે. (૮) ઍની આ સઘળું સમજી, અને જોકે તેણીને વારંવાર જણાયું હતું કે વરસાદ તેણીને રમવાથી અટકાવી હતી તોપણ તેણી તે વીશે ફરીથી કદી પણ બબડી નહિ. (૯) વરસાદનાં ટીપાં શું કહે છે તે તમે જાણો છો? હું તમને કહીશ:- વરસાદનાં ટીપાં જે બોલે છે તે "સડ સડ, ટપ ટપ" છે, આજે અમો નાના શાર્લિને રમવા આવવા દેઇશું નહિ. (૧૦) "સડ સડ, ટપ ટપ," અમે સઘળી ગટરો ભરી નાખ્યે છીએ, બારીના કાચનાં તકતા ઉપર અમે ગબડીએ છીએ. અને દીવાલ ઉપર નાચીએ છીએ. (૧૧) જો તમે તમારૂં નાક બહાર કાઢો, તો અમે તે ઉપર પણ કુદીએ છીએ. અને તમારા સુંદર નવા ઝભ્ભા ઉપર ટપકીએ છીએ અને તમને તમામ ભીજવી નાખીએ છીએ. (૧૨) અમારો ખરાબ નાનો શાર્લિ આજે ઘણો ગુસ્સે થયલો છે, તે કહે છે કે "તમે બદસુરત વરસાદના ટીપાં તમે દુર શા માટે રહેતાં નથી." (૧૩) પણ શાર્લિએ ભલા થવું જોઇએ અને આ પ્રમાણે વરસાદનાં ટીપાંને ઠપકો દેવો ન જોઇએ. ફુલો ઉગાડવા માટે વાદલાંમાંથી જે તેમને મોકલે છે તે પરમેશ્વર છે. (૧૪) આવતી કાલે, જ્યારે તેઓ જતાં રહે અને સુર્ય પાછો પ્રકાશી નિકળશે, ત્યારે તે સઘળી તાજી, મીઠાં વાસવાળાં ફુલોની મોહર કહેશે કે તેઓ વરસાદને કેટલી બધી ચાહાય છે.

THE GARDEN SWING.

(ધી ગાર્ડન સ્વિંગ) વાડીનો હીંડોળો અથવા હીંચકો.

Splendid, *a.* (સ્પ્લેન્ડિડ) ભપકાદાર, ઉમદા.
Says, *v.* (સેઝ) કહે છે.
Every, *a.* (એવરિ) દરેક.
Little, *a.* (લિટલ) નાનો.
Boy, *s.* (બૉય) છોકરો.
Who, *pro.* (હૂ) જે.
Looks, *v.* (લુક્સ) જોય છે.
This, *a.* (ધિસ) આ.
Pretty, *a.* (પ્રિટિ) સુંદર.
Picture, *s.* (પિક્ચર) ચિત્ર, છબિ.
Thinks, *v.* (થિંક્સ) વિચારે છે.
Fun, *s.* (ફન) રમુજ.
Good, *a.* (ગુડ) સારા.
Swing, *s.* (સ્વિંગ) હીંચકો.
How nice, (હાઉ નાઇસ) કેવું સુંદર.
Carefully, *ad.* (કેરફુલિ) સંભાળથી.
By which, (બાઇ ઉવિચ) જે વડે.
Girl, *s.* (ગર્લ) છોકરી.
Sees, *v.* (સીઝ) જુએ છે.
Keeps, *v.* (કીપ્સ) રાખે છે.
Sister, *s.* (સિસ્ટર) બ્હેન.
(From) falling, (ફૉલિંગ) પડવાથી.
Large, *a.* (લાર્જ) મોટી.
Seat, *s.* (સીટ) બેઠક.
Holds, *v.* (હોલ્ડઝ) સમાવે છે.
Both, *con.* (બોથ) બન્ને.
Thick, *a.* (થિક) જાડા.
Strong, *a.* (સ્ટ્રૉંગ) મજબુત.
Ropes, *s.* (રોપ્સ) દોરડાં.
Is tied, *v.* (ઇઝ ટાઇડ) બાંધેલો છે.
Branch, *s.* (બ્રૅન્ચ) ડાળી.
Must tell, *v.* (મસ્ટ ટેલ) કહેવું જોઈએ.
Your, *pro.* (યૉર) તુમારૂં.
Body, *s.* (બૉડિ) શરીર.
Their, *pro.* (ધેર) તેઓના.
Father, *s.* (ફાધર) બાપ.
Made, *v.* (મેડ) બનાવ્યું.
When, *ad.* (ઉવ્હેન) જ્યારે.
Ready, *a.* (રેડિ) તૈયાર.
Sat, *v.* (સૅટ) બેઠો.
Himself, *pro.* (હિમસેલ્ફ) પોતે.
Make sure, *v.* (મેક શ્યૉર) ખાત્રી કરવાને.
Safe, *a.* (સેફ) સલામત, બચાવભરેલું.
Biggest, *a.* (બિગેસ્ટ) સૌથી મોટો.
He had ever had, તેને કદી ખાધો હોય.
Life, *s.* (લાઇફ) જીંદગી.
Take fast hold, (ટેક ફાસ્ટ હોલ્ડ) મજબુત પકડવાને.
Up and down, ઉપર અને નીચે.
Had counted *v.* (હૅડ કાઉન્ટેડ) ગણ્યા.
Forty, *s.* (ફૉર્ટિ) ચાલીસ.
Fit, *s.* (ફીટ) પગો.

Did not touch, (ડિડ નૉટ ટચ) લાગ્યા નહિ.
Sometimes, *ad.* (સમટાઇમ્ઝ) કોઇ કોઇ વખત.
Fast, *ad.* (ફાસ્ટ) જલદીથી.
Afraid, *a.* (અફ્રેડ) બીહીતો.
Friends, *s.* (ફ્રેન્ડઝ) દોસ્તો.
Did not fear, (ડિડ નૉટ ફીઅર) બિધો નહિ.
A bit, *s.* (એ બિટ) લગાર પણ.
Flew, *v.* (ફ્લ્યૂ) ઉડતો જતો.
So high, (સો હાઇ) એટલો તો ઉંચે.
Foot, *s.* (ફુટ) પગ.
Because, *con.* (બિકૉઝ) કારણકે.
Was pushing, *v.* (ઉવૉઝ પુશિંગ) આચકો મારતો હતો.
Take care, (ટેક કૅર) સંભાળ લે.
May was three years old, મે ત્રણ વરસની થઇ.
To have her first swing, તેણીનો પેહેલો હીંચકો ખાવાને.
So much, (સો મચ) એટલો બધો.
Than, *con.* (થૅન) કરતાં.
Feels, *v.* (ફીલ્સ) લાગે છે.
Is left to his care, (ઇઝ લેફ્ટ ટુ હિઝ કૅર) તેની સંભાળ હેઠળ મુકવામાં આવે છે.
Afraid, *a.* (અફ્રેડ) બીયેલી.
Seems, *v.* (સીમ્ઝ) દેખાય છે.
So far, (સો ફાર) એટલી તો દુર.
Ground, *s.* (ગ્રાઉંડ) જમીન.
Near, *pre.* (નીઅર) નજદીક.
Slowly, *ad.* (સ્લોલિ) ધિમેથી.
Hardly, *ad.* (હાર્ડલિ) કદાચજ.
Is moving, *v.* (ઇઝ મૂવિંગ) હીલેછે.
Sings, *v.* (સિંગ્સ) ગાય છે.
Down, *ad.* (ડાઉન) નીચે.
High, *ad.* (હાઇ) ઉંચે.
Low, *ad.* (લો) નીચે.
To and fro (ટુ ઍન્ડ ફ્રો) અહીંતહીં.
Pear, *s.* (પૈર) પેર.
Apple, *s* (ઍપ્લ) શેબફળ.
Plum, *s.* (પ્લમ) આલુ.
Peach, *s.* (પીચ) પીચ જાતનું ફળ.
Cherry, *s.* (ચૅરિ) ચેરિ નામનું ઠરીઆવાળું ફળ.
Cherries, *s.* (ચૅરિઝ) ચેરી નામના ઠરીઆવાળાં ફળો.
Orange, *s.* (ઑરેન્જ) નારંગી; સંતરો.
Lemon, *s.* (લેમન) લીંબુ.
Currant, *s.* (કરન્ટ) જીની કાળી દ્રાક્ષ.
Raisin, *s.* (રેઝિન) મોટી લાલ દ્રાક્ષ.

વાડીમાંનો હીંચકો.

(૧) દરેક નાનો છોકરો જે આ સુંદર ચિત્ર તરફ જુએ છે અને એક સારા હીંચકામાં જે રમુજ છે તે વિશે વિચારે છે તે કહે છે કે, (" વાહવા) કેવું સરસ ! " (૨) દરેક નાની છોકરી જ્યારે જુએ છે કે ફ્રેડ પોતાની નાની

બહેનને કેવી સંભાળથી પડતી અટકાવે છે ત્યારે તે કહે છે, કે "કેવું સારૂં!" (૩) જુઓ તે હીંચકાને કેવી સારી અને મોટી બેઠક છે! તે એટલી તો મોટી છે કે તે બેઉ જણને તે સમાવી શકે છે. (૪) જે દોરડાં વડે હીંચકો ઝાડની ડાળી સાથ બાંધયો છે તે દોરડાં કેવાં મજબુત અને જાડાં છે. તમે તે ડાળી જોઇ શકતા નથી, અને તેથી મારે તમને કેહેવું જોઇએ કે તે તમારા શરીર જેવડી જાડી છે. (૫) તેમના બાપે તે હીંચકો બનાવ્યો, અને જ્યારે તે તૈયાર થયો ત્યારે તે સલામતી ભરેલો છે તે વિશે ખાતરી કરવાને તે તેમાં પોતે બેઠો. ત્યાર પછી તેણે ફ્રેડને તેની આખી જીંદગીમાં તેને કદી ખાધો નહિ હોય એવો સૌથી મોટો હીંચકો નાંખ્યો. (૬) દોરડાં મજબુત પકડવા કહીને તેનો બાપ બોલ્યો "એક, બે, ત્રણ" અને જ્યાં સુધી ફ્રેડે ૪૦ (વખત) ગણ્યા ત્યાં સુધી હીંચકો ઉંચે અને નીચે, ઉંચે અને નીચે ચાલ્યા કીધો. (૭) તેના પગ જમીનને લાગ્યા નહિ અને કોઇ વખત હીંચકો ઘણી ઝડપથી જતો, પણ તમે વિચારો છો કે તે બીધો હતો? ના, મારા નાના મિત્રો. (૮) ફ્રેડ જરા પણ બીધો નહિ, વળી જ્યારે હીંચકો એટલો ઉંચે જતો હતો કે તેના પગ ઝાડની ડાળીને લાગતા હતા ત્યારે પણ તે બીહતો નહિ હતો. તે બીધો નહિ, કારણ કે તેનો બાપ હીંચકાને આંચકા મારતો હતો, અને તેની સંભાળ રાખવાને ત્યાં હતો. (૯) જે દહાડે મે ત્રણ વરસની થઇ તે દહાડે ફ્રેડ તેણીને પહેલો હીંચકો ખવાડવા લઈ ગયો. મે કરતાં ફ્રેડ એટલો વધારે મોટો છે કે જ્યારે તેની સંભાળમાં તેણીને મુકવામાં આવે છે ત્યારે મોટા માટીડાની માફક તે પોતાને સમજે છે. (૧૦) મે લગાર બીધેલી છે. બેઠક તેણીને જમીનથી ઘણી દુર જણાય છે. જુઓ, તેણી ફ્રેડની કેટલી પાસેથી બેઠી છે અને દોરડું કેવું ચાંપીને ધર્યું છે. (૧૧) હવે તેઓ હીંચ ખાય છે, પણ કેવાં ધીમેથી–એટલા ધીમેથી કે મેને ભાગ્યેજ લાગી શકે છે કે હીંચકો હાલે છે. (૧૨) જેવાં તેઓ હીંચ ખાય છે, તેવોજ ફ્રેડ ગાય છે–"ઉપર અને હેઠે, ઉંચે અને નીચે, અતરે આપણે અહીં તહીં હીંચ ખાઇએ છિએ!"

A GOOD LITTLE GIRL.

(એ ગુડ લિટલ ગર્લ) એક ભલી નાની છોડી.

Wind, s. (ઉવિંડ) પવન.
Was blowing, *v.* (ઉવૅાઝ બ્લોઇંગ) ફુંકતો હતો.
Very. *ad.* (વેરિ) ઘણો.
Hard, *a.* (હાર્ડ) સખ્ત.
On their way to school, (ઑન ધેર ઉવે ટુ સ્કૂલ) નિશાળે જતાં રસ્તે.
Met, *v.* (મેટ) મળ્યાં.

Old, *a.* (ઓલ્ડ) બુઢો. [શકતો.
Could walk, *v.* (કુડ ઉવૉક) ચાલી
Hardly, *ad.* (હાર્ડલિ) મુશકેલીથી.
Just as, (જસ્ત ઍઝ) જેવા. [ગયા.
Passed, *v.* (પાસ્ડ) આગળથી ચાલી
Blew off, *v.* (બ્લ્યૂ ઑફ) ઉરાડી નાખી.
Hat, *s.* (હૅટ) ટોપી.
Was carried, *v.* (ઉવૉઝ કૅરીડ) ઘસડાઇ ગઈ હતી.
Quickly, *ad.* (કવિકલિ) ઝડપથી.
Street, *s.* (સ્ત્રીટ) રસ્તો, મોહોલો.
Not able, (નૉટ એબલ) અશકત.
Run, *v.* (રન) દોડવું.
After, *pre.* (આફ્ટર) પછવાડે.
Stop, *v.* (સ્ટૉપ) ઉભા રહો.
Please, *v.* (પ્લીઝ) મહેરબાની કરીને.
Pick up, *v.* (પિક અપ) ઉંચકી લો.
Cried, *v.* (ક્રાઇડ) બુમ પાડી, બોલ્યો, કહ્યું.
Stood, *v.* (સ્ટૂડ) ઉભા રહ્યા.
Still, *ad.* (સ્ટિલ) થંભ, શાંત.
Only, *ad.* (ઓન્લિ) માત્ર.
Laughed, *v.* (લાફ્ડ) હસ્યા.
Thought, *v.* (થૉટ) વિચાર્યું.
Fine, *a.* (ફાઇન) સુંદર.
Just then, *ad.* (જસ્ટ ધેન) તરતજ.
Named, *part.* (નેમ્ડ) નામે, નામ-વાળી.
Same, *a.* (સેમ) તેજ.
Came in sight, નજરે પડી, જણાઇ.
Without waiting, (ઉવિધાઉટ ઉવેટીંગ) વાટ જોયા વગર, થોભ્યા વગર.

To be asked, (ટુ બી આસ્કડ) પુછવાને માટે.
At once, *ad.* (ઍટ ઉવન્સ) એકદમ
Caught, *v.* (કૉટ) પકડી.
Brought, *v.* (બ્રૉટ) લાવી.
Back, *ad.* (બૅક) પાછી.
Before giving, (બિફોર ગિવિંગ) આપ્યાની અગાઉ.
Carefully, *ad.*(કૅરફુલિ) સંભાળથી.
Wiped, *v.* (ઉવાઇપ્ડ) લુછી નાખી.
Thank you, (થૅંક યૂ) તમારો આભાર માનું છું.
Took, *v.* (ટૂક) લીધી.
Kindness, *s.* (કાઇંડનેસ) દયા.
Poor, *a.* (પૂઅર) ગરીબ.
Teacher, *s.* (ટીચર) શિક્ષક, મેહેતાજી
Windows, *s.* (ઉવિંડોઝ) બારીઓ.
Lessons, *s.* (લેસન્સ) પાઠો.
Were over, *v.* (ઉવેર ઓવર) ખલાસ થયા, પુરા થયા.
Called, *v.* (કૉલ્ડ) બોલાવ્યા.
Children, *s.* (ચિલ્ડ્રન) છોકરાંઓ
Together, *ad.* (ટુગેધર) એકઠાં, સાથે.
About, *pre.* (અબાઉટ) વિશે.
Desk, *s.* (ડેસ્ક) મેજ.
Picture-book, *s.* (પિકચર-બુક) ચિત્રની ચોપડી.
Inside, *pre.* (ઇન્સાઇડ) માંહે, અંદર.
Book, *s.* (બુક) ચોપડી.
Words, *s.* (ઉવર્ડઝ) શબ્દો, બોલ.
Present, *s.* (પ્રેઝંટ) ઇનામ, ભેટ.
Deeds, *s.* (ડીડ્સ) કામો.

Love, s. (લવ) પ્યાર.
Make, v. (મેક) કરે છે.
Earth, s. (અર્થ) દુન્યા, પૃથ્વી.
Eden, s. (ઇડન) સ્વર્ગ, સુખકારક જગ્યા
Heaven, s. (હેવન) સ્વર્ગ, બેહેસ્ત.
Above, *ad.* (અબવ) ઉપર.
Had laughed at, (હૅડ લાફ્ડ ઍટ) હસ્યા હતા.
Felt, v. (ફેલ્ટ) લાગી.
Shame, s. (શેમ) શરમ.
Sorrow, s. (સૉરો) દલગીરી.
Rose, s. (રોઝ) ગુલાબ.
Pink, s. (પિંક) એક જાતનું ગુલાબી [ફુલ.
Lily, s. (લિલિ) કમળનું ફુલ.
Pansy, s. (પૅન્ઝિ) એક જાતનું વાયોલિટનું ફુલ.
Daisy, s. (ડેઝિ) મોગરાનું ફુલ.
Butter-cup, s. (બટર-કપ) પ્યાલાના આકારનું ચળકતું પીળું ફુલ.
Violet, s. (વાયોલિટ) વાયોલિટ, પાટલનું ફુલ.
Cow-slip, s. (કાઉ-સ્લિપ) ભીનાશ વાળી જગામાં ઉગતો ગુલાબનો છોડ.
Flower, s. (ફ્લાવર) ફુલ.
Blossom, s. (બ્લૉસમ) ફુલ, મોહોર.

એક ભલી નાની છોડી.

(૧) જ્યારે નિશાળે જતા બે છોકરાઓ એક બુઢા માણસ કે જે ઘણી મુશકેલીથી ચાલી શકતો હતો તેને મલ્યા ત્યારે પવન ઘણો જોરથી ફુંકતો હતો. (૨) જેવા તેઓ તેની આગળ થઇને ગયાં કે પવનથી તે બુઢા માણસની ટોપી ઉડી ગઇ. તે ઝડપથી મોહોલામાં ઘણી આગળ નિકળી ગઇ, પણ તે બુઢો માણસ તેની પાછળ દોડવાને શકિતવાન હતો નહિ. (૩) તે બુઢો માણસ બોલ્યો, "મારા છોકરાઓ, મેહેરબાની કરી ઉભા રહો, અને મારી ટોપી ઉંચકી આપો, નહિ તો કે મને ધાસ્તી લાગે છે કે હું તેમ કરવાને શક્તિવાન થઇશ નહિ." (૪) પણ તે છોકરાઓ શાંત ઉભા રહ્યા, અને માત્ર હસ્યા કીધા. તે ટોપી ધસડાઇ જતી જોવામાં સારી રમુજ હતી એવું તેઓએ ધારયું. (૫) તેજ વેળાએ લુસિ સ્મિથ નામની એક નાની છોડી, જેણી તેજ નિશાળે જતી હતી તે નજરે પડી. કહેવાની વાર જોયા વગર તે એકદમ દોડી અને ટોપી ઉંચકી લીધી. (૬) પછી તેણી તે બુઢા માણસ આગળ તે પાછી લાવી પણ તે તેને આપ્યા પહેલાં તેણીએ તે સંભાળથી લુછી નાંખી. (૭) પોતાની ટોપી તેણીની પાસેથી લીધી ત્યારે તે બોલ્યો, "મારી વહાલી, હું તારો ઉપકાર માનું છું. એક ગરીબ બુઢા માણસ ઉપરની તારી મેહેરબાની માટે હું તારો ઉપકાર માનું છું." (૮) છોકરાઓ અને પછી છોડી નિશાળ તરફ આગળ ચાલ્યાં પણ શિક્ષકે તેમને એક બારીએથી જોયાં હતાં. (૯) જ્યારે પાઠ લેવાઇ રહ્યા ત્યારે તેણે છોકરાઓને બેઉ બોલાવ્યા

અને તેમને પેલા ઘરડા માણુસની ટોપી વિશે સઘળું કહ્યું. ત્યાર પછી તે તેની મેજ આગળ ગયો અને તેણે એક સુંદર ચિત્રની ચોપડી બહાર કાઢી જે તેણે પેલી નાની છોડીને તેણીની મહેરબાની માટે આપી. (૧૦) ચોપડીની અંદરની બાજુએ આ શબ્દો હતા:—**લુસિ સ્મિથને તેણીના શિક્ષક તરફથી ભેટ** "દયાના નાનાં કામો અને પ્યારના નાના શબ્દો આ પૃથ્વીને ઉપરના સ્વર્ગની માફક **ઈદનનાં** બાગ જેવી સુખકારક જગા બનાવે છે." (૧૧) જે છોકરાઓ તે ગરીબ બુઢા માણસને હસ્યા હતા તેઓને શરમ અને દલગીરી લાગી.

WASHING DAY.

(ઉવૉશિંગ ડે) ધોવાનો દહાડો.

Called, *part.* (કૉલ્ડ) કહેવાતી.
Lived, *v.* (લિવ્ડ) રેહેતી.
Mother, s. (મધર) મા.
Cottage s. (કૉટેજ) ઝુંપડી.
Country, s. (કન્ટ્રિ) ગામડું.
Were playing, *v.* (ઉવેર પ્લેઈંગ) રમતી હતી.
Dolls, s. (ડૉલ્ઝ) ઢીંગલીઓ.
Busy, *a.* (બિઝિ) કામમાં ગુંતાયલાં.
Talking, *part* (ટૉકિંગ) વાત કરતાં.
Were busy talking, વાત કરવામાં રોકાઇ હતી.
Something, s. (સમથિંગ) કાંઇક [ચીજ.
Let, *v.* (લેટ) દો.
Us, *pro.* (અસ) આપણને.
Ask, *v.* (આસ્ક) પૂછવું.
Let us ask, (લેટ અસ આસ્ક) ચાલો આપણે પુછીએ.
House, s. (હાઉસ) ઘર.
Where, *ad.* (ઉવ્હેર) જ્યાં. [હતી.
Was sewing, (ઉવૉઝ સોઇંગ) સીવતી.

Please, *v.* (પ્લીઝ) મેહેરબાની કરીને.
Do want, *v.* (ડૂ ઉવૉન્ટ) માંગોછો.
Our, *pro.* (અવર) અમારા.
So very, (સો વેરિ) એટલાં બધાં.
Dirty, *a.* (ડર્ટિ) ખરાબ, મેલાં.
Fit, *a.* (ફિટ) લાયક.
May wash, *v.* (મે ઉવૉશ) ધુઓ.
Do not wet, (ડૂ નૉટ ઉવેટ) ભીજવતા નહિ.
Your own, (યૉર ઓન) તમારાં પોતાનાં.
Clothes, s. (ક્લોધ્ઝ) કપડાં.
Kitchen, s. (કિચન્) રાંધણી.
Got, *v.* (ગૉટ) મળ્યો.
Small, *a.* (સ્મૉલ) નાનું.
Tub, s. (ટબ) છાલકું પીપ.
Warm, *a.* (ઉવૉર્મ) ગરમ.
Water, s. (ઉવૉટર) પાણી.
Piece, s. (પીસ) કકડો.
Soap, s. (સોપ) સાબુ.
Drying, *part.* (ડ્રાઇંગ) સુકવવાના.

Green, s. (ગ્રીન) લીલાં ઘાસવાળું મેદાન.
Were taken off, (ઉવેર ટેકન ઑફ) કાઢી નાખવામાં આવ્યા હતા.
Put, v. (પુટ) મુક્યું.
Look, v. (લુક) દીસે છે.
Without, pre. (ઉવિધાઉટ) વગર.
Is lying, v. (ઇઝ લાઇંગ) પડેલુંછે.
Floor, s. (ફ્લૉર) જમીન.
Bench, s. (બેન્ચ) બાજત.
Sits, s. (સિટસ) બેસે છે. [તટાર.
Upright, ad. (અપરાઇટ) સીધી,
Rubbed, v. (રબ્ડ) ચોળ્યા.
Quite, ad. (કવાઇટ) તદ્દન.
Clean, a. (ક્લીન) સાફ.
Hung, v. (હંગ) તાંગ્યા.
Cord, s. (કૉર્ડ) દોરડું.
To dry, v. (ટુ ડ્રાઇ) સુકવવાને.
Were dressed, v. (ઉવેર ડ્રેસ્ડ) કપડાં પેહેરાવવામાં આવ્યાં હતાં.
Again, ad. (અગેન) ફરીથી.
Queens, s. (ક્વિન્સ) રાણીઓ.
Week's, s. (ઉવીકસ) અઠવાડિયાનું.
Work, s. (ઉવર્ક) કામ.
Monday s. (મન્ડે) સોમવાર.
Fair, a. (ફેર) ખુલ્લું, વાદળ વગરનું.
Tuesday, s. (ટયુઝડે) મંગળવાર.
Can iron, v. (કૅન આયર્ન) અસતરી કરી શકું છું.
Although, con. (ઑલધો) જોકે.
It rains, (ઇટ રેન્ઝ) વરસાદ આવેછે.
Snows, v. (સ્નોઝ) બરફ પડે છે.
Wednesday, s. (ઉવેન્ઝડે) બુધવાર.
Mend, v. (મેન્ડ) સમારૂં છું. [હમેશ.
Always, ad. (ઑલઉવેઝ) સદા,
Like, v. (લાઇક) પસંદ કરૂં છું.
Too, ad. (ટૂ) વળી.
Thursday, s. (થર્સડે) ગુરૂવાર.
Receive, v. (રીસીવ) લઉં છું.
Nothing, s. (નથિંગ) કાંઇ નહિ.
Else, a. (એલ્સ) બીજું.
To do, v. (ટુ ડુ) કરવાને.
Then, ad. (ધેન) ત્યાર પછી.
Friday, s. (ફ્રાઇડે) શુકરવાર.
Time, s. (ટાઇમ) વખત.
To clean, v. (ટુ ક્લીન) સાફ કરવાને
To dust, v. (ટુ ડસ્ટ) ધુળ લુછવાને.
Set right, (સેટ રાઇટ) સીધું મુકવું.
Things, s. (થિંગ્સ) ચીજો.
Saturday, s. (સૅટરડે) શનીવાર
Take a walk, (ટેક એ ઉવૉક) ફરવા જાઊં છું.
Put, v. (પૂટ) મુકીએ છીએ.
Sight, s. (સાઇટ) નજર.
Sunday, s. (સનડે)આતવાર, રવીવાર.
Rest, s. (રેસ્ટ) આરામ.
Best, a. (બેસ્ટ) સૌથી ઉત્તમ.
Christmas, s. (ક્રિસ્ટમસ) નાતાલ.

ધોવાનો દહાડો.

(૧) એ નાની છોકરીઓ જેઓને લુસિ અને જેન કરી કહેતા તેઓ ગામડાંમાં એક ઝુંપડાંમાં તેમની મા સાથે રહેતી હતી. (૨) એક દહાડો તેઓ

પોતાની ઢીંગલીઓ સાથે રમતી હતી. તેઓ કાંઇ બાબદ વિશે વાત કરવામાં રોકાઇ હતી, જ્યારે તેઓમાંની એક કહ્યું, "ચાલો આપણે જઇને માને પુછિએ." (૩) તેઓ સાથે ઘરમાં ગઇ, જ્યાં તેમની મા શીવતી હતી, અને લુસિએ કહ્યું, "મા મેહેરબાની કરી કહો, અમે એક ધોવાનો દહાડો લઇએ ?" (૪) તેમની માએ કહ્યું, "ધોવાનો દહાડો ! નાની છોકરીઓને ધોવાના દહાડાની શું જરૂર હોય ?" (૫) જેને કહ્યું, "અરે મેહેરબાની કરી અમને એક લેવા દો, કારણ કે અમારી ઢીંગલીના કપડાં એટલાં બધાં તો મેલાં થયાં છે કે તે જોવા લાયક નથી." (૬) તેમની માએ કહ્યું, "મેલાં, શું તેઓ (મેલાં) થયાં છે ? ત્યારે તે તમે ધુઓ, પણ તમારાં પોતાનાં કપડાં ભીજવતા ના." (૭) તેઓને રાંધણીમાં એક નાનું છાલકું પીપ, થોડુંક ગરમ પાણી અને સાબુનો એક કકડો મળ્યો; ત્યાર પછી તેઓ સુકવવાનાં લીલાં મેદાનમાં બહાર ગયા. (૮) બન્ને ઢીંગલીઓના સઘળાં કપડાં કાઢી નાંખવામાં આવ્યાં હતાં અને પછી છાલકાં પીપમાં મુકવામાં આવ્યાં, વગર કપડે ઢીંગલીઓ કેવી હાસ્યજનક દેખાય છે ! તેમાંની એક બાજટની નીચે જમીન ઉપર પડેલી છે, અને બીજી સામે ઉભી બેઠી છે. (૯) લુસિએ કપડાં ધોયાં અને જ્યાં સુધી તેઓ સાફ થયાં ત્યાં સુધી તેમને ચોળ્યાં, અને જેને તેમને સુકાવા દોરડાં ઉપર ટાંગીયાં. (૧૦) જ્યારે ઢીંગળીઓને તેમનાં સોજાં કપડાં પાછાં પહેરાવ્યાં ત્યારે તેઓ બે નહાની રાણીઓ જેવી દેખાઇ. (૧૧) અહીંઆં એક નહાની છોકરીને માટે એક અઠવાડિયાનું કામ છે;–સોમવારે જ્યારે દહાડો ખુલો હોય છે, ત્યારે હું મેલાં કપડાં ધોઉં છું, જો કે વરસાદ આવે છે કે બરફ પડે છે તો પણ મંગલવારે હું તેમની અસ્તરી કરી શકું છું. (૧૨) બુધવારે હું મારા કપડાં સમારૂં છું, અને મને તેમ કરવા પણ હંમેશાં ગમે છે. ગુરૂવારે હું મારી સહીઓની મુલાકાત લઉં છું–મને કાંઇ બીજું કરવું પડતું નથી. (૧૩) પછી શુક્રવારે સાફ કરવાનો, ધુળ પખોડવાનો અને ચીજોને બરાબર ગોઠવવાનો વખત છે. સનીવારે હું ફરવા જાઉં છું, અને પછી સઘળું કામ નજર આગળથી ખીસાડી નાખું છું. (૧૪) અને આતવાર તે આસાએસનો દિવસ છે, આખા અઠવાડીયામાં તે સર્વથી ઉત્તમ દહાડો છે.

PUSS IN THE GARDEN.

(પુસ ઇન ધી ગાર્ડન.) વાડીમાંની બિલાડી.

Puss, *s.* (પુસ) બિલાડી.
Ah, *inter.* (આહ) અરે.
Lying, *part.* (લાઇંગ) સુતેલી, પડેલી.
Lies, *a.* (લાઇઝ) સુએછે, પડી રહે છે.
Sometimes, *ad.* (સમટાઇમ્સ) કોઇ વેળાએ.
Stays, *v.* (સ્ટેઝ) રહે છે.

For hours, કલાકો સુધી.
At a time, એકી વખતે.
Summer days, s. ઉનાળાના દિવસો.
Hungry, *a.* (હંગ્રિ) ભૂખી.
Slyly, *ad.* (સ્લાઇલિ) છુપી રીતે.
To the end of the garden, વાડીને છેડે.
Watches, *v.* (ઉવૉચીઝ) તપાસે છે.
Sat, *v.* (સૅટ) બેઠો હતો.
Garden seat, s. (ગાર્ડન સીટ) વાડીમાં બેસવાની બેઠક.
Among, *pre.* (અમંગ) વચમાં.
Bushes, s. (બુસીઝ) ઝાડી.
In a little while, થોડા વખતમાં.
Rise, *v.* (રાઇઝ) ઉઠવું.
Place, s. (પ્લેસ) જગા.
Under, *pre.* (અંડર) નીચે, તળે.
Steal away, *v.* (સ્ટીલ અવે) ધીમેથી જવું.
Quietly, *ad.* (ક્વાએટલી) ચુપકીથી.
Walk, s. (ઉવૉક) ચાલવાની જગા, ચાલવાનો રસ્તો.
Crept, *v.* (ક્રેપ્ટ) પેટે ચાલી ગઇ.
Softly, *ad.* (સૉફ્ટલિ) આસતેથી.
Behind, *pre.* (બીહાઇંડ) પછવાડે.
She hid herself, તે પોતે છુપાઇ ગઇ.
Thick, *a.* (થિક) ખીચોખીચ.
Watching, *part.* (ઉવૉચિંગ) તપાસતી, વાર જોતી.
By and by, આસ્તે આસ્તે, થોડી વારમાં.
Flew, *v.* (ફ્લ્યુ) ઉડી આવ્યું.
Grass, s. (ગ્રાસ) ઘાસ.
Hopped, *v.* (હૉપ્ડ) કુદયું.
Quite at its ease, પોતાની મરજી પ્રમાણે.
Out sprang, *v.* (આઉટ સ્પ્રૅંગ) કુદકો માર્યો.
Sly, *a.* (સ્લાઇ) લુચ્ચી.
In her sharp claws, તેના તીક્ષણ પંજામાં.
For once, આ એક વેળા.
Too late, (ટૂ લેટ) ઘણું મોડું.
Soon, *ad.* (સૂન) જલદીથી.
Clapped, *v.* (ક્લૅપ્ડ) તાબડાપાડીઆ
Beyond, *pre.* (બીયૉંડ) પેલી તરફ.
Slyly, *ad.* (સ્લાઇલિ) છુપી રીતે.
Watches, *v.* (ઉવૉચીઝ) તપાસ રાખેછે.
Steal away, *v.* (સ્ટીલ અવે) [ધીમેથી જવું.
Crept, *v.* (ક્રેપ્ટ) પેટે ચાલી ગઇ.
Safe, *a.* (સેફ) સહીસલામત.
Green, *a.* (ગ્રીન) લીલાં.
Fields, s. (ફિલ્ડઝ) ખેતરો.
Beyond, *pre.* (બીયૉંડ) પેલી મેર.
Walls, s. (ઉવૉલ્ઝ) દીવાલો.
Cats, s. (કૅટસ) બિલાડીઓ.
Are made, *v.* (આર મેડ) બનાવેલી છે.
To feed upon, *v.* (ટુ ફીડ અપૉન) ગુજરાન કરવાને.
Animals, s. (ઍનિમલ્ઝ) પ્રાણીઓ.
Beasts, s. (બીસ્ટસ) પશુઓ, હેવાનો.

Prey, s. (પ્રે) શિકાર.
Though, *con.* (થો) જોકે.
Catch, *v.* (કૅચ) પકડે છે.
Mice, s. (માઇસ) ઉંદરો.
Creatures, s. (ક્રીચર્ઝ) પ્રાણીઓ.
Roaring, *part.* (રોરિંગ) ગર્જના કરતો.
Lion, s. (લાયન) સિંહ.
Fierce, *a.* (ફીઅર્સ) વિકાળ, ફાડી ખાનાર.
Tiger, s. (ટાઇગર) વાઘ.
Horse, s. (હૉર્સ) ઘોડો.
Donkey, s. (ડૉંકિ) ગધેડો.
Cow, s. (કાઉ) ગાય.
Calf, s. (કાફ) વાછરડો.
Sheep, s. (શીપ) મેંઢો, ઘેટો.
Lamb, s. (લૅમ્બ) મેંઢાનું બચ્ચું.
Hare, s. (હેર) સસલો.
Rabbit, s. (રૅબિટ) સસલું.
Bear, s. (બેર) રીંછ.
Wolf, s. (ઉલ્ફ) વરૂ.

વાડીમાંની બીલાડી.

(૧) બિલાડી ક્યાં છે? અરે! હું તેણીને જોઉં છું. તેણી બહાર વાડીમાં છે. તમે તેણીને ફુલોની નીચે પડેલી જોતા નથી? (૨) તેણી વારંવાર ત્યાં પડી રહે છે. કોઇ કોઇ વખત તેણી લાંબા, પ્રકાશિત ઉનાળાના દહાડામાં એકકી વેળા કલાકોના કલાક સુધી પડી રહે છે. (૩) જ્યારે તેણી ભુખી થાય છે, ત્યારે તેણી વાડીને છેડે છુપી રીતે જાય છે. ત્યાં તેણી પડી રહે છે અને નાનાં પક્ષીઓને માટે તપાસ રાખે છે. (૪) એક દહાડો, જ્યારે હું બાગમાંની બેઠક ઉપર બેઠેલો હતો ત્યારે કેટલાંક પક્ષીને ઝાડીઓમાં અંદર અને બહાર કુદતાં મેં જોયાં. (૫) થોડા વખતમાં મેં બિલાડીને ફુલો તળેની પોતાની જગાએથી ઉઠતાં અને ગુપચુપ ધીમેથી જતાં જોઇ. (૬) તેણી ચાલવાને રસ્તે ગઇ નહિ, પણ ગુપચુપ ફુલોની પછવાડે અને ઝાડોની નીચે પેટ ચાલીને ગઇ. (૭) જ્યારે તેણી તે જગા આગળ આવી ત્યારે તેણી એક ખીચોખીચ ઝાંડીની નીચે સંતાઇ ગઇ, અને પક્ષીઓની વાર જોતી બેઠી. (૮) તરતજ (થોડી વારમાં) પક્ષીઓમાંનું એક નીચે ઘાસ ઉપર ઉડી આવ્યું અને પોતાની સગવડે આસપાસ અહીં તહીં કુદવા લાગું. (૯) એક પળમાં તે લુચ્ચી બિલાડીએ બહાર કુદકો માર્યો અને મેં ધારયું કે પેલું ગરીબ પક્ષી તેણીના તીક્ષણ પંજામાં પકડાઇ ગયું. (૧૦) પણ આ એકજ વેળા બિલાડીએ એટલું બધું મોડું કીધું, અને જ્યારે મેં તે નાનાં પક્ષીને પોતાના સોબતીઓ સાથે ઉડી જતાં જોયું ત્યારે (તેની) ખુશાલીમાં મેં તાબડા પાડીઆ. (૧૧) વાડીની દીવાલની પેલી મેર લીલોતરીવાળા ખેતરમાં તેઓ સહીસલામત જલદીથી ગયાં. જ્યારે તેઓ ઉડી જાય છે ત્યારે બિલાડીને તેમની તરફ જોતી તમે જુઓ છો? (૧૨) બિલા-

ડીઓને બીજાં પ્રાણીઓ ઉપર ગુજરાન કરવાને પેદા કીધી છે, જોકે તેઓ માત્ર ઉંદર અને નાના પક્ષીઓ પકડે છે, તોપણ તેઓ શિકારી પ્રાણીઓ છે. (૧૩) તમે કોઇ બીજાં પ્રાણીને જાણો છો કે જેઓ શિકારી પશુઓ હોય છે? હા, ગર્જના કરતો સિંહ શિકારી પશુ છે, અને તેમજ ઝનુની વાઘ (પણ) છે.

THE BOY THAT LIKED PLAY.

(ધી બૉય ધૅટ લાઇક્ડ પ્લે)

છોકરો જે રમત પસંદ કરતો હતો.

Fine, *a.* (ફાઇન) સુંદર, ખુલ્લો.
Was sent, *v.* (ઉવૉઝ સેન્ટ) મોકલ્યો હતો.
School, *s.* (સ્કૂલ) નિશાળ.
Mother, *s.* (મધર) મા.
Knew, *v.* (ન્યૂ) જાણ્યું.
Fond, *a* (ફૉન્ડ) શોખીન, શોખિલો.
He was fond of play, તે રમતને ચાહતો હતો.
Play, *s.* (પ્લે) રમત.
Told, *v.* (ટોલ્ડ) કહ્યું.
Sister, *s.* (સિસ્ટર) બહેન.
Go, *v.* (ગો) જવું.
Warm, *a.* (ઉવૉર્મ) ગરમ.
Nicer, *a.* (નાઇસર) વધારે સારૂં.
Play, *s.* (પ્લે) રમવું.
River-side, *s.* (રિવર-સાઇડ) નદીની બાજુ.
Than, *con.* (ધૅન) કરતાં.
Time, *s.* (ટાઇમ) વખત.
Have seen, *v.* (હૅવ સીન) જોયું છે.
After, *ad.* (આફ્ટર) પછી.
After I have seen you to school, તુને નિશાળે મુકી આવ્યા પછી
Must go, *v.* (મસ્ટ ગો) જવું જોઇએ.
Town, *s.* (ટાઉન) શેહેર.
To buy, *v.* (ટૂ બાઇ) ખરીદ કરવાને.
Wool, *s.* (ઉલ) ઉન.
Needles, *s.* (નીડલ્ઝ) સોય.
Lot, *s.* (લૉટ) જથો, મોટી સંખ્યા.
Other, *a.* (અધર) બીજી.
Things, *s.* (થિંગ્ઝ) ચીજો.
Must work, *v.* (મસ્ટ ઉવર્ક) કામ કરવું જોઇએ.
Get, *v.* (ગેટ) મેળવવું.
Money, *s.* (મનિ) પૈસા.
Buy, *v.* (બાઇ) ખરીદવું.
Food, *s.* (ફૂડ) ખોરાક.
Then, *ad.* (ધેન) ત્યાર પછી.
Saw, *v.* (સૉ) જોઇ.
Bee, *s.* (બી) મધમાખી.
Flying, *part.* (ફ્લાઇંગ) ઉડતી.
Should like, *v.* (શુડ લાઇક) ઇચ્છું.
Nothing, *s.* (નથિંગ) કાંઇ નહીં.
Spellings, *s.* (સ્પેલિંગ્ઝ) જોડણીઓ.
To learn, *v.* (ટૂ લર્ન) શિખવું.
Writing, *s.* (રાઇટિંગ) લખવાનું.

Idle, *a.* (આઇડલ) આળસુ. [છે.
Is getting, *v.* (ઇઝ ગેટિંગ) મેળવે
Honey, *s.* (હનિ) મધ.
To lay up, *v.* (ટુ લે અપ) ભરી મુકવાને.
Winter, s. (વિંટર) શિયાળો.
When, *ad.* (વ્હેન) જ્યારે.
Flew away, *v.* (ફ્લ્યુ અવે) ઉડી ગઇ.
In a little, (ઇન એ લિટલ) થોડા વખતમાં.
Heard, *v.* (હર્ડ) સાંભળ્યું.
Singing, *part.* (સિંગિંગ) ગાતાં.
I am sure, (આઇઍમ શ્યૉર) મારી ખાતરી છે.
Stay, *v.* (સ્ટે) રહેવું.
Here, *ad.* (હીઅર) અહીંઆ.
All day, (ઑલ ડે) આખો દહાડો.
Hear, *v.* (હીયર) સાંભળવું.
Sweet, *a.* (સ્વીટ) મધુર.
Song, *s.* (સૉંગ) ગીત, ગાયણ.
Some, *a.* (સમ) કેટલાંક.
Bits, *s.* (બિટસ) ટુકડાઓ, તણખાં.
Straw, *s.* (સ્ટ્રૉ) સુકું ઘાસ.
Now, *ad.* (નાઉ) હવે.
Is taking, *v.* (ઇઝ ટેકિંગ) લે છે.
Nest, *s.* (નેસ્ટ) માળો.
Has to build, (હૅઝ ટુ બિલ્ડ) બાંધવો છે.
Feathers, *s.* (ફેધર્ઝ) પીછાં.
Moss, *s.* (મૉસ) શીલ.
Has no time, (હૅઝ નો ટાઇમ) વખત નથી.
[ગયાં ન હતાં.
Had not gone, (હૅડ નૉટ ગૉન)
Far, *ad.* (ફાર) દુર.
When, *ad.* (વ્હેન) જ્યારે.
Road side, *s.* (રોડ સાઇડ) રસ્તાની બાજુ.
It seems, (ઇટ સીમ્સ) એવું દિસે છે.
For, *con.* (ફૉર) કારણ કે.
Just then, (જસ્ટ ધેન) એટલામાં.
Man, *s.* (મૅન) માણસ.
Gave, *v.* (ગેવ) ફોડી, વગાડી.
Loud, *a.* (લાઉડ) મોટેથી.
Whistle, *s.* (વ્હિસ્લ) સીસોટી.
Started up, *v.* (સ્ટારટેડ અપ) ચોંકી ઉઠયો.
Help, *v.* (હેલ્પ) મદદ કરવી.
Sheep, *s.* (શીપ) મેઢાં, ઘેટાં.
Was driving, *v.* (વૉઝ ડ્રાઇવિંગ) હાંકી જતો હતો.
Still further on,(સ્ટિલ ફરધર ઑન) એથી પણ વધારે આગળ.
Horse, *s.* (હૉર્સ) ઘોડો.
Forward, *ad.* (ફૉરવર્ડ) આગળ.
Took away, *v.* (ટૂક અવે) લઇ ગયો.
Fellow, *s.* (ફેલો) શખસ; દોસ્ત.
Must plough, *v.* (મસ્ટ પ્લાઉ) હળ ખેડવું જોઇએ.
Corn, *s.* (કૉર્ન) અનાજ.
To grind, *v.* (ટુ ગ્રાઇંડ) દળવાને.
Sell, *v.* (સેલ) વેચવું.

Every, *a.* (એવરિ) દરેક.
Beast, *s.* (બીસ્ટ) હેવાન.
Something, *s.* (સમથિંગ)કાંઇચીજ.
Get, *v.* (ગેટ) જાઉં.
Home, *s.* (હોમ) ઘર.
Will let me play, (ઉવિલ લેટ મી પ્લે) મને રમવા દેશે.
Before I go to bed, હું સુવા જાઉં તે અગાઉ.
Saying, *part.* (સેઇંગ) કહીને.
Errands, *s.* (એરંડઝ) કામ કાજે, સદેશાઓ.
Wheat, *s.* (ઉવ્હીટ) ઘઊં. [અનાજ.
Oats, *s.* (ઓટસ) એક જાતનો વેલાતી
Barley, *s.* (બાર્લિ) જવ.
Pea, *s.* (પી) વટાણો.
Bean, *s.* (બીન) શીંગ.
Potato, *s.* (પૉટેટો) બટેટા, પપેટા.
Cabbage, *s.* (કૅબેજ) કોબીજ.
Carrot, *s.* (કૅરટ) ગાજર.
Onion, *s.* (અનિઅન) કદિા.

છોકરો જે રમત પસંદ કરતો હતો.

(૧) ઉન્હાળાના એક સારે દહાડે એક ઘણા ન્હાના છોકરાને તેની માએ નિશાળે મોકલ્યો હતો. પણ તેણી જાણતી હતી કે તેને રમતનો ઘણો શોખ હતો, અને તેથી તેણીએ તેની બહેનને તેની સાથે જવા કહ્યું. (૨) ગરમી ઘણી પડતી હતી, અને તે છોકરાએ પોતાની બહેનને કહ્યું કે નિશાળે જવા કરતાં નદીની બાજુએ તેની સાથ રમવામાં ઘણું વધારે સારૂં થાય. (૩) "ના, ના," તેણીએ કહ્યું "મને રમવાને વખત નથી. તુને નિશાળે મુકી આવ્યા પછી માને વાસ્તે ઉન, સોય, અને બીજી સંખ્યાબંધ ચીજો ખરીદ કરવાને મને શેહેરમાં જવું જોઇએ. તેણીએ અને મારે કામ કરવું જોઇએ અને ખોરાક ખરીદ કરવાને પૈસા મેળવવા જોઇએ." (૪) ત્યાર પછી તે છોકરાએ એક મધમાખીને એક ફુલ ઉપરથી બીજા ઉપર ઉડતાં જોઇ, અને કહ્યું, "હું મધમાખી થવાને પસંદ કરૂં, અને (મને) કાંઇ કરવાનું હોય નહિ—નહિ જોડણી શિખવાની કે નહીં લખવાનું (કામ) કરવાનું." (૫) તેની બહેને કહ્યું, "અરે ! તે મધમાખી કાંઇ આળસુ નથી; શિયાળામાં જ્યારે ફુલો થશે નહિ ત્યારે તે માટે ભરી મુકવાને તેણી મધ આણેછે." અને તે મધમાખી પોતાના મધ સાથે ઉડી ગઇ. (૬) થોડા વખતમાં તેઓએ એક પક્ષીને ગાતાં સાંભળ્યું; અને તે છોકરાએ કહ્યું, "મારી ખાતરી છે કે પક્ષીને કાંઇ કરવાનું નથી. અહીં આખો દહાડો ઝાડની નીચે રહેવાને અને તેનું મધુર ગાયન સાંભળવાને હું પસંદ કરૂં છું." (૭) પણ તેની બહેને કહ્યું, "જુઓ તે પક્ષીએ ઘાસના કેટલાંક તણખલાં ઉંચકી લીધાં છે, અને હવે તે

તેમને પોતાના માળામાં લઈ જાય છે, તેને ઘાસ અને પીછાં અને ચીક વડે માળો બાંધવો છે, અને તેથી તેને આળસુ થવાનો વખત નથી. (૮) તેઓ ઘણે (દુર) ગયાં નહિ એટલામાં તેઓએ રસ્તાની બાજુએ એક કુતરાને દીઠો, અને તે છોકરાએ કહ્યું "હું તે કુતરા સાથ ન રમું ? કારણ કે એવું જણાય છે કે તેને કાંઇ (કામ) કરવાનું નથી." (૯) તેજ વખતે એક માણસે જોરમાં સીસોટી વગાડી. કુતરો એકદમ ચોંકી ઉઠયો, અને જે મેંઢાં ખેતર ભણી હાંકી જતો હતો, તેમાં તેને મદદ કરવા દોડયો. (૧૦) એથી પણ વધારે આગળ તે છોકરાએ એક ઘોડાને જોયો અને કહ્યું, " તેને કાંઇ કરવાનું હોય નહિ, તેથી હું જઇને તેની સાથે રમીશ." પણ જેવો તે આગળ ગયો, તેવોજ એક માણસ તે ઘોડાને લઇ ગયો. (૧૧) એમ તેણે કીધું તે વખતે તેણે તે છોકરાને કહ્યું, " મારા ન્હાના દોસ્ત, મારા ઘોડાએ મારા ખેતરમાં હળ ફેરવવું જોઇએ. મને પૈસા મળે એટલા માટે દળવાને અને વેચવાને માટે મારે અનાજ જોઇએ." (૧૨) ત્યાર પછી જ્યારે તે છોકરાએ જોયું કે દરેક મધમાખ, અને પક્ષી, અને પશુને કાંઇ કામ કરવાનું હોય છે, ત્યારે તેણે પોતાની બહેનને કહ્યું, " ઠીક હવે, હું નિશાળે જઇશ અને મારા પાઠ શિખીશ. " (૧૩) " જ્યારે હું ઘેર જઇશ, ત્યારે હું બિછાના ઉપર સુવા જાઉં તે અગાઉ મા મને બીજા છોકરાઓ સાથે રમવા દેશે." એમ કહીને તે નિશાળે દોડતો ગયો, અને તેની બહેન તેણીના પોતાના કામ કરવા જવા ખુશી થઇ.

THE WOUNDED BIRD.

(ધી ઉન્ડેડ બર્ડ) જખમી થયલું પક્ષી.

Frank, s. (ફ્રૅન્ક) છોકરાનું નામ.
Saved, v. (સેવ્ડ) બચાવી.
Life, s. (લાઇફ) જીંદગી.
Had caught, v. (હૅડ કૅાટ) પકડયું હતું.
As soon as, (ઍઝ સૂન ઍઝ) જેવી–તેવી.
Coming, *part.* (કમિંગ) આવતો.
Dropped, v. (ડ્રૉપ્ડ) નાખી દીધું.
Mouth, s. (માઉથ) મોઢું.
Lay, v. (લે) પડેલું હતું.
Panting, *part.* (પૅન્ટિંગ) હાંફતું.
Ground, s. (ગ્રાઉંડ) જમીન.

Sad, *a.* (સૅડ) દલગીરી ભરેલો.
Sight, s. (સાઇટ) દેખાવ.
Brought, v. (બ્રૉટ) લાવ્યો.
Put, v. (પુટ) મુકયું.
Cage, s. (કેજ) પાંજરૂં.
Happy, *a.* (હૅપિ) સુખી.
Prison home, s. (પ્રિઝન હોમ) કેદખાનાં જેવું ઘર.
Kept, v. (કેપ્ટ) રાખ્યું.
In doors, (ઇન ડૉર્ઝ) ઘરમાં.
Some, *a.* (સમ) કેટલાંક.
Weeks, s. (ઉવીક્સ) અઠવાડિયાં.

Took out, *v.* (ટુક આઉટ) બહાર લઇ ગયા.
Set it free, (સેટ ઇટ ફ્રી) તેને છુટું કરવાને.
Opened, *v.* (ઓપન્ડ) ઉઘાડયું.
Door, *s.* (ડૉર) બારણું.
Stood, *v.* (સ્ટૂડ) ઉભા રહ્યાં.
Distance, *s.* (ડિસ્ટન્સ) તફાવત.
At a little distance, થોડાં દુર.
Pretty, *a.* (પ્રીટિ) સુંદર.
Sight, *s.* (સાઇટ) દેખાવ.
Sat, *v.* (સૅટ) બેઠું.
Flew, *v.* (ફ્લ્યુ) ઉડી ગયું.
Branch, *s.* (બ્રન્ચ) ડાંખલી.
Tree, *s.* (ટ્રી) ઝાડ.
Turned, *v.* (ટર્ન્ડ) ફેરવ્યું.
Head, *s.* (હેડ) માંથું.
As if to say, (ઍઝ ઇફ ટુ સે) જાણે કહેતું હોયની. [સલામ.
Good bye, *s.* (ગૂડ બાઇ) છેલ્લી
Spreading, *part.*(સ્પ્રેડિંગ) પોહોળી કરીને,
Wings, *s.* (ઉવિંગ્ઝ) પાંખો.
Mounted, *v.* (માઉન્ટેડ) ચઢયું.
Air, *s.* (એર) હવા.
Woods, *s.* (ઉડ્ઝ) જંગલ.
About a week after this, આ પછી આસરે એક અઠવાડિયું રહીને.
Were sitting, *v.* (ઉવેર સિટિંગ) બેઠાં હતાં.
Which looked into the garden, જેમાંથી વાડી દેખાતી હતી.
Suddenly, *ad.* (સડન્લિ) એકાએક.
Heard, *v.* (હર્ડ) સાંભળ્યું. [વચ્ચે.
Among, *pre.* (અમંગ) માં. [જોતાં.
Looking out, *part.*(લુકિંગ આઉટ)
On looking out, બહાર જોતાં.
Back, *ad.* (બૅક) પાછો.
Empty, *a.* (એમપ્ટિ) ખાલી.
Let us see, (લેટ અસ સી) ચાલો આપણે જોઇએ.
If, *con.* (ઇફ) જો.
Will know, *v.* (ઉવિલ નો) જાણશે.
Old, *a.* (ઓલ્ડ) જુનું.
Watched, *v.* (ઉવૉચ્ડ) તપાસ્યું.
Helped itself to the food, તે ખોરાક પોતે ખાધો.
Did not wish, (ડિડ નૉટ ઉવિશ) ચાહ્યું નહિ.
To make, *v.* (ટુ મેક) કરવાને.
Prisoner, *s.* (પ્રિઝનર) કેદી.
But, *con.* (બટ) પણ.
To teach, *v.* (ટુ ટીચ) શિખવવાને.
Without fear, (ઉવિધાઉટ ફીઅર) ધાસ્તી વગર.
At any time, (ઍટ ઍનિ ટાઇમ) કોઇભી વખતે.
Was left, *v.* (ઉવૉઝ લેફ્ટ) મુકી રાખ્યું હતું. [મુક્યું.
Glass, *s.* (ગ્લાસ) ગલાસ, કાચનું
By the open door, ઉગાડે દરવાજેથી.
Meals, *s.* (મીલ્સ) ખાણું, ભોજન.
Brought, *v.* (બ્રૉટ) લાવ્યું.
Played, *v.* (પ્લેડ) રમ્યાં.

Hopping, *part.* (હૉપિંગ) કુદતાં.
Eating, *part.* (ઇટિંગ) ખાતાં.
Free, *a.* (ફ્રી) છુટાં.
As they pleased, (ઍઝ ધે પ્લીઝડ) જેમ તેઓની ખુશી પડે તેમ.
Many, *a.* (મૅનિ) ઘણાક.
Sweet, *a.* (સ્વીટ) મધુર.
Song, *s.* (સૉંગ) ગીત.
Sang, *v.* (સૅંગ) ગાયાં.
Long, *a.* (લૉંગ) લાંબા.
Cares for, *v.* (કૅર્ઝ ફૉર) સંભાળ રાખે છે.
Thee, *pro.* (ધી) તુને.
Strong, *a.* (સ્ટ્રૉંગ) મજબુત.
Right, *a.* (રાઇટ) જમણો.
Arm, *a.* (આર્મ) હાથ.
Keeps from harm, (કીપ્સ ફ્રૉમ હાર્મ) ઇજાથી દુર રાખે છે.
Goose, *s.* (ગૂઝ) હંસ.
Geese, *s.* (ગીઝ) હંસો.
Hen, *s.* (હૅન) મરઘી.
Chicken, *s.* (ચિકન) મરઘીનું બચ્ચું.
Swallow, *s.* (સ્વૉલો) ચલિયું, ચકલી.
Sparrow, *s.* (સ્પૅરો) ચલિયું, ચકલી.
Hawk, *s.* (હૉક) સકરો, બાઝ પક્ષી.
Eagle, *s.* (ઇગ્લ) ગરૂડ પક્ષી.
Pea-cock, *s.* (પી કૉક) મોર.
Turkey, *s.* (ટર્કિ) ટર્કી.

જખમી થયલું પક્ષી.

(૧) એક દહાડો એક છોકરો જેનું નામ ફ્રૅન્ક કરીને હતું તેણે એક ગરીબ ન્હાના પક્ષીની જીંદગી બચાવી જેને બિલાડીએ વાડીમાં પકડયું હતું. (૨) જેવી બિલાડીએ ફ્રૅન્કને આવતાં જોયો, તેવીજ તે તરત દોડી ગઇ. તેણે તે પક્ષીને પોતાનાં મોમાંથી નાખી દીધું. (૩) જ્યારે તે જમીન ઉપર હાંફતું પડેલું હતું ત્યારે ફ્રૅન્કે તેને ઉચકી લીધું. ગરીબ બીચારૂં! તેને જોવું એ દલગિરી ભરેલો દેખાવ હતો. (૪) તે તેને ઘરમાં લઇ આવ્યો, અને અમે તેને પાંજરાંમાં મુક્યું, પણ તે પોતાના કેદખાના જેવાં ઘરમાં સુખી જણાયું નહિ. (૫) અમે તેને કેટલાંક અઠવાડિયાં સુધી ઘરમાંજ રાખ્યું, અને પછી એક દહાડો તેને છોડી મુકવાને, અમે તેને વાડીમાં લઇ ગયાં. (૬) અમે પાંજરાંનું બારણું ઉઘાડયું, અને તે પક્ષી શું કરે છે તે જોવાને, તેનાથી થોડેક છેટે ઉભાં. (૭) અરે, તે કેવું સુખી હતું તે જોવું એક સુંદર દેખાવ હતો! તે બારણા આગળ એક પળ સુધી બેઠું અને પછી વાડીમાં એક ઝાડની ડાળી ઉપર ઉડી ગયું. (૮) જાણે સલામ કરતું હોય, તેમ અમારી તરફ તેણે પોતાનું ન્હાનું માથું ફેરવ્યું; અને પછી પોતાની પાંખો ફેલાવીને હવામાં ઉંચે ચઢયું અને જંગલ ભણી ઉડી ગયું. (૯) એની પછી આસરે એક અઠવાડીયે ફ્રૅન્ક અને હું એક બારી આગળ બેઠાં હતાં જે ઉપરથી વાડીમાં દેખાતું હતું. (૧૦) એકાએક ઝાડોની અંદર એક પક્ષીને અમે ગાતાં

